CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ મહા સુદ -૧૩ શનિવાર, તા.૩૧-૦૧-૨૦૨૬ અંક : ૧૭૭ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# રશિયાના વિકલ્પે ભારત હવે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદશે

## અમેરિકાએ ભારતને વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાની મંજૂરી આપવાના સંકેતો આપ્યા



નવી દિલ્હી,

અમેરિકાએ ભારતને વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાની મંજૂરી આપવાના સંકેતો આપ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રની આ પહેલ પાછળનો મુખ્ય હેતુ રશિયા પરની નિર્ભરતા ઘટાડવાનો અને યુક્રેન યુદ્ધ માટે રશિયાને મળતા ભંડોળને રોકવાનો છે. અમેરિકાએ રશિયન તેલ પર લાદેલા ભારે ટેરિફને કારણે ભારત હવે રશિયા પાસેથી તેલની આયાતમાં મોટો ઘટાડો કરવા જઈ રહ્યું છે.જો ભારત અમેરિકાની વાત માને તો તેનો સીધો ફાયદો ટેરિફ ડીલ પર થઈ શકે છે.

યુક્રેન યુદ્ધ બાદ રશિયન તેલનો સૌથી મોટો ખરીદદાર બનેલ ભારત હવે પોતાના આયાત સ્ત્રોતોમાં ફેરફાર કરી રહ્યું છે. જાન્યુઆરીમાં રશિયા પાસેથી તેલની આયાત જે ૧૨ લાખ બેરલ પ્રતિ દિવસ હતી, તે ફેબ્રુઆરીમાં ઘટીને ૧૦ લાખ અને માર્ચમાં ૮ લાખ સુધી નીચે આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભવિષ્યમાં આ આંકડો ૫ થી ૬ લાખ સુધી પણ નીચે જઈ શકે છે. રશિયન તેલ પર અમેરિકાએ લાદેલો ટેરિફ ૫૦% સુધી પહોંચી જતા હવે રશિયાનું તેલ ભારત માટે આર્થિક રીતે સસ્તું રહ્યું નથી.

અમેરિકાની આ નીતિમાં પરિવર્તન પાછળ વેનેઝુએલાની તાજેતરની રાજકીય સ્થિતિ જવાબદાર છે. માર્ચ ૨૦૨૫ માં રાષ્ટ્રપતિ ટ્રમ્પે વેનેઝુએલાના તેલ પર ૨૫% ટેરિફ લગાવ્યો હતો, પરંતુ જાન્યુઆરીમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની અમેરિકી સેના દ્વારા ધરપકડ બાદ વોશિંગ્ટનની નીતિ બદલાઈ છે. હવે અમેરિકા ઈચ્છે છે કે ભારત રશિયાના વિકલ્પે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદે. જોકે, ભારતીય રિફાઈનરોનું માનવું છે કે વેનેઝુએલાના તેલનો મોટો જથ્થો હાલ અમેરિકા તરફ જઈ રહ્યો છે, પરંતુ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જેવી રિફાઈનરીઓ વેનેઝુએલાના હાઈ-સલ્ફર ક્રૂડને પ્રોસેસ કરવા સક્ષમ છે.

ભારતના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પ્રાણ હરદીપ સિંહ પુરીએ પણ તેલ સ્ત્રોતોમાં વિવિધતા લાવવાના સંકેત આપ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ભારત મધ્ય પૂર્વ, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના દેશો પાસેથી ખરીદી વધારી રહ્યું છે. રશિયા પાસેથી આયાત બે વર્ષના સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ છે. આ વ્યૂહાત્મક પગલું માત્ર ભારતની ઉર્જા સુરક્ષા માટે જ નહીં, પરંતુ અમેરિકા સાથેના વ્યાપારિક સંબંધોને મજબૂત કરવા માટે પણ અત્યંત મહત્વનું સાબિત થશે.



અફઘાનિસ્તાનની લોકપ્રિય રમત એટલે બુઝકાશી.આ રમતને જોવા માટે અફઘાન લોકો ટેકરીની ટોચ પર ચડી ગયા છે અને આનંદ માણી રહ્યા છે, જ્યારે મધ્ય એશિયાની પરંપરાગત રમત બુઝકાશી દરમિયાન ઘોડેસવારો સ્પર્ધા કરે છે.

# ભારતે બંગાળની ખાડીમાં નવું બોટમ જાહેર કર્યું: રેન્જમાં ૩૧૯૦ કિલોમીટરનો કર્યો વધારો

### બોટમને અનુલક્ષીને પાંચ અને છ ફેબ્રુઆરી સુધીમાં કોઈ પણ પ્રકારની ઉડાનને પરવાનગી નહીં

નવી દિલ્હી,

ભારતે ફરી એકવાર પાંચ અને છ ફેબ્રુઆરીએ બંગાળની ખાડીમાં નોટમ જાહેર કર્યું છે. મહત્વની વાત છે કે, આ નોટમને ૩૧૯૦ કિમી સુધી વધારી દેવામાં આવ્યું છે.આ પહેલા માત્ર ૨૫૩૦ કિમી સુધી જ હતું, પરંતુ હવે તે વધારીને ૩૧૯૦ કિમી કરી દેવામાં આવ્યું છે. બંગાળની ખાડીમાં આ વિસ્તારને ખાલી કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. એટલે કે, તારીખ પાંચ અને છ ફેબ્રુઆરી સુધીમાં કોઈ પણ પ્રકારની ઉડાનને પરવાનગી આપવામાં આવશે નહી.

ભારત બંગાળની ખાડીમાં ફરી એકવાર એક મહત્વપૂર્ણ મિસાઈલ પરીક્ષણ કરી શકે છે. એટલા માટે નોટમની રેન્જ ૩૧૯૦ કિમી સુધી વધારી દેવામાં આવ્યું છે. નજીકમાં ભવિષ્યમાં કોઈ નવા જુનીના એંધાણ વર્તાઈ રહ્યાં છે. NOTAM જાહેર કરવામાં આવતા ભારત સમુદ્ર આધારિત મિસાઈલનું પરીક્ષણ કરવાની તૈયારી કરી રહ્યું છે, તેવી અટકળો વધી રહી છે. જોકે, મિસાઈલ પરીક્ષણ અંગે સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.સત્તાવાર કોઈ જાણકારી ના આવતા માત્ર અટકળો થઈ રહી છે, જો કે, એ વાત હકીકત છે કે, આ પહેલા ૨૨ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર સુધી બંગાળની ખાડીં ૩૨૪૦ કિમી સુધીનું નોટમ જાહેર કર્યું હતું. પરંતુ અત્યારે શા માટે નોટમ જાહેર કરવામાં આવ્યું? ભારત બંગાળની ખાડીમાં શું કરવાનો પ્લાન બનાવી રહ્યું છે? તે બાબતે કોઈ ચોક્કસ જાણકારી મળી નથી.

વિગતે વાત કરવામાં આવે તો, નોટમ એટલે નોટિસ ટુ એરમેન. આ એક પ્રકારની એવી નોટિસ છે, જેમાં યુદ્ધ કે પછી યુદ્ધ જેવી અસામાન્ય પરિસ્થિતિમાં યુદ્ધાભ્યાસ સમયે જાહેર કરવામાં આવે છે.

# ઈરાને તેના બે મુખ્ય પરમાણું કેન્દ્રો ઉપર છત બનાવી લેતા મિડલ ઈસ્ટમાં ગરમાવો

### સેટેલાઈટ તસવીરમાં થયો ખુલાસો : પરમાણુ શાંતિની વાત વચ્ચે ઈરાન છતની આડમાં ગુપ્ત ગતિવિધિ કરતું હોવાની પશ્ચિમી દેશોએ જતાવી શંકા

તેહરાન,

અમેરિકાના સંભવિત હુમલાને લઈને ઈરાને પણ તૈયારી શરૂ કરી દીધી છે.ઈરાની સૈન્ય યુદ્ધ માટે સજ્જ થયું છે તો બીજી તરફ ઈરાનના સંરક્ષણ ક્ષેત્રોની સુરક્ષા માટે પણ પગલા લેવામાં આવ્યા છે. ઈરાને તેના બે મુખ્ય પરમાણુ કેન્દ્રો ઈસ્ફહાન અને નતાન્ઝમાં નુકસાનગ્રસ્ત માળખાની ઉપર નવું સ્ટ્રક્ચર ઊભું કરી લીધું છે.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધ બાદ મિડલ ઈસ્ટમાં ફરી એકવાર ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્લેનેટ લેબ્સ પીબીસી દ્વારા જારી કરવામાં આવેલી નવી સેટેલાઈટ તસવીરોએ વિશ્વભરની સુરક્ષા એજન્સીઓની ઊંઘ ઉડાવી દીધી છે. આ તસવીરો સૂચવે છે કે ઈરાન તેના પરમાણુ મથકો પર થયેલા હુમલાના પુરાવા છુપાવવા અથવા ગુપ્ત રીતે નવું નિર્માણ કરવા માટે મથી રહ્યું છે.ઈરાનના પરમાણુ મથકો પર જૂન મહિનામાં થયેલા હુમલા બાદ પ્રથમ વખત આટલા મોટા પાયે નિર્માણ કાર્ય જોવા મળ્યું છે. નવા નિર્માણ હેઠળ પ્લાન્ટ્સ પર એવી રીતે છત બનાવવામાં આવી છે કે જેથી સેટેલાઈટ્સ જમીન પર થઈ રહેલી હિલચાલને જોઈ ન શકે. ઈરાને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીના નિરીક્ષકોને પણ પ્રવેશ આપવાની મનાઈ કરી હોવાથી હવે માત્ર રિમોટ મોનિટરિંગ જ દેખરેખનો વિકલ્પ બચ્યો છે.નિષ્ણાતો માને છે કે ઈરાન હુમલામાં બચી ગયેલા સંવેદનશીલ ઉપકરણો અને યુરેનિયમનો જથ્થો દુનિયાની નજરથી બચાવીને બહાર કાઢવા માટે આ નવી છતનો સહારો લઈ રહ્યું છે. નતાન્ઝમાં ડિસેમ્બરમાં નવી છતનું કામ પૂરું કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટમાં ૬૦% સુધી યુરેનિયમ સંવર્ધન થતું હતું. અહીં 'પિકેક્સ માઉન્ટેન' પાસે સતત ખોદકામ પણ જોવા મળ્યું છે, જ્યાં નવી અંડરગ્રાઉન્ડ ફેસિલિટી બની રહી હોવાની શંકા છે.બેલિસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ પર પણ કામ તેજ કર્યું છે. તેહરાન પાસે આવેલા પારચિન સૈન્ય સંકુલમાં 'તાલેઘાન-૨' નામના સ્થળને ફરીથી વિકસાવવામાં આવી રહ્યું છે, જે અગાઉ પરમાણુ વિસ્ફોટક પરીક્ષણો સાથે જોડાયેલું હતું. હવે આ સ્થળને હુમલાઓ સામે વધુ સુરક્ષિત અને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સતત ઈરાન પર પરમાણુ સમજૂતી માટે દબાણ કરી રહ્યા છે. અમેરિકાએ સ્થિતિની ગંભીરતા જોતા એરક્રાફ્ટ કેરિયર યુએસએસ અબ્રાહમ લિંકન અને ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર્સને મિડલ ઈસ્ટમાં તૈનાત કરી દીધા છે. જોકે, ઈરાન હજુ પણ એવો જ દાવો કરી રહ્યું છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ છે, પણ પશ્ચિમી દેશો આ દાવા પર શંકા કરી રહ્યા છે.

# પ. બંગલામાં મેમો ફેક્ટરીના ગોડાઉનમાં આગથી ૨૭ લોકોના મોતની આશંકા

### આગની ઘટના બાદ ૨૭ લોકો લાપત્તા : પોલીસે અત્યાર સુધીમાં ૪ લોકોની ધરપકડ કરી

નાઝીરાબાદ,

પશ્ચિમ બંગાળના નાઝીરાબાદમાં આવેલી મોમો ફેક્ટરીના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૭ લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે મૃતદેહોની ઓળખ કરવી પણ મુશ્કેલ બની ગઈ છે.આ આગમાં બે મોટા ગોડાઉન બળીને ખાખ થઈ ગયા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી જે માનવ અવશેષો મળી આવ્યા છે તે એટલી હદે બળી ગયા છે કે તેમને ઓળખવા અશક્ય છે. અત્યાર સુધીમાં ૨૭ ગુમ થયાની ફરિયાદો મળી છે. ફોરેન્સિક ટીમે ખોપરી અને હાડકાં સહિત ૧૬ નમૂના એકત્ર કર્યા છે, જેની ઓળખ માટે પરિવારના સભ્યોના ડીએનએ સાથે મેચ કરવામાં આવશે.આ ઘટના બાદ પશ્ચિમ બંગાળમાં રાજકીય ગરમાવો આવ્યો છે. ભાજપના નેતા શુભેન્દુ અધિકારીએ નરેન્દ્રપુરમાં વિશાળ રેલી કાઢીને મમતા બેનર્જી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે ઘટનાના પાંચ દિવસ બાદ પણ મુખ્યમંત્રીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી નથી. વધુમાં તેમણે દાવો કર્યો કે આ ગોડાઉનો જળાશયો પૂરીને ગેરકાયદેસર રીતે બનાવવામાં આવ્યા હતા અને તેમાં ફાયર સેફ્ટીના કોઈ નિયમોનું પાલન થતું નહોતું.

વડાપ્રધાન કાર્યાલય (PMO) એ આ દુર્ઘટનાને અત્યંત દુ:ખદ ગણાવી છે. સ્મોદીએ મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ (PMNRF) માંથી મૃતકોના વારસદારોને રૂા.૨ લાખ અને ઈજાગ્રસ્તોને રૂા.૫૦,૦૦૦ ની સહાયની જાહેરાત કરી છે.

આ કેસમાં કાર્યવાહી કરતા બંગાળ પોલીસે અત્યાર સુધીમાં કુલ ૪ લોકોની ધરપકડ કરી છે. શુક્રવારે મોમો ફેક્ટરીના બે સિનિયર અધિકારીઓ, મેનેજર મનોરંજન શીટ અને ડેપ્યુટી મેનેજર રાજા ચક્રવર્તીની ધરપકડ કરવામાં આવી છે. આ પહેલા ગોડાઉનના માલિક અને અન્ય એકની અટકાયત કરવામાં આવી હતી.

# પશ્ચિમ બંગાળમાં ભાજપે આગામી ત્રણ મહિના માટે નવી ચૂંટણી રણનીતિ ઘડી

### મૌન સમયગાળા દરમિયાન બૂથ સંગઠનોને મજબૂત બનાવવા અને માર્ચમાં રાજ્યભરમાં પરિવર્તન યાત્રાઓનું આયોજન કરવાનો સમાવેશ

નવીદિલ્હી,

પશ્ચિમ બંગાળના રાજકારણ માટે આગામી ત્રણ મહિના મહત્વપૂર્ણ બનવાના છે. ભાજપ પંદર વર્ષથી સત્તામાં રહેલા મમતા બેનર્જીને હટાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટીએ આગામી ત્રણ મહિના માટે તેની વ્યૂહરચના અંતિમ સ્વરૂપ આપી દીધું છે. આમાં સંગઠન પર ભાર મૂકવો, રાજ્યભરમાં પરિવર્તન યાત્રાઓનું આયોજન કરવું અને મમતાના વિકલ્પ તરીકે પોતાને રજૂ કરવાનો સમાવેશ થાય છે.

૧૦મા અને ૧૨મા ધોરણની પરીક્ષાઓને કારણે ફેબ્રુઆરી મહિનો પશ્ચિમ બંગાળમાં શાંત સમયગાળો છે. આ મહિના દરમિયાન લાઉડસ્પીકરનો ઉપયોગ પ્રતિબંધિત છે, તેથી મોટી રેલીઓ કે રાજકીય કાર્યક્રમો યોજી શકાતા નથી. ભાજપ આ સમયનો ઉપયોગ પોતાના સંગઠનને મજબૂત બનાવવા માટે કરશે. પક્ષના ચૂંટણી પ્રચારમાં સામેલ એક અગ્રણી નેતાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ફેબ્રુઆરી દરમ્યાન પાર્ટીનું ધ્યાન બૂથ સ્તરે સંગઠનને મજબૂત બનાવવા અને પ્રચારની પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરવા પર રહેશે.રાજ્યમાં મતદાર યાદીઓના ખાસ સુધારા બાદ, ૧૪ ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીઓ પ્રકાશિત થવાનું છે. તેથી, ભાજપ આનું નિરીક્ષણ કરશે અને બૂથ સ્તરે મતદાર યાદીઓની સમીક્ષા કરશે. રાજ્યમાં હાલમાં આશરે ૮૧,૦૦૦ મતદાન મથકો છે. ચૂંટણી પંચે હવે પ્રતિ બૂથ ૧,૨૦૦ થી વધુ મતદારોની મર્યાદા નક્કી કરી છે. પરિણામે, બૂથની સંખ્યા આશરે ૧૦૦,૦૦૦ સુધી વધી શકે છે.

# એપ્સટીન ફાઈલ્સમાં વિશ્વના ટોચના પાવરફુલ લોકો સામે ગંભીર આક્ષેપોથી ખળભળાટ

### એપ્સ્ટીન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ' હેઠળ જાહેર કરવામાં આવેલા આ દસ્તાવેજોમાં ૩૦ લાખથી વધુ પેજ, ૧.૮૦ લાખ તસવીરો અને ૨૦૦૦ વીડિયો ક્લિપ્સ સામેલ

વોશિંગ્ટન

અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા 'એપ્સ્ટીન ફાઈલ્સ'ના અંતિમ અને સૌથી મોટા જથ્થાએ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. આ દસ્તાવેજોમાં અત્યાર સુધીના સૌથી ચોંકાવનારા અને ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

'એપ્સ્ટીન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ' હેઠળ જાહેર કરવામાં આવેલા આ દસ્તાવેજોમાં ૩૦ લાખથી વધુ પેજ, ૧.૮૦ લાખ તસવીરો અને ૨,૦૦૦ વીડિયો ક્લિપ્સ સામેલ છે. આ ફાઈલ્સ જેફ્રી એપ્સ્ટીનના સગીરાઓના યૌન શોષણ અને ટ્રાફિકિંગ નેટવર્કની પોલ ખોલે છે. દસ્તાવેજોમાં એક મહિલાનો ઉલ્લેખ છે જેણે દાવો કર્યો છે કે ૨૫ વર્ષ પહેલા જ્યારે તે ૧૩-૧૪ વર્ષની હતી, ત્યારે ન્યૂ જર્સીમાં ટ્રમ્પ દ્વારા તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.

દસ્તાવેજોમાં એક મહિલાનો ઉલ્લેખ છે જેણે દાવો કર્યો છે કે ૨૫ વર્ષ પહેલા જ્યારે તે ૧૩-૧૪ વર્ષની હતી, ત્યારે ન્યૂ જર્સીમાં ટ્રમ્પ દ્વારા તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.

ટ્રમ્પની પુત્રીનું નામ પણ એક ઈમેલના સંદર્ભમાં સામે આવ્યું છે. જેમાં લખ્યું છે કે જેરેડ કુશનર અને ઈવાન્કા ટ્રમ્પ વિકી વૉર્ડની બુક માટે તૈયાર થઈ રહી છે.

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કનું નામ એપ્સ્ટીનના ટાપુની મુલાકાતોના સંદર્ભમાં નોંધાયેલું છે.બિલ ગેટ્સ સામે રશિયન યુવતીઓ સાથેના સંબંધો અને તેના કારણે થયેલા ગુપ્ત રોગના ગંભીર આક્ષેપો છે.

આ લિસ્ટમાં માત્ર નેતાઓ જ નહીં પરંતુ મનોરંજન અને વિજ્ઞાન જગતના લોકો પણ સામેલ છે. જેમાં માઈકલ જેક્સન, સ્ટીફન હોકિંગ, પ્રિન્સ એન્ડ્રુ, રિચર્ડ બ્રેન્સન, વુડી એલન અને લિયોનાર્ડો ડીકેપ્રિઓ જેવા અનેક મોટા નામોનો ઉલ્લેખ છે. જોકે, ન્યાય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આમાંના ઘણા આક્ષેપો હજુ તપાસ હેઠળ છે અથવા 'ટિપ્સ' સ્વરૂપે મળેલા છે.

CMYK CMYK

# સુરતમાં વેસ્ટેજ કાપડના ગોડાઉનોમાં આગ

## એકલેરા ચોકડી પાસે ૫ કિમી દૂરથી ધુમાડાના ગોટેગોટા દેખાયા



સુરત,

સુરત શહેરના છેવાડે આવેલા એકલેરા ચોકડી પાસે ગઈકાલે(૨૯ જાન્યુઆરી) મોડી રાત્રે આગની એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અંદાજે ૩ વીઘા જેટલા વિશાળ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા વેસ્ટેજ કાપડ (ચીંદી)ના ગોડાઉનોમાં ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. છેલ્લા છ કલાકથી ફાયર વિભાગ આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કરી રહ્યું છે. સબ ફાયર ઓફિસર દીપક બારોટે જણાવ્યું હતું કે, સુરતના ડીંડોલી અને ભેસ્તાન વચ્ચે એકલેરા ચોકડી નજીક આવેલા વેસ્ટેજ કાપડના ગોડાઉનમાં આગની ઘટના મોડી રાત્રે અંદાજે ૩ વાગ્યાની આસપાસ બની હતી. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા ૫ કિલોમીટર દૂરથી પણ સ્પષ્ટ જોઈ શકાતા હતા. ઘટનાની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમો એક્શનમાં આવી હતી. ભેસ્તાન, ડિંડોલી અને સચિન જીઆઈડીસી સહિતના સ્ટેશનો પરથી પથી વધુ ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. છેલ્લા ૬ કલાકથી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ફાયર વિભાગની સમયસૂચકતાને કારણે અંદાજે ૫૦ ટકા જેટલા કાપડના જથ્થાને બચાવી લેવામાં સફળતા મળી છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ફાયર વિભાગ દ્વારા આગ સંપૂર્ણપણે ઠાર્યા બાદ તપાસ હાથ ધરવામાં આવશે.

નોંધનીય છે કે આ ગોડાઉનો ૩ વીઘા જમીનમાં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. અગાઉ પણ પાંડેસરા અને સચિન જીઆઈડીસી જેવા વિસ્તારોમાં આ જ પ્રકારે ગેરકાયદેસર ચીંદીના ગોડાઉનોમાં આગની ઘટનાઓ બની ચૂકી છે, જે તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કરે છે.

# અમદાવાદ : ડ્રગ્સની ૭૯ કેપ્સ્યુલ ગળીને ભારત આવેલી યુગાન્ડાની મહિલા કોર્ટે ૨૦ વર્ષની સજા ફટકારી

## શારજાહથી એર અરેબિયાની ફ્લાઈટ દ્વારા અમદાવાદ આવેલી યુગાન્ડાની નાગરિક મુકાકીબીબી હાનાને એરપોર્ટ પર અટકાવવામાં આવી હતી

અમદાવાદ,

ફેબ્રુઆરી ૨૦૨૨માં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા એક મોટા ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો.ડીઆરઆઈને અગાઉથી મળેલી ચોક્કસ બાતમીના આધારે શારજાહથી એર અરેબિયાની ફ્લાઈટ નંબર ૫૯૪૮૧ દ્વારા અમદાવાદ આવેલી યુગાન્ડાની નાગરિક મુકાકીબીબી હાનાને એરપોર્ટ પર અટકાવવામાં આવી હતી.

મહિલાના સામાનની જ્યારે શરૂઆતમાં તપાસમાં કોઈ વાંધાજનક વસ્તુ મળી નહોતી, પરંતુ શારીરિક તપાસ દરમિયાન તેનું પેટ અસામાન્ય રીતે કઠણ જણાતા અધિકારીઓને શંકા ગઈ હતી. આ શંકાના આધારે વધુ તપાસ કરવામાં આવી હતી, જેમાં મહિલાએ ૭૯ ડ્રગ્સની કેપ્સ્યુલ ગળીને લાવ્યાનું બહાર આવ્યું હતું.

મહિલાની સંમતિ બાદ તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાઈ હતી. ત્યાં એક્સ-રે અને સીટી સ્કેન કરવામાં આવ્યા હતા, જેમાં તેના પેટમાં વિદેશી વસ્તુઓ હોવાની પુષ્ટિ થઈ હતી. તબીબોની સતત દેખરેખ હેઠળ ત્રણ દિવસ સુધી ચાલેલી પ્રક્રિયા બાદ તેના પેટમાંથી કુલ ૭૯ ડ્રગ્સ કેપ્સ્યુલ સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી હતી.

આ કેપ્સ્યુલ્સને ગાંધીનગર સ્થિત એફએસએલમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક તપાસમાં તેમાં રહેલો પાવડર 'હેરોઈન' હોવાનું સાબિત થયું હતું. તમામ ૭૯ કેપ્સ્યુલમાંથી કુલ ૮૬૮ ગ્રામ હેરોઈન મળી આવ્યું હતું, જે એનડીપીએસ કાયદા મુજબ 'કોમર્શિયલ ક્વોન્ટિટી' એટલે કે વ્યાપારી જથ્થામાં આવે છે. આ મામલે ડીઆરઆઈ દ્વારા મુકાકીબીબી હાના સામે એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો અને ત્યારબાદ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

કેસની સુનાવણી દરમિયાન ખાસ સરકારી વકીલ સુધીર ગુપ્તાએ પૂરતા સાક્ષી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરી કોર્ટને જણાવ્યું હતું કે આવા અનેક કિસ્સાઓમાં વિદેશી નાગરિકો દ્વારા ભારતમાં ડ્રગ્સ ઘુસાડવામાં આવી રહી છે, જેના કારણે યુવા ધન નશાના રવાડે ચઢી બરબાદ થઈ રહ્યું છે. બંને પક્ષોની દલીલો બાદ સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે નોંધ્યું હતું કે કેસ ગંભીર છે અને આરોપ સંપૂર્ણ રીતે પુરવાર થાય છે.

# ગુજરાતમાં દેશના પહેલા 'બેરિયર ફ્રી' ટોલ પ્લાઝાનું ૨ ફેબ્રુઆરીથી ટ્રાયલ

## કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના હાઈવે આધુનિકીકરણના વિઝન હેઠળ ગુજરાતમાં દેશની પ્રથમ મલ્ટી-લેન બેરિયર-ફ્રી ટોલ કલેક્શન સિસ્ટમ

અમદાવાદ,

નેશનલ હાઈવે પર મુસાફરી કરનારા વાહનચાલકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના હાઈવે આધુનિકીકરણના વિઝન હેઠળ ગુજરાતમાં દેશની પ્રથમ મલ્ટી-લેન બેરિયર-ફ્રી ટોલ કલેક્શન સિસ્ટમ સાકાર થવા જઈ રહી છે. સુરતના કામરેજ પાસે આવેલા ચોર્યાસી ટોલ પ્લાઝા ખાતે ૨ ફેબ્રુઆરીથી આ હાઈટેક સુવિધાનું ટ્રાયલ શરૂ કરવામાં આવશે.

અત્યાર સુધી ટોલ પ્લાઝા પર વાહનોએ ઉભા રહેવું પડતું હતું અને બેરિયર ખૂલવાની રાહ જોવી પડતી હતી. પરંતુ નવી સિસ્ટમમાં કોઈ પણ પ્રકારના બેરિયર (આડા અવરોધ) હશે નહીં. વાહનો પોતાની સ્પીડ ઘટાડ્યા વગર જ સીધા પસાર થઈ શકશે. આગામી ૧૫ દિવસમાં આ સિસ્ટમ પૂર્ણ રીતે કાર્યરત થઈ જશે.

એનએચએઆઈના જણાવ્યા અનુસાર, આ નવી સિસ્ટમમાં એએનપીઆરટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં હાઈવે પર લાગેલા હાઈ-રિઝોલ્યુશન કેમેરા વાહનની નંબર પ્લેટને આપોઆપ સ્કેન કરશે. આ સ્કેનિંગ થતાની સાથે જ વાહનના ફાસટેગ સાથે જોડાયેલા ખાતામાંથી ટોલની રકમ ઓટોમેટિક ડેબિટ થઈ જશે. આ સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે ટેકનોલોજી આધારિત હોવાથી તેમાં કોઈ પણ પ્રકારની માનવીય દખલગીરીની જરૂર પડશે નહીં

નવા સિસ્ટમથી વાહનચાલકો ૮૦ કિમી/કલાકની ઝડપે ટોલ પ્લાઝા પસાર કરી શકશે. સરકારના અંદાજ મુજબ, આ ટેકનોલોજીથી દેશમાં અંદાજે ૧૫૦૦ કરોડ રૂપિયાના ઈંધણની બચત થશે અને ૬૦૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક પ્રાપ્ત થશે. તાઈવાનની એફઈટીસી એજન્સીના ૨૫ નિષ્ણાતોની ટીમ આ પ્રોજેક્ટ પર સપ્ટેમ્બર મહિનાથી કામ કરી રહી છે.

# મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે જૂનાગઢ ખાતે દેશના સૌથી મોટા ધાર્મિક મેળાનું આયોજન

## જૂનાગઢ ખાતે યોજાનારા ભવનાથ મહાદેવના ઐતિહાસિક મેળાને લઈ રાજ્ય સરકાર દ્વારા વ્યાપક તૈયારીઓ શરૂ



ગાંધીનગર,

આગામી મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે જૂનાગઢ ખાતે યોજાનારા ભવનાથ મહાદેવના ઐતિહાસિક મેળાને લઈ રાજ્ય સરકાર દ્વારા વ્યાપક તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સંતોના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા, જિલ્લા વહીવટીતંત્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોના સંકલનથી દેશના સૌથી મોટા ધાર્મિક મેળાનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવી રહ્યું છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ભવનાથ મહાદેવના દર્શન માટે દર વર્ષે અનેક વર્ષોથી દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. આ વિશાળ જનમેદનીને ધ્યાનમાં રાખીને આ વર્ષે વ્યવસ્થાઓને વધુ મજબૂત અને આધુનિક બનાવવામાં આવી છે. બેઠક દરમિયાન મુખ્યત્વે શ્રદ્ધાળુઓની સુરક્ષા, સુવિધા અને સરળ અવરજવર માટે શું વધુ સારું કરી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું કે, આ વર્ષે મેળાના રૂટમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. રવેડી વિસ્તાર તરફથી અંદાજે ૫૦૦ મીટરનો રૂટ વધારવામાં આવ્યો છે, જેથી ભીડનું સંચાલન સરળ બને અને દર્શનાર્થીઓને કોઈ અસુવિધા ન થાય. આ સાથે સરકાર દ્વારા વધારાની તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

સુરક્ષા વ્યવસ્થાની વાત કરતાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, દર વર્ષે આશરે ૧૬૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવતા હતા, જ્યારે આ વર્ષે સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ૨૯૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે. આ ઉપરાંત, ભીડ વ્યવસ્થાપન અને સેવાકાર્ય માટે ૧૦૦૦થી વધુ વોલન્ટિયરો પણ હાજર રહેશે.

મેળામાં આવનાર સંતો અને ભક્તોની રહેવા-જમવાની વ્યવસ્થાઓ અંગે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આશરે ૩૦૦ જેટલા ઉતારાઓમાં જમવાની સુવ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ, પીવાના પાણીની નવી અને પૂરતી વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે, જેથી કોઈ પણ સમયે પાણીની અછત ન સર્જાય.

# દાહોદ: કતવારા પોલીસે સીટોની આડમાં લઈ જવાતો ૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

દાહોદ,

મધ્યપ્રદેશથી ગુજરાતમાં પ્રવેશ કરતા જ અમદાવાદ ઈન્દોર હાઈવે ઉપર પહેલું જ પોલીસ મથક કતવારા આવે છે. જેને પગલે આંતરરાજ્ય સરહદ નજીક ખંગેલા ચેકપોસ્ટ ઉપર પોલીસની ટીમ તૈનાત હતી અને ગુજરાતમાં પ્રવેશતા વાહનોનું ચેકીંગ કરી રહી હતી. દરમિયાન હરિયાણા પાર્સિંગનું એક કન્ટેનર આવતા તેને અટકાવી 'અંદર શું ભરેલું છે?' તે બાબતે પૂછતા ચાલકે "સીટો ભરેલી છે" તેમ કહી ગોળ ગોળ જવાબ આપતા પોલીસને શંકા ગઈ હતી. કન્ટેનરની તપાસ કરતા બોક્સમાં સીટો ભરેલી હતી તેને હટાવીને નીચે જોયું તો વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી.

પોલીસે બાડમેર જિલ્લાના ઘનારામ ડુગેર અને અણદારામ ડાયલની અટકાયત કરી દારૂના જથ્થાની ગણતરી કરતા ૫૮.૫૩ લાખની કિંમતની ૬૭૫ પેટીઓ મળી આવી હતી પોલીસે ટ્રક સહિત ૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે દારૂ વેચનાર ગાડીમાં ભરાવી આપનાર અને વડોદરા ખાતે દારૂનો જથ્થો મંગાવનાર તેમજ કન્ટેનરની સાથે રહેલા બે ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. જે પૈકી બેની ધરપકડ કરાઈ છે, જ્યારે બાકીના ઈસમોની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# એલપીજીથી સિગારેટ સુધી ફેબ્રુઆરીથી અનેક વસ્તુના ભાવ બદલાશે

## સામાન્ય માણસના ખિસ્સા પર સીધી અસર!




અમદાવાદ,

જાન્યુઆરી સમાપ્ત થવાનો છે અને ફેબ્રુઆરી શરૂ થવાનો છે, અને આ નવો મહિનો સામાન્ય માણસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. દેશનું સામાન્ય બજેટ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રજૂ કરવામાં આવશે, ત્યારે રોજિંદા જીવનને લગતા ઘણા મુખ્ય નિયમોમાં પણ ફેરફારો લાગુ કરવામાં આવશે. આ ફેરફારો તમારા ખિસ્સા, ઘરના ખર્ચ, કર આયોજન, રોકાણો અને દૈનિક જરૂરિયાતોને સીધી અસર કરશે. ગેસ સિલિન્ડરથી લઈને સિગારેટ, ઈંધણથી લઈને બેંકિંગ અને ફાસ્ટેગ સુધી, દરેક ક્ષેત્રમાં થોડો ફેરફાર શક્ય છે. તેથી, એ જાણવું મહત્વપૂર્ણ છે કે ૧ ફેબ્રુઆરીથી કયા ફેરફારો થવાની સંભાવના છે અને તે તમારા જીવનને કેવી અસર કરશે.

દર મહિનાની જેમ, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ નવા એલપીજી સિલિન્ડરના ભાવ જાહેર કરવામાં આવશે. ૧૪ કિલોગ્રામના ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં નોંધપાત્ર ફેરફાર થવાની ધારણા છે. તાજેતરના મહિનાઓમાં, ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં સતત વધઘટ જોવા મળી છે. ૧ જાન્યુઆરીએ દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૪.૫૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો, જેનાથી ભાવ ૧૮૦૪ થયો હતો. હવે, લોકો ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવ પર પણ નજર રાખી રહ્યા છે.

એલપીજીની સાથે એર ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ના નવા ભાવ ૧ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. એટીએફના ભાવમાં ફેરફાર સીધી વિમાન ભાડા પર અસર કરે છે. ગયા મહિને, ૧ જાન્યુઆરીએ, દિલ્હીમાં એટીએફના ભાવમાં આશરે ૭% ઘટાડો કરવામાં આવ્યો હતો. વધુમાં, સીએનજી અને પીએનજીના ભાવમાં પણ ફેરફાર શક્ય છે, જે વાહન ચલાવવા અને ઘરેલુ ગેસના ખર્ચને અસર કરી શકે છે.

૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી તમાકુ ઉત્પાદનો અને પાન મસાલા પર વધારાનો કર લાદવામાં આવી શકે છે. અહેવાલો અનુસાર, સરકારે GST વળતર ઉપકરની જગ્યાએ નવી એક્સાઈઝ ડ્યુટી અને ઉપકર લાગુ કરવાનો નિર્ણય લીધો છે. નવી સિસ્ટમ હેઠળ, GS ઉપરાંત, પાન મસાલા અને તમાકુ ઉત્પાદનો પર આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર લાદવામાં આવશે, જેના કારણે ભાવમાં વધારો થવાની ધારણા છે.

ફાસટેગ વપરાશકર્તાઓ માટેના નિયમો પણ ૧ ફેબ્રુઆરીથી બદલાવાના છે.એનએચએઆઈ અનુસાર, કાર, જીપ અને વાન માટે ફાસટેગ જારી કરવા માટે કેવાયસી ચકાસણી પ્રક્રિયામાં સુધારો કરવામાં આવ્યો છે, જે નવા વપરાશકર્તાઓને રાહત આપી શકે છે. આ ફેરફારને ટોલ સિસ્ટમને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

ફેબ્રુઆરી રજા સાથે શરૂ થાય છે. જો તમારી પાસે બેંક સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કામ હોય, તો પહેલા રજાઓની સૂચિ તપાસવાનું ભૂલશો નહીં. આરબીઆઇ વેબસાઈટ અનુસાર, ફેબ્રુઆરીમાં બેંકો લગભગ ૧૦ દિવસ બંધ રહી શકે છે, જેમાં સાપ્તાહિક રજાઓ અને છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ જેવા પ્રસંગોનો સમાવેશ થાય છે. તેથી, મહત્વપૂર્ણ બેંકિંગ કાર્યો અગાઉથી પૂર્ણ કરવા શ્રેષ્ઠ છે.

# સ્વતંત્રતા કા મંત્ર : વંદે માતરમ' થીમ આધારિત ગુજરાતના ટેબ્લોને પોપ્યુલર ચોઈસ શ્રેણીનો પ્રથમ ક્રમનો એવોર્ડ

## નવી દિલ્હી ખાતે ગુજરાત રાજ્ય વતી મુખ્યમંત્રીના અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર કિશોર બચાણીએ ટ્રોફી સ્વીકારી

## સતત ચાર વર્ષ પોપ્યુલર ચોઈસ એવોર્ડની સાથે વર્ષ ૨૦૨૪માં જ્યુરીઝ્ ચોઈસ એવોર્ડ સાથે ગુજરાતને ચાર વર્ષમાં કુલ ૫ એવોર્ડ એનાયત થયા









ગાંધીનગર,

૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે યોજાયેલી પરેડમાં ગુજરાતના ટેબ્લોને સતત ચોથી વખત 'પોપ્યુલર ચોઈસ કેટેગરી'માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ વિધિવત્ રીતે ટ્રોફી અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે યોજાયેલા પારિતોષિક વિતરણ સમારોહમાં કેન્દ્રિય રાજ્ય રક્ષામંત્રી સંજય સેઠના હસ્તે આપવામાં આવેલી આ ટ્રોફી અને પ્રમાણપત્રનો ગુજરાત રાજ્ય વતી મુખ્યમંત્રીના અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર કિશોર બચાણીએ સ્વીકાર કર્યો હતો.

આ સાથે જ ટેબ્લો નિર્માણની પ્રક્રિયા સમયે રાષ્ટ્રીય રંગશાળા ખાતે યોજાયેલી વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્યોની સ્પર્ધામાં ગુજરાતના નૃત્યને પ્રોત્સાહક ઈનામ પ્રાપ્ત થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ' વિષય આધારિત ચાલુ વર્ષનો ટેબ્લો ગુજરાત સરકારની માહિતી કમિશનર કચેરી દ્વારા નિર્માણ કરવામાં આવ્યો હતો.

માહિતી કમિશનર કિશોર બચાણીના દિશાદર્શન અને અધિક માહિતી નિયામક અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ. સંજય કચોટ અને ફિલ્મ પ્રોડક્શન શાખાના નાયબ માહિતી નિયામક ભાવના વસાવા દ્વારા આ ટેબ્લો નિર્માણની સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ પૂર્વે વર્ષ ૨૦૨૩માં પુનઃપ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલરૂપે રજૂ કરવામાં આવેલા 'ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત' ટેબ્લોને 'પોપ્યુલર ચોઈસ' શ્રેણીમાં એવોર્ડ સાથે શરૂ થયેલી આ વિજય પરંપરાને આગળ વધારતાં વર્ષ ૨૦૨૪માં રજૂ કરવામાં આવેલા ગુજરાતના 'ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ' થીમ આધારિત ટેબ્લોએ 'પોપ્યુલર ચોઈસ' શ્રેણીમાં એવોર્ડની સાથે સાથે ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની 'જ્યુરીઝ્ ચોઈસ' શ્રેણીમાં પણ બીજો ક્રમ મેળવ્યો હતો.

જ્યારે વર્ષ ૨૦૨૫માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તેની વિકાસ ગાથા અને પ્રાચીન વિરાસતની ઝાંખી દર્શાવતો 'આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદ્ભૂત સંગમ' ટેબ્લો 'પોપ્યુલર ચોઈસ એવોર્ડ' જીત્યા બાદ સતત ચોથા વર્ષે આ શ્રેણીમાં વર્ષ ૨૦૨૬ નો આ રાષ્ટ્રીય પુરસ્કાર જીતીને ગુજરાતે ઈતિહાસ સર્જ્યો છે.

# રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પેન્ડિંગ ફાઈલો, વિકાસ કાર્યો અને "સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬" અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ



## પેન્ડિંગ ફાઈલોનો સમયમર્યાદામાં નિકાલ કરવા કડક દિશાનિર્દેશ,ઝોન સ્તરે સ્થળ સમીક્ષા અને નાગરિકો સાથે સીધો સંપર્ક,સ્વચ્છતા : માત્ર એક વિભાગ નહીં, તમામ વિભાગોની સામૂહિક જવાબદારી

રાજકોટઃ

રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા દ્વારા મહાનગરપાલિકાની કાર્યક્ષમતામાં વધુ સુધારો લાવવા, વહીવટી પ્રક્રિયાઓમાં ગતિ લાવવા તથા શહેરના સર્વાંગી વિકાસ અને સ્વચ્છતાને નવી દિશા આપવા હેતુસર ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી, શાખાધિકારીશ્રીઓ તેમજ ત્રણેય ઝોનના વોર્ડ ઓફિસર્સ સાથે વિસ્તૃત રિવ્યુ બેઠક આજે તા.૩૦-૦૧-૨૦૨૬ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજવામાં આવી હતી.આ બેઠકમાં વિવિધ સ્તરે પેન્ડિંગ રહેલી ફાઈલો, આવનાર વર્ષના વિકાસ કાર્યો, આગામી બજેટ આયોજન તથા "સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬" માટેની તૈયારી અંગે વિગતવાર ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી.

રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોમાં નાગરિકો દ્વારા કરવામાં આવતી અરજીઓ અને સેવાઓના ઝડપી અને સમયસર નિકાલ થાય તેમજ સેવાઓના વિલંબને કારણે નાગરિકોને પડતી હાલાકી દુર થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી.મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા દરેક વિભાગના કાર્યોની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી. રાજકોટ મહાનગરપાલિકાના તમામ વિભાગોના વિવિધ સ્તરે રહેલી પેન્ડીંગ ફાઈલોના નિકાલ અંગે સમીક્ષા કરવામાં આવી. આવી તમામ પેન્ડીંગ ફાઈલોનો એક અઠવાડિયામાં ફરજિયાત નિકાલ કરવાની સ્પષ્ટ સુચના આપવામાં આવી.વોર્ડ ઓફિસરશ્રીઓને ત્રણ દિવસમાં વોર્ડ સ્તરે સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ સાથે સંકલન કરી પેન્ડીંગ ફાઈલોનો નિકાલ કરવા જવાબદારી આપવામાં આવી. તમામ પાંચ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને એક અઠવાડિયામાં પોતાના ઝોન અને ફાળવેલા વિભાગોની પેન્ડીંગ ફાઈલોના નિરાકરણ અંગે સુચના આપી હતી. એક અઠવાડિયા બાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી ઝોન લેવલે પેન્ડીંગ ફાઈલોના નિકાલ અંગે રીવ્યુ લેશે.

આ ઉપરાંત તમામ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ સાથે સંકલન કરી ફાઈલોના સમયસર નિકાલ તેમજ ફાઈલ ટ્રેકિંગની વ્યવસ્થા કરવા માટે ૪૮ કલાકમાં એક્શન પ્લાન તૈયાર કરી મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ રજુ કરવા સુચના આપવામાં આવી.નિયત સમયમર્યાદા કરતાં વધુ સમય સુધી પેન્ડિંગ રહેલી ફાઈલો અંગે જવાબદારી નક્કી કરી સંબંધિત શાખાધિકારીઓને ઝડપી અને ગુણવત્તાપૂર્ણ નિકાલ માટે તાકીદ કરવામાં આવી. આ ઉપરાંત, દરેક વિભાગે પોતાની પેન્ડિંગ ફાઈલોનું શાખા વાઈઝ સાપ્તાહિક રિવ્યુ કરી નિકાલ અંગેના પગલાં લેવાની અને તેની માહિતી ઉચ્ચ અધિકારીઓને રજૂ કરવાની સૂચના આપવામાં આવી.

તમામ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા સંલગ્ન અધિકારીઓને તેમના-તેમના ઝોનમાં પ્રગતિ હેઠળના વિકાસ કાર્યોની રૂબરૂ સ્થળ સમીક્ષા કરવાની ફરજિયાત સૂચના આપવામાં આવી. રાજકોટ મહાનગરપાલિકાની હેલ્પલાઈન નંબર-૧૫૫૩૦૪, વોટ્સએપ ચેટબોટ અને વેબસાઈટ પર નોંધાયેલી ફરિયાદોમાંથી દસ ફરિયાદો રેન્ડમ ચેક કરી તેની સ્થળ તપાસ કરવા અને નાગરિકો સાથે જનસંવાદ કરી સ્થળ પર ફરિયાદોના નિકાલની ખરાઈ કરી નિરાકરણ લાવવા, ત્રણેય ઝોનના નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી અને વોર્ડ ઓફિસર્સને આદેશ આપવામાં આવ્યો.

આગામી વર્ષના બજેટ આયોજનને અનુલક્ષીને, શહેરમાં હાલ ચાલી રહેલા તથા બાકી રહેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરી, સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરવા પર મ્યુનિસિપલ કમિશનરશ્રીએ વિશેષ ભાર મુક્યો હતો.બેઠકમાં સ્વચ્છતા વિષયને મુખ્ય એજન્ડા તરીકે લેવામાં આવ્યો. ગયા વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં રાજકોટ શહેરે ૩૭મા ક્રમેથી નોંધપાત્ર પ્રગતિ કરી ૧૯મા ક્રમે સ્થાન મેળવ્યું છે, તે બાબતનું વિશેષ ઉલ્લેખ કરી આ પ્રગતિને આગળ વધારવા અને "સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬"માં રાજકોટ શહેરને અગ્રેસર શહેર તરીકે સ્થાન અપાવવા આગામી ૪૮ કલાકમાં ઝોન લેવલે સ્વચ્છ સર્વેક્ષણની માર્ગદર્શિકા અનુસાર નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીને સંબંધિત અધિકારીઓ સાથે સંકલન કરી "એક્શન પ્લાન" બનાવી નક્કર કામગીરીનું આયોજન કરી મ્યુનિસિપલ કમિશનરશ્રી સમક્ષ રજુ કરવા જણાવવામાં આવ્યું. સ્વચ્છતા સંબંધી નાગરિકોના પ્રશ્નો, ફરિયાદો અને સૂચનોને સ્થળ પર સમજી તેના ઝડપી નિકાલ માટે અધિકારીઓને દૈનિક બે કલાક સેનિટેશન રીવ્યુ માટે ફરજીયાત ફેરણી (ફીલ્ડ વિઝિટ) કરવા જણાવાયું. ફેરણી (ફીલ્ડ વિઝીટ) અંગેની કામગીરીના દૈનિક જીઓટેગ સાથેના અહેવાલ મ્યુનિસિપલ કમિશનરશ્રીને આપવા અંગે સુચના આપવામાં આવી.

વધુમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન કામગીરીમાં કોઈપણ ઘર, મહોલ્લા, શેરીઓ બાકી ન રહી જાય અને રાજકોટ શહેરમાં "વિઝીબલ ક્લીન્લીનેસ" (વાસ્તવિક સ્વચ્છતા) માટે કામગીરી થાય તે અંગે ભાર મુકવામાં આવ્યો. "સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬" જનભાગીદારી અન્વયે નાગરિકોના પ્રતિભાવ અને ફીડબેકમાં સંપૂર્ણ માર્ક્સ પ્રાપ્ત થાય તે દિશામાં કામગીરી કરવા સુચના આપી હતી.

સ્વચ્છતાની જવાબદારી માત્ર સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ પૂરતી મર્યાદિત ન રાખતા, મહાનગરપાલિકાના તમામ વિભાગોને "સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬" અંતર્ગત જવાબદારી નક્કી કરી કાર્ય કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી.આ સંદર્ભે તમામ વિભાગોની ભૂમિકા, કામગીરી અને જવાબદારીઓ નિર્ધારિત કરતો વિસ્તૃત ઓર્ડર આગામી બે દિવસમાં જાહેર કરવામાં આવશે, તેવી જાણ કરવામાં આવી.

બેઠકમાં ત્રણેય ઝોનના વોર્ડ ઓફિસર્સને પેન્ડિંગ ફાઈલોના નિકાલ તેમજ "સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૬" માટે વોર્ડ વાઈઝ નોડલ અધિકારી તરીકે જવાબદારી સોંપવામાં આવી. વોર્ડ સ્તરે સ્વચ્છતા સર્વેક્ષણની માર્ગદર્શિકા મુજબ નીચે મુજબની કામગીરી પર ખાસ દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવીઃ

નિયમિત અને અસરકારક સ્વચ્છતા કામગીરી, બ્યુટીફિકેશન અને શહેરી સૌંદર્યીકરણ, ન્યૂસન્સ પોઈન્ટ્સની ઓળખ અને નિકાલ,ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન અને કચરાનું સેગ્રીગેશન, વિઝિબલ ક્લીનલીનેસ જાળવવી,નાગરિકોના પ્રતિસાદ (પબ્લિક ફીડબેક) એકત્રિત કરવો, સમગ્ર વર્ષ દરમિયાન IEC (Infromation, Education & Communication) પ્રવૃત્તિઓનું આયોજન અને અમલ

# ગ્રંથાલય ભારતી દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે યોજાયેલનિબંધ સ્પર્ધાનું પરિણામ જાહેર

રાજકોટ:રાષ્ટ્રીય સંસ્થા " ગ્રંથાલય ભારતી" વિવિધ ઉદ્દેશ્યો સાથે કાર્ય કરી રહેલ છે. વર્તમાન સમયમાં લોકોમાં લેખન અને વાંચન અભિરુચિનું સંરક્ષણ અને સંવર્ધન થાય તેમજ લોકો ગ્રંથાલય તરફ અભિમુખ બને તેવા હેતુથી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ" ની ઉજવણી કરવામાં આવેલી હતી. આ નિમિત્તે વાચકોના વિવિધ ચાર વિભાગોમાં ૧૨ વિષયો ઉપર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિબંધ સ્પર્ધાના સ્પર્ધકોમાં ૫૬૭ બહેનો અને ૧૮૩ ભાઈઓ કુલ મળીને ૭૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ નિબંધ સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું,જેમાં સૌથી વધુ ૭૮.૩૮ ટકા બહેનો વિજેતા થયા છે. વિષયવાર પરિણામ નીચે મુજબ જાહેર થયું.

૧. શાળા વિભાગઃ(૧) જળ બચાવો, જીવન બચાવોઃ પ્રથમઃ ઉષાબા મહેન્દ્રસિંહ જાડેજા, લાકડિયા-ભચાઉ. દ્વિતીયઃ માહી લલિતભાઈ ધાડિયા, ગોંડલ,તૃતીયઃ કુશ ભાવેશભાઈ જાવિયા , રાજકોટ.(૨) પર્યાવરણ અનુરૂપ મારું ઘરઃ પ્રથમઃ કિંજલ વિનોદભાઈ લાઠીયા, રાજકોટદ્વિતીયઃ માહિર કિરણકુમાર પંજાબી, જૂનાગઢ.તૃતીયઃ વિધિ દિનેશભાઈ સાવલિયા,ગોંડલ.(૩) સ્વદેશી રાષ્ટ્રનો પ્રાણ પ્રથમઃ ધૈર્ય સી. પારેખ, રાજકોટ. દ્વિતીયઃ જીનલ રાધુભાઈ વિરડા. ગળપાદર, ગાંધીધામ.તૃતીયઃ પ્રાચી સુષ્યંતભાઈ વાડકર, સુરત. અને કૃપાલી રમેશભાઈ ધ્રાગડા, રાજકોટ. ૨. મહાવિદ્યાલય વિભાગઃ(૪) સામાજિક સમરસતા દ્વારા રાષ્ટ્ર નિર્માણ :પ્રથમઃ હરિતા ભાવેશભાઈ ચાવડા, ધ્રોલ. દ્વિતીયઃ ડિમ્પલ જગદીશભાઈ ચાવડા, મોરબી.તૃતીયઃ મહેક કાનાભાઈ સિંધવ, જામનગર.(૫) ભારતના વિકાસમાં યુવાનોનું યોગદાનઃ પ્રથમઃ દ્રષ્ટિ કૌશિકભાઈ બાવરવા, મોરબી. દ્વિતીયઃ બંસી ધનજીભાઈ પોશીયા, જૂનાગઢ. તૃતીયઃ ભાવના ઠાકરશીભાઈ હડિયલ, મોરબી. (૬) સ્વદેશી દ્વારા આર્થિક વિકાસઃ પ્રથમઃ ફ્લોરા એ. જાટીયા,જૂનાગઢ.દ્વિતીયઃ હર્ષ ધર્મેન્દ્રભાઈ રાજપૂત, મહેસાણા.તૃતીયઃ રિયા જાગીયાણી, જામનગર. ૩. મુક્ત વિભાગઃ (૭) આપણાં ઉત્સવો અને સામાજિક સમરસતાઃ પ્રથમઃ પ્રોફે. પૂર્વી ચંદ્રકાંત પટેલ, જામનગર. દ્વિતીયઃ નિધિ છગનભાઈ હળવદિયા, લખતર.તૃતીયઃ કેશવી ભવદીપભાઈ ઠાકર, રાજકોટ. અને પ્રોફે. નિરાલી અનિલભાઈ ઓઝા. (૮) ભારતીય સંસ્કૃતિને આધુનિક યુગના પડકારોઃ પ્રથમઃ ડૉ. મલય દિનેશભાઈ પાઠક, રાજકોટ. દ્વિતીયઃ પ્રોફે. કિશોર રતિલાલ ટંડેલ, નવસારી.તૃતીયઃ આકાંક્ષા ખેરીવાલ , જૂનાગઢ. (૯) સ્વદેશીઃ રાષ્ટ્રીયતાનું પ્રતીકઃ પ્રથમઃ દિનેશ એલ. જોષીપુરા, જૂનાગઢ.દ્વિતીયઃ ભરત એલ. મોઢવાડિયા, રાજકોટ.તૃતીયઃ મીનાબેન અમરશીભાઈ સરીયા, દેવસર, ચોટીલા ૪. ગ્રંથાલય વિજ્ઞાન અને ગ્રંથાલય કર્મચારી વિભાગ. (૧૦) ગ્રંથાલય દ્વારા કારકીર્દિ ઘડતરઃપ્રથમ :શ્વેતા પ્રદીપકુમાર સોલંકી, રાજકોટ.(૧૧) સાંપ્રત સમયમાં ગ્રંથપાલની ભૂમિકાઃ પ્રથમઃ હેમાંગી માઢક, રાજકોટ.દ્વિતીયઃ ડૉ. ધવલ પટેલ, સિંઝોલ-ગોધરા.તૃતીયઃ પારુલ જયકુમાર ક્રિશ્ચિયન , રાજકોટ. (૧૨) ગ્રંથાલયઃ વિવિધ જ્ઞાન પ્રવૃત્તિનું કેન્દ્રઃપ્રથમઃ શ્રીમતી હિના મયંકભાઈ પંડ્યા, જૂનાગઢ. દ્વિતીયઃ વૈભવી મહેશ વિંછી, રાજકોટ. તૃતીયઃ સોનલ ગોરધનભાઈ ગોહેલ, જૂનાગઢ અને ભાવના એન. વ્યાસ, લખતર. તમામ વિજેતા સ્પર્ધકોને શિલ્ડ અને પ્રમાણપત્રથી અભિવાદન કરવાનો કાર્યક્રમ ફેબ્રુઆરી માસના બીજા સપ્તાહમાં યોજવામાં આવશે.

વધુ માહિતી માટે પ્રાંત સંયોજક, શ્રી દિલીપભાઈ જે. ભટ્ટ નો મોબાઈલ નંબર ૯૪૨૭૨ ૦૦૫૭૧ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે.

# કેવલમ આવાસ ક્વાર્ટરમાંથી દારૂની ૨૮૮ બોટલ ઝડપાઈ, બુટલેગર ફરાર

રાજકોટ:કેવલમ આવાસ ક્વાર્ટરમાંથી દારૂની ૨૮૮ બોટલ યુની. પોલીસે પકડી પાડી રૂા.૮૬ હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો. જ્યારે મકાન માલીક અરબાજ શેખ નાસી છૂટતાં તેની શોધખોળ હાથ ધરી છે.શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડિસીપી રાકેશ દેસાઈ દ્વારા દારૂ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ નાબુદ કરવાની આપેલ સુચનાથી યુની. પોલીસ મથકના પીઆઈ એચ.એન.પટેલની રાહબરીમાં પીએસઆઈ વી.જી.ડોડીયા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા અને પ્રાદીત્યસિંહ ઝાલાને કેવલમ આવાસ કવાટરમા રહેતો શખ્સ અરબાજ જાકીરભાઈ શેખ પોતાના ક્વાર્ટરમાં દારૂનો જથ્થો રાખી વેંચાણ કરે છે.તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે કેવલમ રેસીડેન્સીની સામે આર.એમ.સી. આવાસ યોજના કવાટર નં.૧૭૯૩માં દરોડો પાડી વિદેશી દારૂની ૨૮૮ બોટલ રૂ.૮૬૪૦૦ ના મુદામાલ કબ્જે કર્યો હતો. જ્યારે મકાન માલીક અરબાજ જાકીર શેખ મળી ન આવતાં તેની શોધખોળ હાથ ધરી છે.

## સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહ અંતર્ગત

# ફાયર અને સેફ્ટી, પ્રાથમિક સારવાર અને આપત્તિ અંગે તાલિમો આપવામા આવી



રાજકોટ:સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહ અંતર્ગત ફાયર એન્ડ સેફ્ટી પ્રાથમિક સારવાર અને ડિઝાસ્ટર આપત્તિઓ અંગે તાલીમો આપવામાં આવી હતી રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સતામંડળ ગાંધીધામ નગરના ઉપક્રમે શાળા સલામતી સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં રોજ પાંચ શાળાઓમાં અલગ અલગ ડેમોટેશન તાલીમો આપવામાં આવે છે. આ તાલીમમાં ફાયર વિભાગ દ્વારા ફાયર સેફ્ટી ડેમોટેશન તાલીમ અને ઇન્ડિયન ટેસ્ટ ક્રોસ દ્વારા પ્રાથમિક સારવાર અંગે તાલીમ અને આગાખાન એન્જીવો દ્વારા આપત્તિઓ અને રિડક્શન અંગે તાલીમમાં આપવામાં આવે છે

તારીખઃ૨૭/૦૧/૨૦૨૬ના રોજ શ્રી કિશોરસિંહજી પ્રાથમિક શાળા નંબર-૦૧, શ્રી બાવાજી રાજ પ્રાથમિક શાળા નંબર-૪, શ્રી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર-૮, શ્રી મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નંબર-૧૧ અને શ્રી લાલ બહાદુર પ્રાથમિક શાળા નંબર-૧૪માં ફાયર એન્ડ સેફટી તાલીમ અને એસટીન્ગ્યુસર દ્વારા ડેમોટેશન કરીને તાલીમમાં આપવામાં આવી હતી તથા શાળામાં લગાવેલ ફાયર સિસ્ટમનો કઈ રીતે ઉપયોગ કરવો તેની સમજૂતી આપવામાં આવી હતી અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા પ્રાથમિક સારવાર, સી.પી.આર, અકસ્માત સમયે જોખમી હાલતમાં શું કરવું અને શું ન કરવું જેવી બાબતો અંગે ડેમોટેશન કરીને તાલીમો આપવામાં આવી હતી. આગાખાન હેબિટ્સ ફોર ઈન્ડિયા એજન્સી દ્વારા ભૂકંપ ચૂનામી,વાવાઝોડું,પૂર જેવી આપત્તિઓ અંગે સમજૂતી આપવામા આવી હતી તથા આપત્તિ આવે ત્યારે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું એ અને કયા પગલાં લેવા જેની ડેમોટેશન દ્વારા સમજૂતી આપવામાં આવી હતી.


આગામી બે દિવસ અન્ય ૧૦ શાળાઓમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તાલીમો આપવામાં આવશે તથા અન્ય શાળાઓમાં ચિત્ર સ્પર્ધા વકૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવશે અને શાળા સલામતી સપ્તાહ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં આપત્તિઓ વિશે જાગૃતતા આવે અને કોઈ અકસ્માતના સમયે કયા પગલાંઓ લેવા તેની સમજૂતી કેળવાશે.

# પતિ લફરાબાજ અને સાસુ રૂમમાં પુરી રાખતા પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કર્યો'તો

રાજકોટ:કોઠારીયા રોડ પર ઓમ રેસિડેન્સીમાં રહેતી પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લીધાન બનાવમાં નવો ઘટસ્ફોટ થયો હતો. પરણીતાએ પતિ અને સાસુના ત્રાસથી કંટાળી આ પગલું ભરી લીધું હોય જે અંગે મૃતકના ભાઈની ફરિયાદ કરતી આજીડેમ પોલીસે બંને સામે આપઘાતની ફરજ પાડવા અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.બનાવ અંગે મૂળ ચોટીલાના ચિરોડા ગામના વતની અને હાલ રાજકોટમાં નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર અટલ સરોવરની સામે ગોકુલ પાર્ટી પ્લોટની બાજુમાં રહેતા અનિલભાઈ રતાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૦) એ આજીડેમ પોલીસ સ્ટેશનમાં તેમના બનેવી રાજદીપ રતિલાલ જતાપરા અને બહેનના સાસુ ભાનુબેન (રહે. બંને ઓમ રેસિડેન્સી, બીલીપત્ર પાર્ટી પ્લોટની સામે, કોઠારીયા રોડ) વિરુદ્ધ આપઘાતની ફરજ પાડવા અંગે ફરિયાદ નોંધાવી છે.વધુમાં યુવાને જણાવ્યું હતું કે, તેમને ચાર બહેન એક ભાઈનો પરિવાર છે. જેમાં નાની બહેન ગુડ્ડીના લગ્ન તા. ૪/૩/૨૦૨૪ ના રાજદીપ જતાપરા સાથે થયા હતા. ગત તા.૩/૯/૨૦૨૫ ના સવારના ૯:૩૦ વાગ્યા આસપાસ બનેવી રાજદીપનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તમારી બહેન રૂમનો દરવાજો ખોલતા નથી તમે તેને ફોન કરી કહો કે રૂમનો દરવાજો ખોલે.જેથી ફરિયાદીએ બહેનને ફોન કર્યો હતો પરંતુ તે ફોન ઉપાડતા ન હોય બાદમાં દરવાજો તોડી નાખ્યો હતો અને જાણ થઈ હતી કે ગુડ્ડીબેને ઝેરી દવા પી લીધી છે. બાદમાં ૧૦૮ ને જાણ કરતા તેમણે અહીં આવી જોઈ તપાસી પરિણીતાને મૃત જાહેર કર્યા હતા.ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે, તેમના બહેન ગુડ્ડી બેનને લગ્ન થયા બાદ થોડો સમય પછી જ સાસુ ભાનુબેન જતાપરા ઘરકામ બાબતે અવારનવાર મેણાટોણામારતા હતા અને તેને એક જ રૂમમાં પૂરીને રાખતા હતા, સમયસર જમવાનું પણ આપતા ન હતા. ઉપરાંત પતિ રાજદીપને કોઈ અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ હોય અને આ બાબતે પત્ની તેને કંઈ પણ કહે તો તેના પર ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરતો હતો.આમ પતિ અને સાસુ શારીરિક માનસિક ત્રાસ આપતા હોય જે બાબતની જાણ તેણે માવતરે માતા-પિતાને અવારનવાર કરી હતી પરંતુ ઘરના સભ્યો તેને સમજાવીને મોકલી દેતા હતા. અંતે ગુડ્ડીબેનથી આ ત્રાસ સહન ન થતાં તેમણે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

# રિઝર્વ બેન્કે નવી નોટ મોકલાવી ,બેંકોમાં ૧૦-૨૦ની કડકડતી નવી નોટો માટે લાઈનો

રાજકોટ:દિવાળી નવા વર્ષના પર્વમાં નવી ચલણી નોટોની



પરંપરા રહેતી હોય છે પરંતુ કેટલાક વખતથી ૧૦ અને ૨૦ જેવી નાની ચલણી નોટો મળતી ન હતી પરંતુ હવે રિઝર્વ બેન્કે આ ચલણની નવી નોટો મોકલીને તેનું વિતરણ કરવા બેન્કોને સુચના આપતા તબકકાવાર બેન્કોએ વિતરણ ચાલુ કર્યું છે.

દિવાળીના બદલે હવે લગ્નગાળામાં ઉપયોગમાં આવે તેમ હોય અને માર્કેટમાં નાની નોટોની અછત દુર થવાની હોય તેમ બેન્કો દ્વારા ૧૦ અને ૨૦ રુપિયાની નોટો તથા સિક્કાનું વિતરણ કરવામાં આવ્યું છે. સેન્ટ્રલ બેન્કો ઓફ ઈન્ડિયાની ત્રણ બ્રાન્ચો પર આજે આ વિતરણ કરાયું હતું.

બેન્કની ભક્તિનગર બ્રાન્ચના મેનેજર અબુઝર ગફારીએ વાતચીતમાં જણાવ્યું હતું કે રિઝર્વ બેન્કની સુચના પ્રમાણે આજે આખો દિવસ નવી નોટ તથા સિક્કાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દરેક વ્યકિતને ૨૦ રુપિયાની નોટનું એક બંડલ, ૧૦ રુપિયાની નોટના બે બંડલ, એક રુપિયાના ૧૦૦ સિક્કા તથા ૧૦ રુપિયાના ૨૫ સિક્કા તેમ કુલ ૪૩૫૦ રુપિયાની નોટ-સીકકા આપવામાં આવ્યા હતા. બેન્કને અંદાજીત ૧૨ લાખ રુપિયાની નવી નોટોની ફાળવણી થઈ હતી અને તેના આધારે આ વિતરણ કરવામાં આવ્યું હતું. બેન્ક દ્વારા નવી નોટના વિતરણની આગોતરી જ વિગતો જાહેર કરી દેવામાં આવી હોવાના કારણે સવારથી જ બેન્ક ખાતે લોકોની લાઈનો લાગી હતી. નોટ બંધીમાં બેન્કોમાં જે રીતના લોકો લાઈનબધ્ધ ઉભા રહેતા હતા તે જ રીતે આજે નવી નોટ મેળવવાની કતાર જામી હતી. બેન્ક દ્વારા ખાસ વ્યવસ્થા કરીને મહત્તમ લોકોને તેનો લાભ મળે તેની ગોઠવણ કરવામાં આવી હતી.

# મવડીના ગોવર્ધન ચોક પાસે સુપર માર્કેટ, ડેરી સહિતની ૨૦ દુકાનોમાં ફૂડ વિભાગનું ચેકીંગ

રાજકોટઃમનપાની ફૂડ શાખાએ મવડી રોડ પર ખાણીપીણીના ૨૦ ધંધાર્થીને ત્યાં ચેકીંગ કર્યુ હતું. તો સોલીડ વેસ્ટ શાખાએ પણ ત્રણે ઝોનમાં ચેકીંગ કરી ૧૨ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યુ છે.




ફૂડ વિભાગની ટીમે શહેરના મવડી રોડ નજીક ગોર્વધન ચોકથી માધવપાર્ક ગેટ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓને ત્યાં ૨૦ ખાદ્ય નમુનાની ચકાસણી કરીને ૧૨ દુકાનદારને લાયસન્સ માટે નોટીસ આપી હતી.

જેમાં (૧)ક્રિષ્ના ડેરી ફાર્મ (૨)તુલસી પ્રોવિઝન સ્ટોર (૩)શ્રી ગોકુલ પાર્લર (૪)શ્રી દ્વારકેશ સુપર માર્કેટ (૫)મહાકાળી પાણીપુરી (૬)ખોડલ સોડા શોપ (૭)ઉમા પ્રોવિઝન સ્ટોર (૮)અંબે લાઈવ વેફર્સ (૯)ક્રિષ્ના પાણીપુરી (૧૦)અક્ષર પ્રોવિઝન સ્ટોર (૧૧)અક્ષર ડેરી ફાર્મનો સમાવેશ થાય છે. આ ઉપરાંત (૧૨)ઘનશ્યામ ડેરી ફાર્મ (૧૩) જીજે ૦૫ ફેન્સી ઢોસા (૧૪)ન્યુ ઓનલી ઢોસા (૧૫)મેરીન મેડીસીન્સ (૧૬)રજવાડી આઈસ્કીમ (૧૭)ગોપાલ ડેરી ફાર્મ (૧૮)શ્રી ખોડલ પ્રોવિઝન સ્ટોર (૧૯)વૃંદાવન ડેરી ફાર્મ (૨૦)ભોલે ખમણ ખીરૂમાં પણ તપાસ કરાઇ હતી.

ફૂડ વિભાગે જિલ્લા ગાર્ડન પાસે બાપુનગર-૬માં આવેલ બી-નીવા સ્નેકસ નામની પેઢીમાંથી રીયુઝ પામોલીન તેલ અને કઠોળ સ્ટીક ફરસાણ નમકીનના નમુના લઈ લેબોરેટરી પરીક્ષણમાં મોકલ્યા છે.સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી ત્રણે ઝોનમાં કરીને ૧૧.૮ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી કુલ ૯૧ આસામીઓ પાસેથી રૂ ૨૭૬૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. કમિશ્નર અને ડે.કમિશ્નરની સુચનાથી પર્યાવરણ વિભાગની ટીમે આ ડ્રાઈવ શરૂ કરી છે.

# હાપા-નાહરલગુન સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા

રાજકોટઃપશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને હાપા-નાહરલગુન સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિશેષ ભાડા સાથે લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

૧) ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલઃ જે અગાઉ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૨) ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલગુન-હાપા સ્પેશિયલઃ જે અગાઉ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે ૦૨ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી લંબાવવામાં આવી છે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત,ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરાઈ

રાજકોટઃ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ—૨૦૨૧ અન્વયે તારીખ:૨૯/૦૧/૨૦૨૬ના રોજ ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૯/૦૧/૨૦૨૬ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી ૧૧.૮૦૦ કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી કુલ ૯૧ આસામીઓ પાસેથી રૂ ૨૭૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન?સ?પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવેલ.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# બજારમાં બુલિયન બ્લાસ્ટ સોના ચાંદી ઓલ ટાઈમ હાઇ

ભારતીય બજારના ઇતિહાસમાં ૨૯ જાન્યુઆરી ૨૦૨૬નો દિવસ એક એવી આર્થિક ઘટના તરીકે અંકિત થઇ ગયો છે, જેની કલ્પના કદાચ કોઈ પણ બજાર વિશ્લેષકે કરી નહોતી. સોના અને ચાંદીના ભાવમાં જે રીતે 'સુનામી' આવી છે, તેણે માત્ર રોકાણકારોને જ નહીં પણ સમગ્ર અર્થતંત્રને હચમચાવી દીધું છે. એક જ દિવસમાં સોનામાં પ્રતિ ૧૦ ગ્રામ ૫૦૦૦ રૂપિયા અને ચાંદીમાં પ્રતિ કિલો ૨૧,૦૦૦ રૂપિયાનો તોતિંગ ઉછાળો એ માત્ર આંકડાની રમત નથી, પરંતુ વૈશ્વિક સ્તરે સર્જાયેલી ગંભીર ભૌગોલિક અને આર્થિક અસ્થિરતાનો બુલંદ અવાજ છે.આંકડાકીય વિસ્ફોટ અને બજારની સ્થિતિ ઉત્તેજક હતી.બજાર ખુલતાની સાથે જ વાયદા બજારમાં જે દ્રશ્યો જોવા મળ્યા તે સ્તબ્ધ કરનારા હતા.. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સોનું પ્રતિ ઔંસ ઇં૫૦૬૩.૮૨ અને ચાંદી ૧૦૭.૬૧ ડોલરની ઐતિહાસિક સપાટી પર છે.તેજી પાછળના વૈશ્વિક પરિબળો જાણવા જેવા છે.આ મહાતેજી પાછળનું સૌથી મોટું કારણ આંતરરાષ્ટ્રીય સ્તરે વણસતી જતી ભૌગોલિક પરિસ્થિતિ જીઓ ભૌગોલિક (Geopolitical Tension) છે. જ્યારે પણ દુનિયાના શક્તિશાળી દેશો વચ્ચે તણાવ વધે છે અથવા યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય છે, ત્યારે કરન્સી માર્કેટ અને શેરબજારમાં ભારે અનિશ્ચિતતા પેદા થાય છે. આવા સમયે રોકાણકારો ડોલર કે બોન્ડ્સ કરતા 'સેફ હેવન' ગણાતા સોના અને ચાંદીમાં રોકાણ કરવું વધુ સુરક્ષિત માને છે. ડોલરના મૂલ્યમાં આવતા સતત ફેરફારો અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં અવરોધોને કારણે માગ અને પુરવઠાનું સંતુલન ખોરવાયું છે, જેનો સીધો ફાયદો કિંમતી ધાતુઓને મળી રહ્યો છે.સામાજિક અને આર્થિક અસરો પણ સમજવા જેવી છે.

ભારતીય સંદર્ભમાં જોઈએ તો, સોનું માત્ર રોકાણનું સાધન નથી પરંતુ તે સામાજિક પ્રતિષ્ઠા અને સુરક્ષાનું પ્રતીક પણ છે. મધ્યમ વર્ગ માટે હવે સોનું ખરીદવું એ એક દિવાસ્વપ્ન જેવું બની રહ્યું છે. ૧.૭૨ લાખના ભાવે ૧૦ ગ્રામ સોનું ખરીદવું એ સામાન્ય માણસના બજેટની બહારની વાત છે. આ તેજીની સીધી અસર આગામી લગ્નસરાની સીઝન પર પડશે. જ્વેલરી ઉદ્યોગમાં વેચાણ ઘટવાની ભીતિ સેવાઈ રહી છે, કારણ કે ઊંચા ભાવને કારણે ગ્રાહકો નવી ખરીદી કરવાને બદલે જૂનું સોનું વેચવા અથવા એક્સચેન્જ કરવા તરફ વળશે.



# શિક્ષકોને -૧

★ શિક્ષક જો નિષ્ઠા અને શ્રદ્ધાથી પોતાનું કર્તવ્ય નિભાવે, તો તેણે ગુમાવવાનું કશું નથી.
★ શિક્ષકો એટલે અધ્યયન–અધ્યાપન કાર્યના પુરાતન ઋષિ–મુનિઓના વંશજો.
★ માત્ર નીતિનો ઉપદેશ આપીને માણસોને સારા બનાવી શકાશે નહીં.''
★ જ્યાં સુધી જેલ અને દવાખાનાં છે, ત્યાં સુધી કહી શકાય કે કેળવણી નિષ્ફળ ગઈ છે.
★ હક્કો માગતા પહેલાં ઉપયોગિતા સિદ્ધ કરવી પડે.

**ભાવનગર ૩૦૦**
**- બળદેવસિંહ ગોહિલ**

આદર્શ શિક્ષકોની ફરજ

ગિજુભાઈ કહે છે: "હું તમારા માનો એક છું. આપણા વ્યવસાય, ચારિત્ર્ય અને ઉન્નતિ માટે જુદા જુદા સમયે જે વિચારો મેં કર્યા છે, તે વિચારો હું તમારી સેવામાં રજૂ કરું છું." (ઈ.સ. ૧૯૩૨ જે વિચારો વ્યક્ત કર્યા હતા તે ટૂંકમાં અહી રજુ કરેલા છે.)

ગિજુભાઈએ પોતાના અનુભવો પરથી જે સિદ્ધાંતો તારવ્યા છે, તેમના અમલમાં વિદ્યાર્થી, શિક્ષક અને દેશની દુર્દશાનો નિવેડો રહેલો છે. જો શિક્ષકો પોતાનો વ્યવસાય સાચી નિષ્ઠા, શ્રદ્ધા અને શિક્ષણની ઉપાસનાથી કરે, તો દેશમાં નવો યુગ આવી શકે. શિક્ષક જો નિષ્ઠા અને શ્રદ્ધાથી પોતાનું કર્તવ્ય નિભાવે, તો તેને ગુમાવવાનું કશું નથી. યોગ્યકાર્ય કર્યું હોવાનો આત્મસંતોષ મળે છે, માન અને મર્યાદા પ્રાપ્ત થાય છે અને તે યુગપરિવર્તનના નિર્માતા તરીકે સહભાગી બની શકે છે.

ગિજુભાઈ કહે છે કે; "આપણે આપણા હક્કો માગવા જઈએ તે પહેલાં પોતાની ઉપયોગિતા સિદ્ધ કરવી પડશે. સંગઠિત થવા વિચારતા પહેલાં સારા શિક્ષક બની રહેવાની આપણી ફરજ નિષ્ઠાપૂર્વક અદા કરવી પડશે. હક્કો માગતા પહેલાં પોતાની યોગ્યતા સાબિત કરવી જરૂરી છે."

શિક્ષકો એટલે અધ્યયન–અધ્યાપન કાર્યના પુરાતન ઋષિ–મુનિઓના વંશજો. આપણો ધ્યેય ત્યાગ અને પ્રેમથી ભરેલો હોવો જોઈએ. આપણો આચાર નિર્મળ અને નિર્ભય હોવો જોઈએ. આપણો વિચાર શુદ્ધ અને ઉદાર હોવો જોઈએ. આપણે પામર મનુષ્યના મોહથી દૂર રહીએ અને છતાં સુખ તથા શાંતિથી જીવન જીવવાનો આપણો ધર્મ અને અધિકાર છે. સમાનતાની લડત માત્ર મનુષ્ય તરીકે આપણા પોતાના દરજ્જા માટે નહીં, પરંતુ ભવિષ્યમાં જગતના સર્વ જીવોને સમાન અધિકાર અને સમાનતા મળે તે માટેની હોવી જોઈએ.

ઈ.સ. ૧૮૯૮માં ઇટાલીના ટુરીન શહેરમાં કેળવણીશાસ્ત્રીઓની એક મહાસભા યોજાઈ હતી. પ્રખ્યાત કેળવણીવિદો તેમાં ઉપસ્થિત રહ્યા હતા. મહાસભાનો પહેલો દિવસ હતો અને નૈતિક શિક્ષણ કેવી રીતે આપવું એ વિષય પર ગંભીર ચર્ચા થવાની હતી. એ દરમિયાન એક ભયંકર સમાચાર આવ્યા કે એક ઈટાલિયન વ્યક્તિએ રાણી એલિઝાબેથની હત્યા કરી છે. ઈટાલિયનને હાથે યુરોપમાં આ ત્રીજી કરપીણ હત્યા હતી. આ ઘટના પછી અખબારોમાં કેળવણીકારોની ભારે ટીકા થઈ. લોકોમાં રોષ ફાટી નીકળ્યો અને જે શિક્ષણ પદ્ધતિમાંથી આવા ગુનેગારો પેદા થયા, તેના પર પ્રશ્નચિહ્ન ઊભું થયું. મહાસભામાં એક અદભૂત શાંતિ છવાઈ ગઈ. એ સમયે બેન્સીવેનીએ નૈતિક શિક્ષણ વિષે ગંભીર અને વિચારપ્રેરક વ્યાખ્યાન આપ્યું. ત્યારબાદ ડૉ. મારિયા મોન્ટેસરીએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે—"જો આપણે એ ન સ્વીકારીએ કે કેટલીક વ્યક્તિઓ ભયંકર અપરાધ કરવા સમર્થ હોય છે અને શાળાનું શિક્ષણ મેળવ્યા બાદ પણ એવી જ રહે છે, તો માત્ર નીતિનો ઉપદેશ આપીને માણસોને સારા બનાવી શકાશે નહીં."

કેટલાક બાળકો એવા હોય છે કે જે ઠપકાઓથી સુધરતા નથી, શાળાની શિસ્ત અને નિયમોને તોડે છે અને અંતે તેમને શાળામાંથી કાઢી મૂકવામાં આવે છે. આવા બાળકો મોટા થઈ સમાજના દુશ્મન બની જાય છે. જો આપણું શિક્ષણ આવા બાળકો સુધી ન પહોંચે, તો તે નૈતિક શિક્ષણ નિષ્ફળ ગણાય. સારા બાળકો માટે નીતિબોધની ખાસ જરૂર નથી, પરંતુ શાળાઓ તો દરેક પ્રકારના બાળકો માટે છે—ભવિષ્યના ચોર, લૂંટારા કે હત્યારા બનનારા બાળકો પણ શાળામાં આવે છે. આ વ્યાખ્યાનથી કેળવણીજગતમાં નવી દિશા ઊભી થઈ. ત્યારથી શિક્ષણમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ પ્રવેશી અને વિશ્વભરની કેળવણીમાં મોટુ પરિવર્તન આવ્યુ. આ નવયુગના મુખ્ય આદર્શો અને આજના શિક્ષકોની ફરજનો સંક્ષિપ્ત ઉલ્લેખ નીચે કરાયો છે.

૧) સામાજિક સુધારાની ફરજ : આજની કેળવણી બુદ્ધિ વિકસાવે છે, પરંતુ હૃદયબળ વિકસાવતી નથી. પરિણામે ધાર્મિક સંકુચિતતા, જાતિભેદ, ધર્મભેદ અને પ્રાંતીય ભેદભાવ ઊભા થયા છે. આ રૂઢિબંધન તોડવાની જવાબદારી આજની કેળવણીની છે. કેળવણીકારો સમાજના નેતાઓ છે. સમાજને અંધકારમાંથી બહાર કાઢી, શુદ્ધ અને સજ્જન બનાવવાનું તેમનું પરમ કર્તવ્ય છે. અસ્પૃશ્યતા જેવી સામાજિક બુરાઈઓ દૂર કરવા શિક્ષકોને આગેવાન બનવું પડશે. શાળાઓનું સૂત્ર એવું હોવું જોઈએ કે કેળવણીના દ્વાર દરેક માટે સમાન રીતે ખુલ્લા હોય. શાળામાંથી બંધુત્વ અને સમાનતાનો પાઠ મળવો જોઈએ—સંકુચિત નહીં, પરંતુ ઉદાર અને માનવતાપૂર્ણ. શાળાઓ લોકરૂઢિઓ બદલવાની અને નવા વિચારો રોપવાની શ્રેષ્ઠ જગ્યા છે. આવતીકાલની પ્રજા આજની શાળામાં ઘડાય છે.

૨) હાથપગ અને બુદ્ધિની સમાન કેળવણી : છેલ્લાં વર્ષોમાં અપાયેલી કેળવણી માત્ર બુદ્ધિપ્રધાન રહી છે. ઔદ્યોગિક અને શારીરિક શિક્ષણને અવગણવામાં આવ્યું, પરિણામે માણસ કાર્યકુશળ બન્યો નહીં. કામ કરવું હલકું ગણાય એવી ખોટી માન્યતા ઊભી થઈ. માત્ર સ્મરણશક્તિ આધારિત શિક્ષણથી મહાન શોધકો, વૈજ્ઞાનિકો કે કલાકારો ઊભા થયા નથી. આજની દુનિયાને સમજાયું છે કે ઉદ્યોગિક શિક્ષણ વિના જીવન શક્ય નથી. હાથ, પગ અને આંખોની કેળવણી વિના બુદ્ધિ અધૂરી રહે છે. શિક્ષકોની ફરજ છે કે બુદ્ધિ સાથે શારીરિક શ્રમને સમાન મહત્ત્વ આપે. જાતે કામ કરવું માણસનો પવિત્ર અધિકાર અને ફરજ બને—આ ભાવના બાળપણથી જ વિકસાવવી જોઈએ.

૩) આધ્યાત્મિક શિક્ષણની આવશ્યકતા : આજની દુનિયા પૈસા પાછળ દોડી રહી છે. જીવનનું એકમાત્ર ધ્યેય ધનસંપત્તિ બની ગયું છે. આ સ્થિતિનું મૂળ કારણ આજની કેળવણી પદ્ધતિ છે, જેમાં આધ્યાત્મિક શિક્ષણનો અભાવ છે. ગુરુ-પરંપરા તૂટી ગઈ, જીવનથી શિક્ષણ અલગ થઈ ગયું અને સ્પર્ધા, ઇનામ તથા માર્ક્સની દોડ શરૂ થઈ. પરિણામે માણસ સ્વાર્થી અને અધર્મી બન્યો. કેળવણીનો હેતુ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરાવવાનો હોવો જોઈએ. શાળાઓમાંથી સ્પર્ધા, લાલચ અને દંભ દૂર કરી, સેવા, ત્યાગ અને માનવતા વિકસાવવી જોઈએ.

૪) શાળા જેલ નહીં, મંદિર હોવી જોઈએ : જ્યાં સુધી જેલખાનાં અને દવાખાનાં છે, ત્યાં સુધી કહી શકાય કે કેળવણી નિષ્ફળ ગઈ છે. શાળાઓએ બાળકોના શારીરિક, માનસિક અને નૈતિક રોગો દૂર કરવા જોઈએ. આજની શાળાઓમાં સ્વચ્છતા, હવા, પ્રકાશ અને આરોગ્યની ભારે કમી છે. અશુદ્ધ વાતાવરણ અને અસ્વસ્થ પહેરવેશ બાળકોને નબળા બનાવે છે. શાળાઓ શહેરના ઘોંઘાટથી દૂર, ખુલ્લી અને સ્વચ્છ જગ્યાએ હોવી જોઈએ. બાળકોને સ્વતંત્રપણે બેસી, ચાલીને અને કાર્ય કરીને શીખવાની તક આપવી જોઈએ. શિક્ષા અને દંડ દૂર કરીને વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવી જોઈએ. ડૉ. મોન્ટેસરી કહે છે કે શિક્ષા બાળક માટે જેલ સમાન છે. શાળાઓ નબળા અને મુશ્કેલ બાળકોને સુધારી સારા નાગરિક બનાવે તે જ સાચી કેળવણી છે. ગુનાખોરીનો ઉપાય દંડમાં નહીં, પરંતુ શિક્ષણમાં છે.આજના શિક્ષકોએ સમાજસુધારક, માર્ગદર્શક અને માનવતાના દીપક બનીને કાર્ય કરવું પડશે. એવી કેળવણી જ ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે.






**મેષ - (અ, લ, ઈ) :-** આ અઠવાડિયે તમારે તમારી જાતને સ્વસ્થ રાખવા માટે રમત-ગમત અને કેટલીક આઉટડોર પ્રવૃત્તિઓમાં ભાગ લેવો પડશે. કારણ કે આ પ્રવૃત્તિઓમાં તમારી ભાગીદારી તમને તમારી ખોવાયેલી ઊર્જાને ફરીથી પ્રાપ્ત કરવા માટે એક મોટું કાર્ય પૂર્ણ કરવામાં સહાય કરશે. કોઈપણ પ્રકારની નાના સ્થાવર મિલકત અને નાણાકીય વ્યવહાર માટે આ અઠવાડિયું ખૂબ જ શુભ છે. જો કે, હવે કોઈ પણ પ્રકારનું મોટું રોકાણ કરવાનું ટાળો અને જો તેમ કરવું શક્ય ન હોય તો, તમારે કોઈ મોટા અથવા અનુભવી વ્યક્તિની મદદ પછી જ કોઈ મોટા રોકાણમાં તમારા નાણાંનું રોકાણ કરવાની સલાહ આપવામાં આવે છે. આ અઠવાડિયે તમારા કેટલાક કામોને લીધે તમારા માતા પિતા તમારા માટે ગર્વ અનુભવે છે. આનાથી પારિવારિક વાતાવરણમાં પણ શાંતિ મળશે અને તમે ઘરે સન્માન મેળવશો, જેની તમે ઇચ્છો છો. અગાઉના રોકાણને કારણે વેપારીઓને આ અઠવાડિયે મોટી ખોટ પડી શકે છે. તેથી તમારા માટે વધુ સારી રહેશે કે તમે તમારી જાતને આવનારી દરેક પ્રતિકૂળ પરિસ્થિતિ માટે તૈયાર કરો. વિદ્યાર્થીઓએ સમજવાની જરૂર રહેશે કે અઠવાડિયાના અંતમાં શિક્ષણથી સંબંધિત દરેક કાર્યને મુલતવી રાખવું તે યોગ્ય નથી. કારણ કે એક અઠવાડિયા આંખના પલકારામાં અદૃશ્ય થઈ જાય છે, જેના પછી તમને સમયના અભાવે મુશ્કેલી પડી શકે છે.



**વૃષભ - (બ, વ, ઉ)** આ અઠવાડિયે, તમે સકારાત્મક ઊર્જા ગુમાવી હતી, આ અઠવાડિયે તમારી પાસે પુષ્કળ સકારાત્મક ઊર્જા હશે. તેથી, તમારી ઊર્જાને યોગ્ય દિશામાં વાપરો અને તેમાંથી સારો નફો મેળવો, નહીં તો આ અઠવાડિયે વધારાનું કામનો ભાર તમારા ક્રોધનું કારણ બનશે. જેના કારણે તમે તમારી જાતને માનસિક તાણ પણ આપી શકો છો. તમારે તે સમજવું પડશે કે, કંઈપણ ખરીદતા પહેલા, તે વસ્તુઓનો ઉપયોગ કરો જે તમારી પાસે પહેલેથી જ છે. કારણ કે શક્ય છે કે ઉતાવળમાં, તમે તમારા પૈસા જેની પાસે પહેલેથી છે તેના પર ખર્ચ કરો. તેથી ઉતાવળમાં ખરીદી કરશો નહીં. આ અઠવાડિયે, તમારા આરામ કરતાં વધુ, તમારા પરિવારના સભ્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવું એ તમારી વાસ્તવિક અગ્રતા હોવી જોઈએ. આને કારણે તમે પરિવારમાં ચાલી રહેલી ઘણી પરિસ્થિતિઓ વિશે જાણશો કે જેનાથી તમે હજી અજાણ હતા.આ સિવાય, તમારે આ અઠવાડિયામાં સામાન્ય કરતા ઓછું કામ કરવું પડશે કારણ કે આ સમયગાળામાં તમને તમારી મહેનતનું શ્રેષ્ઠ પરિણામ મળશે, જે તમારી સ્થિતિમાં પણ સુધારો લાવશે. આ અઠવાડિયે, બધા વિદ્યાર્થીઓએ તેમના લક્ષ્યોને હાંસલ કરવા, આયોજિત રીતે આગળ વધવા અને લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જરૂરી છે તે માટેની સૂચિ બનાવવાની જરૂર રહેશે. કારણ કે ફક્ત આ કરવાથી તમે તમારો સમય અને શક્તિ બગાડવામાંથી બચાવી શકશો, જે તમને સુખદ સમાચાર મેળવવામાં અને ભવિષ્યમાં સારું પ્રદર્શન કરવામાં સફળતા આપશે.



**મિથુન - (ક, છ, ઘ) :-** આ અઠવાડિયે, જો તમે દારૂથી દૂર રહેશો તો તે તમારા સ્વાસ્થ્ય માટે સારું રહેશે. નહીં તો તે તમારી ઊંઘમાં દખલ કરશે, જેના કારણે તમે તમારી જાતને ગાઢા આરામથી પણ વંચિત કરી શકો છો. જો તમને સારો નફો દેખાય તો પણ કોઈ પણ પ્રકારની કમિટી અથવા કોઈપણ ગેરકાયદેસર રોકાણમાં તમારા પૈસા મૂકવાનું ટાળો. કારણ કે શક્ય છે કે શરૂઆતમાં તમે તમારા પૈસા સુરક્ષિત જોશો, પરંતુ પાછળથી તમને તેનાથી કોઈ મોટું નુકસાન થઈ શકે છે. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે.કાર્યસ્થળ પરની એક મહિલા સાથીદાર તમારા નિષ્કપટનો લાભ લઈ શકે છે. કારણ કે એવી આશંકાઓ છે કે તમારે કોઈ સ્ત્રી સાથે અથવા તમારા કારકિર્દી વિશેની કેટલીક યોજનાઓ સાથે તમારું મન શેર કરવું જોઈએ, અને તે બાબતોને તમારી પાસે રાખશો નહીં અને કોઈને કહો કે તમને સમસ્યાઓ થઈ શકે છે.



**કર્ક - (ડ, હ) :-** આરોગ્યની દ્રષ્ટિએ, આ સમયગાળામાં પ્રાણાયામ કરીને તમે તમારી ઘણી સમસ્યાઓ દૂર કરી શકો છો. આ કિસ્સામાં, તમારી ઊર્જા આ અઠવાડિયામાં ઘણાં કામ પર ખર્ચવાને બદલે ફક્ત તે કાર્યો પર જ ધ્યાન કેન્દ્રિત કરો જે જરૂરી છે.આ અઠવાડિયે, તમે તમારા પરિવારના નવીનીકરણ અથવા સમારકામ માટે ઘણાં પૈસા ખર્ચ કરશો. તમે શરૂઆતમાં ધાર્યું ન કર્યું હશે, પરંતુ આ ખર્ચ તમારા ભાવિ સમયમાં આર્થિક સંકટ ઊભું કરવાના મુખ્ય કારણ તરીકે ઉભરી આવશે. આ સપ્તાહ તમારા સ્વભાવમાં અસ્થિરતા જોશે. આવી સ્થિતિમાં, તમારે તેના પર નિયંત્રણ રાખીને તમારા પ્રકૃતિમાં સુધારો કર વો પડશે. પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે તેઓના રોષ છતાં તમારા પ્રયત્નો ચાલુ રાખો, તેમના પ્રત્યેનો તમારો પ્રેમ બતાવો. આ જલ્દીથી તેમનો ગુસ્સો શાંત કરશે. આ અઠવાડિયું ક્ષેત્રમાં કાર્યમાં તમારી કુશળતાની કસોટી સાબિત થશે. ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે, તમારે તમારા પ્રયત્નો પર એકાગ્રતા જાળવવાની જરૂર રહેશે. આ માટે, તમે તમારા વડીલોના અનુભવનો ઉપયોગ પણ કરી શકો છો. આ અઠવાડિયે, વિદ્યાર્થીઓ તેમનું મન શિક્ષણથી ભરાશે, તેનું મુખ્ય કારણ પરિવારમાં કોઈ કાર્યક્રમનું આયોજન કરવું હોઈ શકે છે.



**સિંહ - (મ, ટ) :-** તમારી કુંડળી સૂચવે છે કે વધુ ચરબીવાળા ખોરાકને ટાળવું અને તમારા સંતુલિત રૂટિનની અસર આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર કરશે અને તમારા મેદસ્વીપણાને પણ ઘટાડશે. આ અઠવાડિયામાં તમારે ઘરના કોઈ સભ્યના સ્વાસ્થ્ય માટે ઘણા પૈસા ખર્ચવા પડી શકે છે. જે તમારી આર્થિક સ્થિતિને કથળી શકે છે. પરંતુ તેનાથી પરિવારમાં તમારી સ્થિતિ વધશે, સાથે જ તમે પરિવારના સભ્યો સાથેના તમારા સંબંધમાં સુધારો કરી શકશો.આ અઠવાડિયે આ કરવાનું તમારા માટે થોડું પ્રતિકૂળ સાબિત થઈ શકે છે. કારણ કે યોગ ચાલી રહ્યો છે કે તમારા નિર્ણય પર ઘરના કોઈ અન્ય મુદ્દાનો ગુસ્સો બહાર આવવો જોઈએ, તમારો ટેકો આપવાનો ઇનકાર કરવો જોઈએ. આ સમય દરમિયાન, તમે તમારા પ્રિય સાથે પ્રેમથી સમય પસાર કરી શકશો. તેમની સાથે જતા રહેવાની સંભાવનાઓ પણ હશે અને તમે તમારા સંબંધોમાં મીઠાશ જાળવવા માટે તમામ પ્રયત્નો કરી શકશો. જો કે, આ માટે તમે ઓછા પ્રયત્નો કર્યા પછી પણ સફળતા મેળવી શકશો.



**કન્યા - (પ, ઠ, ણ) :-** તમે આ પણ સારી રીતે સમજી શકો છો કે, નિર્ણય લેવા માટે તમારા ખભા પર ઘણું નિર્ભર છે અને સ્પષ્ટ વિચારસરણી જરૂરી છે. આવી સ્થિતિમાં, આને ધ્યાનમાં રાખીને, તમે તમારા સારા સ્વાસ્થ્ય જીવનને પ્રાપ્ત કરવા માટે ઘણા પ્રયત્નો કરવામાં ઘણો સમય પસાર કરશો. આ સમયે, તમે સમાજના ઘણા માનનીય લોકો સાથે વાતચીત કરી શકશો. આ સમય દરમિયાન, તમે તેમના વિવિધ અનુભવોથી તેમની વ્યૂહરચનાઓ અને નવી યોજનાઓ બનાવતા જોશો. જે તમને ભવિષ્યમાં તમારા નાણાંની કુશળતા અને સમજદારીથી રોકાણ કરવામાં મદદ કરશે. આ અઠવાડિયે તમારું પારિવારિક જીવન વધુ અનુકૂળ રહેવાની સંભાવના છે. કારણ કે તમારી કુંડળીમાં ગ્રહોની સ્થિતિ તમારા કૌટુંબિક જીવન માટે સામાન્ય કરતાં ઘણી સારી દેખાઈ રહી છે. આ અનુકૂળ પરિસ્થિતિ તમારા પરિવારના સભ્યોને તમામ પ્રકારની માનસિક મુશ્કેલીઓથી મુક્ત કરીને એકબીજા પ્રત્યેનો ભાઈચારો વધારવામાં મદદ કરશે. આ સમયે, પરિવારના લગભગ દરેક સભ્યનું વર્તન પણ શક્ય બનશે. જેની મદદથી તમે તમારું મનોબળ વધારી શકશો, તેમ જ તમારો આત્મવિશ્વાસ પણ વધારશે અને તમે પહેલા કરતા વધારે ગતિ સાથે દરેક કાર્ય પૂર્ણ કરી શકશો. આ અઠવાડિયે ભગવાનનું જ્ઞાન ઘણા વિદ્યાર્થીઓને સખત મહેનતનું ફળ આપીને સફળતા પ્રાપ્ત કરવાનું કામ કરશે.



**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમારા પ્રત્યેના અન્ય લોકોનું વલણ જોતાં, તમે અનુભવી શકો છો કે હવે તમે નવું શીખવા માટે ખૂબ જ વૃદ્ધ થઈ ગયા છો. આ સ્થિતિમાં, તમારી ટ્વિસ્ટેડ વિચારસરણી કરવાને બદલે, તમારી ક્ષમતા પર વિશ્વાસ કરો અને ભૂલશો નહીં કે તમારી રચનાત્મક અને સક્રિય વિચારસરણીને કારણે, તમે સરળતાથી કંઈપણ શીખી શકો છો. આવી સ્થિતિમાં, તમારે તમારી વિચારસરણી અને વિચાર શક્તિને આ બાજુ રાખવાની જરૂર રહેશે. આ રાશિના લોકો માટે આ અઠવાડિયું નાણાકીય દ્રષ્ટિએ ખૂબ જ સારી રીતે ચાલવાની અપેક્ષા છે. કારણ કે, ગ્રહોની સ્થિતિ અને દિશા આ સમયે તમારા માટે ખૂબ અનુકૂળ સ્થિતિમાં હોય તેવું લાગે છે. આવા કિસ્સામાં, તમે કોર્ટ સંબંધિત મિલકત અથવા જમીનના કિસ્સામાં પણ સફળતા પ્રાપ્ત કરી શકો છો. આ અઠવાડિયે તમારી નજીકના કેટલાક લોકો તમારા અંગત જીવનમાં મુશ્કેલી ઊભી કરી શકે છે. આ કિસ્સામાં, ખાસ કરીને ઘરે, તમે શું બોલી રહ્યાં છો તે ધ્યાનમાં રાખો. કારણ કે, આ સમયે, તમે અચાનક કંઇ પણ બોલી શકો તેના કરતાં વધુ જાણ્યા વિના, તમે તમને આકરી ટીકાનો શિકાર બનાવી શકો છો.



**વૃશ્ચિક - (ન, ય) :-** આ અઠવાડિયે તમને ખાસ કરીને કંટાળો આવવાને બદલે ઘરે તમારો વધારાનો સમય પસાર કરવા, તમારા શોખ પૂરા કરવા અથવા તમને જે કામ કરવામાં સૌથી વધુ આનંદ આવે છે તે કરવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે. કારણ કે આની મદદથી તમે તમારી જાતને ઘણી હદ સુધી મુક્ત રાખી શકશો. આ અઠવાડિયે તમારા દ્વારા નિવેશ કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ અને નાણાકીય સુરક્ષામાં વધારો કરી શકે છે. આવી સ્થિતિમાં, તમારા પૈસા યોગ્ય સ્થાને લગાવો અને ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો, ધૈર્યનો પરિચય કરો. કારણ કે જ્યારે તમારું હૃદય અને દિમાગ શાંત હોય, તો જ તમે તમારા માટે યોગ્ય અને વધુ સારું નિર્ણય લઈ શકશો. તમારી જ્ઞાનની તરસ તમને આ અઠવાડિયે નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. અઠવાડિયાની શરૂઆતમાં, એટલે કે, અઠવાડિયાના પહેલા ભાગમાં, તમારા પ્રિયજનને કોઈ મહત્વપૂર્ણ કાર્યમાંથી બહાર જવું પડી શકે છે, જે તમારી વચ્ચે થોડું અંતર લાવી શકે છે. પરંતુ બધી અંતર હોવા છતાં, તમે ફોન પર પરસ્પર વાતચીત જાળવશો અને તમારા સંબંધો મહત્વપૂર્ણ રહેશે.



**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ અઠવાડિયે તમારા મગજમાં નકારાત્મક વિચારો પ્રભાવિત થશે. જેના કારણે ભલે તમારું કંઈક સારું થાય, તો પણ તમે તેને નકારાત્મક દૃષ્ટિકોણથી જોશો. પરિણામે, તમે તમારી જાતને ઘણી સારી અને લાભકારક તકોથી વંચિત કરી શકો છો. તેથી, તમારા સ્વભાવમાં સુધારો. આ માટે, તમે યોગ અને ધ્યાનનો આશરો પણ લઈ શકો છો. તમારે તે સમજવું પડશે કે, જો તમે તમારી રચનાત્મક પ્રતિભાને યોગ્ય રીતે ઉપયોગ કરો છો, તો તે ફાયદાકારક સાબિત થશે અને તે જ સહાયથી તમે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકશો. જેથી આગામી સમયમાં તમને સારો ફાયદો મળશે. ઘણા વતનીઓને આ કિંમતી સફાઈ દરમિયાન ઘરની ખોવાયેલી કોઈ કિંમતી વસ્તુ મળી શકે છે. આની પ્રાપ્તિ થતાં જ ઘરનું વાતાવરણ સારું રહેશે, સાથે જ તમને ઘરે સભ્યો સાથે હસવાની તક મળશે. આ સમય દરમિયાન, તમે નાના સભ્યોને શિક્ષણ અને શિક્ષણમાં મદદ કરશો, સાથે તમારા માતાપિતા પણ તમને ગર્વ અનુભવે છે. જે તમને તમારા માનસિક તાણથી મુક્તિ આપશે.તમને આ અઠવાડિયે તમારી કારકિર્દીમાં ઇચ્છિત પરિણામો મળવાની દરેક આશા છે. પરંતુ આ માટે તમારે તમારી રચનાત્મક ક્ષમતામાં વધારો કરવાની જરૂર પડશે. આ અઠવાડિયે અભ્યાસ કરતી વખતે, તમે કંટાળાને અનુભવી શકો છો. તેથી તમે થોડો સમય કાઢીને, ચાલવા અથવા સફર પર જઈને તાજું લાવી શકો છો.



**મકર - (ખ, જ) :-** સારા સ્વાસ્થ્ય માટે તમે છેલ્લા અઠવાડિયામાં જે સખત મહેનત કરી હતી, આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ તમને સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયમાં, તમને ખૂબ નસીબ મળશે. આ અઠવાડિયે, તમને અચાનક પૈસા પ્રાપ્ત થશે. જેની મદદથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત કરી શકશો, અને પરિણામે તમે તમારા ઘરના સભ્યને આર્થિક મદદ કરવાનું પણ નક્કી કરી શકો છો. તમારી આસપાસના પ્રભાવશાળી અને મહત્વપૂર્ણ લોકો પ્રત્યેના સંપર્કમાં વધારો કરવા માટે, તમારા માટે સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની એક સારી તક હશે. કારણ કે આ અઠવાડિયામાં અન્યને પ્રભાવિત કરવાની તમારી ક્ષમતા તમને ઘણી સકારાત્મક વસ્તુઓ આપશે.આ અઠવાડિયે શક્ય છે કે તમે ઉતાવળમાં આવશો, તે ભૂલીને તમારું કાર્ય પૂર્ણ થઈ ગયું છે તે ભૂલીને. આ કિસ્સામાં, જ્યાં સુધી તમને ખાતરી ન થાય કે આખું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, ત્યાં સુધી તમારે તમારા દસ્તાવેજો વરિષ્ઠ અધિકારીઓને આપવાનું ટાળવું જોઈએ. આ માટે દરેક દસ્તાવેજની ફરી તપાસ કરવી વધુ સારું રહેશે. આ અઠવાડિયે, ઘણા વિદ્યાર્થીઓ તેમના જ્ઞાનનું સારું પ્રદર્શન કરતા, તેમના ઘરે કોઈ કાર્યમાં ફાળો આપતા જોવા મળશે. જેના દ્વારા તમને માતાપિતાની સરાહના અને પ્રશંસા પણ મળશે. આ સમય દરમિયાન, તમારા શિક્ષણ પર, અતિશય અહંકારને ટાળો.



**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આરોગ્યની દ્રષ્ટિએ, સમય ખાસ સારો રહેશે અને તમારા સારા સ્વાસ્થ્યના બળ પર, તમે તમારા પરિવારના સભ્યોની પણ ખૂબ કાળજી લેશો. જેનાથી પરિવારમાં પણ તમારું માન વધે તેવી સંભાવના છે. એકંદરે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સપ્તાહ તમારા માટે સારો રહેશે. આ અઠવાડિયે તમારી સમક્ષ જે બધી યોજનાઓ આવી છે તેમાં રોકાણ કરવા પહેલાં તમારે બે વાર વિચાર કરવો પડશે. કારણ કે સામેથી આવતી તક પાછળ સંભવિત કાવતરું છે, જે તમારે ભવિષ્યમાં સહન કરવું પડશે. આ અઠવાડિયે, તમારા પરિવારમાં, તમે તમારી સમજ સાથે સમાધાન કરી શકશો. જે સભ્યોમાં સુમેળ અને ભાઈચારાની ભાવનાનો વિકાસ કરશે. આ તમારા પરિવારની સામાજિક સ્થિતિને પણ મજબૂત બનાવશે અને તમને સભ્યોમાં યોગ્ય પ્રતિષ્ઠા મેળવવામાં સફળતા મળશે.આ અઠવાડિયે ગ્રહોની સ્થિતિ આ સંભાવના તરફ ઇશારો કરી રહી છે કે આ સમયગાળા દરમિયાન તમારા ભાઈ-બહેન, મિત્રો, સંબંધીઓ અને સહકાર્યકરો સાથેના તમારા સંબંધોમાં કેટલીક વિરોધાભાસી પરિસ્થિતિ ઊભી થઈ શકે છે. જેની અસર તમારા મનમાં નકારાત્મકતા લાવશે અને તમે કારકિર્દીમાં આગળ વધવાની કોઈપણ યોજના વિશે વિચારવામાં નિષ્ફળ થશો. આ અઠવાડિયે શિક્ષણને કારણે, ઘરેથી દૂર રહેનારા વિદ્યાર્થીઓએ આખું અઠવાડિયું વાસણો ધોવા અને કપડા ધોવા જેવા ઘરના કામમાં પસાર કરવા પડશે.



**મીન - (દ, ચ, ઝ, થ) :-** આ અઠવાડિયે સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે કેટલાક વતનીને હોસ્પિટલમાં જવું પડી શકે છે. તેથી, શરૂઆતથી જ તમારા સ્વાસ્થ્ય વિશે સાવચેત રહેવું તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમે ભૂતકાળમાં કોઈપણ નાણાંનું રોકાણ કર્યું છે, તો પછી આ અઠવાડિયે તે તમારી સમસ્યાનું મુખ્ય કારણ બની શકે છે. કારણ કે તમને આર્થિક નુકસાન થઈ શકે છે. તેથી, તમારા માટે ઉતાવળમાં કોઈ નિર્ણય ન લેવાનું વધુ સારું રહેશે, તેને ખૂબ વિચારપૂર્વક લો. તમારે સમજવું પડશે કે સ્થગિત કરવાનું કાર્ય કોઈ માટે ક્યારેય સારું નથી હોતું. પછી ભલે તે પરિવારનું થોડું ઓછું મહત્વનું કાર્ય હોય.વ્યવસાયિક દ્રષ્ટિએ, આ અઠવાડિયામાં તમને કાર્યસ્થળ પર ઘણાં સકારાત્મક પરિણામો મળશે. તે પણ શક્ય છે કે પ્રમોશન કે જે તમે લાંબા સમયથી ઇચ્છતા હો, તમારી આ મહેનત અને સમર્પણને લીધે તમને આ અઠવાડિયે મળશે. જો કે, આ માટે તમારે તમારા ઉપરી અધિકારીઓ સમક્ષ તમારી ઇચ્છા પણ રાખવી પડશે. આ અઠવાડિયે, વિદ્યાર્થીઓ તેમનું મન શિક્ષણથી ભરાશે, તેનું મુખ્ય કારણ પરિવારમાં કોઈ કાર્યક્રમનું આયોજન કરવું હોઈ શકે છે. આવા સમયમાં, સમયનો વ્યય કરવાને બદલે એકાંતમાં જાઓ અને તમારા અભ્યાસ લખો.રાહુ નું ચંદ્ર રાશિ થી બારમા ભાવમાં હોવાના કારણે ચંદ્રમા રાશિના સબંધ માં શનિ નું પેહલા ભાવમાં હોવાના કારણે જો તમે પેહલા કોઈ પૈસા રોકાણ કર્યા છે તો આ અઠવાડિયે એ તમારી પરેશાની નું મુખ્ય કારણ બની શકે છે.

# દીપિકા પાદુકોણ મારી લકી ચાર્મ છે, તે બિલકુલ અલગ રૂપમાં જોવા મળશે



**AA22xA6 દીપિકા પાદુકોણ અને અલુ અર્જુન પહેલી વખત ઓન-સ્ક્રીન જોડી જમાવતા જોવા મળશે**

મુંબઈ,

અટલીની આગામી તેલુગુ સાયન્સ ફિક્શન ફિલ્મમાં અલુ અર્જુન સાથે દીપિકા પાદુકોણ પહેલીવાર મોટા પડદા પર જોવા મળશે. ત્યારે ફિલ્મમેકર એટલીએ ફરી એકવાર દીપિકા પાદુકોણ પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કર્યો છે. અલુ અર્જુન સાથેની તેની મહાત્વાકાંક્ષી તેલુગુ પેન-ઈન્ડિયા ફિલ્મ AA22xA6માં દીપિકા જોડાઈ હોવાનું જાહેર થયા બાદ એટલીએ જણાવ્યું કે દીપિકા પાદુકોણ તેના માટે lલકી ચાર્મl સમાન છે. અગાઉ અટલીએ દીપિકા અને શાહરુખ સાથે જવાન ફિલ્મમાં કામ કર્યું હતું. આ ફિલ્મની સફળતા બાદ ફરી દીપિકા સાથે કામ કરતા અટલીએ સંકેત આપ્યો કે દર્શકોને આ ફિલ્મમાં દીપિકાનું એકદમ નવું અને આશ્ચર્યજનક રૂપ જોવા મળશે.તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં અટલીએ જવાન બાદ બીજી વાર દીપિકા સાથે કામ કરવા વિશે ખુલીને વાત કરી અને માતા બન્યાં પછી દીપિકાએ તેની ફિલ્મ સાથે કમબેક કરવાનો નિર્ણય લીધો તે અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો.

# અભિનેતા જોન અબ્રાહમની ચોંકાવનારી તસવીર વાઈરલ

મુંબઈ,

અભિનેતા જોન અબ્રાહમ હંમેશા તેની ફિટનેસ માટે ચર્ચામાં રહે છે. જોન અબ્રાહમના કેટલાક નવા ફોટા વાઈરલ થઈ રહ્યા છે. આ ફોટામાં જોનનો લુક સંપૂર્ણપણે અલગ દેખાય છે. જે જોઈને ચાહકો તેને ઓળખી પણ શકતા નથી.ફોટામાં જોન ટીમના એક મેમ્બર સાથે પોઝ આપતો જોવા મળે છે. જેમાં તેણે ક્લીન-શેવ અને ભૂરા વાળમાં દેખાય છે. જોને કાળું ટી-શર્ટ પહેરેલું હોય છે અને પોઝ આપતી વખતે હસતો જોવા મળે છે. આ પોસ્ટ પર ચાહકો કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, “શું જોને તેના વાળ પર કલર કર્યો છે?” બીજાએ લખ્યું કે, “કેવો લાગતો હતો માણસ અને આજે તે કેવો બની ગયો છે? ધૂમ ૧માં તે ખૂબ સારો દેખાતો હતો.” કેટલાક યુઝર્સે પૂછ્યું કે, “શું જોન બીમાર છે.” ચાહકો પણ તેના સ્વાસ્થ્ય વિશે ચિંતિત દેખાતા હતા. કેટલાકે તો એવું પણ લખ્યું કે, “એવું લાગે છે કે જોનનું વજન ઘટી ગયું છે. તેના ચહેરા પર કરચલીઓ દેખાઈ રહી છે.”જોકે, કેટલાક ચાહકોએ જોનને ટેકો આપ્યો અને ટ્રોલ્સનો જવાબ આપ્યો. એકે લખ્યું કે, “જોનને એકલો છોડી દો. તે ૫૪ વર્ષનો છે. લોકો આ ઉંમરે બદલાય છે. તેને જજ ન કરો. લવ યુ જોન અબ્રાહમ.”જોન છેલ્લે “તેહરાન” ફિલ્મમાં જોવા મળ્યો હતો, જેમાં તેણે સ્પેશિયલ ઓફિસર રાજીવ કુમારની ભૂમિકા નીભાવી હતી. આ ફિલ્મમાં નીરુ બાજવા, માનુષી છિલ્લર અને મધુરિમા તુલી જેવા સ્ટાર્સ પણ હતા.

# મોનાએ બળાપો ઠાલવ્યો
# પુરુષ કલાકારો ૬૦ વર્ષે ય રોમેન્ટિક રોલ કરે અને મહિલા કલાકારોની એક્સ્પાયરી ડેટ

**લોકો મને ઘણી વખત પુછે છે, “તું સ્ક્રીન પર આટલી ઘરડી કેમ દેખાય છે?” હું કહું છું, શું ફેર પડે છે. એ માત્ર એક પાત્ર છે**



મુંબઈ,

મોના સિંહ ઓટીટી પર એક પછી એક સફળ રોલ કરી રહી છે, ટૂંક સમયમાં તે કોહરાની બીજી સીઝનમાં એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. જેમાં તે અંગત સમસ્યાઓ સાથે એક મહિલાની હત્યાના કેસની તપાસ કરતી જોવા મળશે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં મોનાએ ઈન્ડસ્ટ્રીમાં મહિલા અને પુરુષ કલાકારો માટેના બેવડાં ધોરણો અંગે વાત કરી હતી.પીટીઆઈ સાથે કરેલી વાતચીતમાં મોનાએ ૪૦ વર્ષની ઉંમરમાં પણ ૫૦ કે ૬૦ વર્ષની ઉંમરના પાત્રો ભજવવા વિશે વાત કરી હતી. મોનાએ જણાવ્યું, “મેં મારી ઓનસ્ક્રીન ઉંમર વિશે ક્યારેય ચિંતા કરી નથી. મેં એ વિશે ક્યારેય નથી વિચાર્યું કારણ કે મને મારામાં આત્મવિશ્વાસ છે અને હું જાણું છું કે હું કોણ છું. હું કોઈની સામે કંઈ જ સાબિત કરવા માગતી નથી તેથી હું જોખમ લીધાં કરું છું. લોકો મને ઘણી વખત પુછે છે, “તું સ્ક્રીન પર આટલી ઘરડી કેમ દેખાય છે?” હું કહું છું, શું ફેર પડે છે. એ માત્ર એક પાત્ર છે અને એમાં મને મજા આવે છે.”મોનાએ ઈન્ડસ્ટ્રીમાં સ્ત્રીઓ અને પુરુષોની ઉમર સાથે અલગ વર્તન વ્યવહાર વિશે પણ વાત કરી હતી. તેણે જણાવ્યું, “ઈન્ડસ્ટ્રીમાં માત્ર મહિલાઓ જ એક્સ્પાયરી ડેટ્સ સાથે આવે છે અને એ ઘણી દુઃખની વાત છે. જયારે પુરુષ કલાકારો તો ૬૦એ પહોંચીને પણ રોમેન્ટિક રોલ કરતા જોવા મળે છે, પણ મહિલાઓને એવું કામ નથી મળતું. પરંતુ મારે એવું કશું બનવું નથી, તેથી મને તેની કોઈ પરવા નથી.”

# લાગણીઓ બોલવા કરતાં અનુભવાય તે વધુ જરૂરી છે : અદિતિ રાવ હૈદ્રી



**ફિલ્મ પાંડુરંગ બેલેકરે ડિરેક્ટ કરી છે જે એક નીડર અને બેબાક પ્રયોગ છે, આ ફિલ્મ ૩૦ જાન્યુઆરીએ થિએટરમાં રિલીઝ થઈ રહી છે**

મુંબઈ,

લાંબા સમય પછી ઈન્ડિયન સિનેમામાં એક અલગ પ્રયોગ થવા જઈ રહ્યો છે, અદિતિ રાવ હૈદ્રી, વિજય સેતુપતિ અને અરવિંદ સ્વામીની એક સાયલન્ટ ફિલ્મ ‘ગાંધી ટોક્સ’ આવી રહી છે. અદિતિની કેરિઅરની આ એક મહત્વની ફિલ્મ છે. તેણે પોતાની કેરિઅરમાં મણિ રત્નમ અને સંજય લીલા ભણસાલી જેવા ખુબ સર્જનાત્મક ડિરેક્ટર્સ સાથે કામ કર્યું છે, જેમની ફિલ્મ અને ફિલ્મ બનાવવાની શૈલી બધું જ અલગ છે. આ દરેક રોલમાં તેણે પોતાના અભિનયથી દર્શકોને પ્રભાવિત કર્યા છે. ત્યારે એક સાયલન્ટ ફિલ્મમાં કામ કરવાના અને ખાસ તો વિજય સેતુપતિ અને અરવિંદ સ્વામી દેવા કલાકારો સાથે કામ કરવાના પોતાના અનુભવ વિશે તાજેતરમાં જ અદિતિએ એક ઈન્ટરવ્યુમાં વાત કરી છે. અદિતિએ કહ્યું, “મને આ ફિલ્મની જે બાબત સૌથી વધુ ગમી છે, તે એ કે-લાગણીઓ બોલવા કરતાં અનુભવાય તે વધુ જરૂરી છે. આ ફિલ્મ નબળાઈ અને મૌન બંનેને સુંદર રીતે એકસાથે રજુ કરે છે.” જ્યારે વિજય સેતુપતિએ આ ફિલ્મ વિશે કહ્યું, “મને આ ફિલ્મે શબ્દોવિના લાગણીઓ પ્રસ્તુત કરવાનો પડકાર આપ્યો હતો. આ એક એવી અલભ્ય ફિલ્મ છે, જેમાં મૌન જ સૌથી મજબુત ડાયલોગ છે.” જ્યારે આ ફિલ્મ વિશે વાત કરતા અરવિંદ સ્વામીએ કહ્યું, “ઘોંઘાટથી ચાલતી દુનિયામાં ગાંધી ટોક્સ આપણને યાદ અપાવે છે કે મૌન હજુ પણ અંતરાત્માને હચમચાવી શકે છે. આ એક એવી ફિલ્મ છે, જેમાં શબ્દો એકબાજુએ રહી જાય છે અને સત્ય શાંતિથી પ્રવેશ કરે છે. રહેમાનનું લાગણીશીલ સંગીત આ ફિલ્મની ભાષા બન્યું છે.”આ ફિલ્મના ટ્રેલરમાં અદિતી વિજય સેતુપતિ સાથે જોવા મળે છે અને તેમની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રી દર્શકોને પસંદ આવી રહી છે. રહેમાનના સંગીતે આ ફિલ્મમાં ઉંડાણ ઉમેર્યુ છે. આ ફિલ્મ પાંડુરંગ બેલેકરે ડિરેક્ટ કરી છે જે એક નીડર અને બેબાક પ્રયોગ છે. આ ફિલ્મ ૩૦ જાન્યુઆરીએ થિએટરમાં રિલીઝ થઈ રહી છે.

# અનન્યા પાંડેને ને ફ્રેક્ચર થયું, કોઈની ખરાબ નજર લાગ્યાનો દાવો



**અનન્યા આ ઈજાના કારણે થોડા દિવસો આરામ કરે તેવી સંભાવના**

મુંબઈ,

અનન્યા પાંડેને એક હાથમાં ફ્રેક્ચર થયું છે. તેણે સ્લિન્ગ સાથેનો ફોટો પોતે શેર કર્યો છે. જોકે, ઈજાની કોઈ વિગતો નથી આપી. અનન્યાની તસવીર જોઈ ચાહકોએ તેની ઈજા વિશે ચિંતા વ્યક્ત કરી હતી. અનન્યા પાંડે ને સોશયલ મીડિયા પર એક્ટિવ રહેતી હોય છે. તેણે હાલમાં જ પોતાની એક તસવીર શેર કરી હતી જેમાં તેનો હાથ સ્લિન્ગમાં જોવા મળ્યો હતો. સાથે તેણે કેપ્શન લખ્યું છે કે, ૨૦૨૬માં તેને કોઈની ખરાબ નજર લાગી ગઈ હોવાથી શરૂઆત જ સારી થઈ નથી. જોકે તેણે ફ્રેક્ચર કઈ રીતે અને ક્યાં થયું હોવા વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી. અનન્યા આ ઈજાના કારણે થોડા દિવસો આરામ કરે તેવી સંભાવના છે. આથી તેનાં શૂટિંગ શિડયૂલ ખોરવાઈ શકે છે.

# ફરહાન અખ્તરની મણિપુરી ફિલ્મ “બૂંગ”એ રચ્યો રેકોર્ડ

મુંબઈ,

ફરહાન અખ્તરની મણિપુરી ફિલ્મ “બૂંગ” બાફટા એવોર્ડ માટે નામાંકિત થઈ છે.બ્રિટિશ એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન એવોર્ડ્સ માટેના નામાંકનોની જાહેરાત તાજેતરમાં કરવામાં આવી હતી. ભારતીય ફિલ્મ “બૂંગ” એ આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સમારોહમાં પોતાનું સ્થાન મેળવીને ભારતને ગૌરવ અપાવ્યું હતું.આ પ્રાદેશિક ફિલ્મનું નિર્માણ દિગ્દર્શક-નિર્માતા અને અભિનેતા ફરહાન અખ્તર દ્વારા કરવામાં આવ્યું હતું. અહેવાલ મુજબ, મણિપુરી ફિલ્મ “બૂંગ” ને “શ્રેષ્ઠ બાળકો અને કુટુંબ ફિલ્મ“ શ્રેણીમાં નામાંકિત કરવામાં આવી છે. મણિપુરી ફિલ્મ “બૂંગ” આ શ્રેણીમાં અન્ય મુખ્ય આંતરરાષ્ટ્રીય ફિલ્મો સાથે સ્પર્ધા કરશે, જેમાં “આર્કો,” “લીલો એન્ડ સ્ટીચ,” અને “ઝુટ્રોપોલિસ”નો સમાવેશ થાય છે.‘બૂંગ’નું નિર્દેશન લક્ષ્મીપ્રિયા દેવી દ્વારા કરવામાં આવ્યું છે અને ફરહાન અખ્તર અને રિતેશ સિધવાની કંપની, એક્સેલ એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ કરવામાં આવ્યું છે.ફિલ્મની સ્ટાર કાસ્ટ વિશે વાત કરીએ તો, ગુગુન કિપગેન મુખ્ય પાત્ર ‘બ્રોજેન્દ્રો ઉર્ફે બુંગ’ ભજવે છે. ઉપરાંત, બાલા હિજામ, અંગમ સનામત્તમ, વિક્રમ કોચર, નેમેટિયા નગનબામ, જેની ખુરાઈ, હમોમ સદાનંદ, થૌડમ બ્રજબિધુ અને મોધુબાલા થૌડમ જેવા કલાકારો મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં દેખાય છે.સપ્ટેમ્બર ૨૦૨૪ માં રિલીઝ થયેલી આ ફિલ્મ ‘બૂંગ’ નામના એક નાના છોકરાની વાર્તા કહે છે, જે મણિપુરની ટેકરીઓમાં રહે છે. તે તેની માતાને એક આશ્ચર્યજનક ભેટ આપવાની યોજના ધરાવે છે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મા | ધ | ક્ષ | ચ | ગ | ક | ન | ચ | ત | ધ | હા | ઔ |
| ધ | આ | મ | ક | ઝ | ક | ક | બં | ચા | ક | મા | ર |
| શિ | ચી | આ | ઓ | લ | ચા | બા | સ | ન | પ્ર | ગ | ગુ |
| ત | બં | ર | ગુ | ર | ડ | એ | ગ | ળ | મા | લા | રી |
| વિ | રા | મ | ણ | દ | મ | આ | ળ | પ્રા | મ | શ | સ |
| ળ | ના | દ | દા | ર | રો | અ: | રો | ક | ડ | મ | રી |
| મ | સા | મો | વા | ગુ | મા | ન | ક્ષ | ત | ર | ર | કા |
| ણા | ક્ષ | અ | કા | બ | તા | પ | સ | બં | આ | ઐ | કુ |
| ક | ણ | ધ | મા | બં | ર | ડી | ક | અ | ચી | ઐ | એ |
| જ્ઞા | દ | ક | ત | ભ | સા | બ | ચા | ગી | ર | ઊ | ળ |
| ણ | ન | આ | ધ | સ | મા | કા | ભા | દ | લી | મા | ભો |
| ચા | રી | ગ | મા | ક | ભો | મ | ઔ | મ | ગી | સ | મો |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# મૃણાલ ઠાકુર અને દુલકિર સલમાન ફરી કોઈ પ્રોજેક્ટમાં સાથે આવશે



**રામ ચરણની ફિલ્મ ‘પેદ્દી’ના એક આઇટમ સોન્ગ માટે રશ્મિકા મંદાનાને ઓફર આપવામાં આવી હતી જે તેણે સ્વીકારી નહોતી**

મુંબઈ,

મૃણાલ ઠાકુર અને દુલકિર સલમાનની એક તસવીર વાયરલ થઈ છે. તેના પરથી બન્ને ફરી સાથે કામ કરશે તેવી અટકળ થઈ રહી છે. વાયરલ થયેલી તસવીરમાં બન્ને જણા એક છત્રી પકડીને સાથે જોવા મળ્યા હતા. આ પરથી લોકોમાં અટકળો શરુ થઈ છે કે આ જોડી ‘સીતા રામન ટુ’માં સાથે જોવા મળશે કે પછી કોઈ નવા પ્રોજેક્ટ માટે ભેગા થયા છે ? સાથેસાથે અફવા એવી પણ છે કે, મૃણાલ અને દુલકર એક નવા પ્રોજેક્ટમાં સાથે જોવા મળશે જે એક સાયન્સ ફિકશન થ્રિલર હશે. જોકે હજી સુધી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. મૃણાલને એક પછી એક નવા પ્રોજેક્ટ મળી રહ્યા છે. રામ ચરણની ફિલ્મ ‘પેદ્દી’ના એક આઈટમ સોન્ગ માટે તેને ફાઈનલ કરવાની ચર્ચા છે. આ સોન્ગ માટે રશ્મિકા મંદાનાને ઓફર આપવામાં આવી હતી જે તેણે સ્વીકારી નહોતી. તેથી આ ગીત માટે મૃણાલ ઠાકુરનું નામ ચર્ચામાં છે. ઉલ્લેખનીય છે કે, ‘સીતા રામન’ ફિલ્મ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી. જેમાં આ જોડીએ કામ કર્યુ હતું. તેથી ફરી તેઓ આ ફિલ્મની સીકવલ માટે સાથે આવી રહ્યા હોવાની અટકળ થઈ રહી છે. જોકે સીતા રામનના નિર્માતા વિજયંતી મૂવીઝે હાલ આ ફિલ્મની સીકવલની કોઈ યોજના કરી ન હોવાની જાણકારી છે.

# હિરાસર ઈન્ટ્રનેશનલ એરપોર્ટના યાત્રિકો માટે એસ.ટી.ની વધુ સુવિધા ફાળવો: રામભાઈ મોકરીયા

## એસ.ટી. તંત્ર દ્વારા એરપોર્ટ નજીક પીકઅપ સ્ટેન્ડ બનાવવાની કામગીરી

રાજકોટ, રાજયસભાના સંસદ સભ્યં રામભાઈ મોકરીયા દ્વારા એસટી વિભાગ સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતીકે રાજકોટ બસ પોર્ટ થી હીરાસર ઈન્ટરરનેશનલ એરપોર્ટ સુધી મુસાફરોને સુલભ અને સગવડભર્યું જાહેર પરિવહન ઉપલબ્ધ થાય તેમજ રાજકોટ- અમદાવાદ બંને બાજુથી ખાનગી વાહનમાં જતાં આવતા મુસાફરોને હાયવે થી હિરાસર ઈન્ટ્રનેશનલ એરપોર્ટ સુધી કોઈ અંદર જવા માટે કોઈ સુવિધા મળતી નથી તો તે બાબતે એસ. ટી. ની સુવિધા કરવા માટે લેખિત રજૂઆત કરતાં એસ. ટી. વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે હાલ રાજકોટ શહેરથી હિરાસર ઈન્ટ રનેશનલ એરપોર્ટ સુધી ઈલેક્ટ્રિક બસ સેવા સંચાલિત કરવામાં આવી રહી છે. મુસાફરોની સુવિધા માટે કુલ બાર (૧૨) ટ્રિપ દૈનિક ચલાવવામાં આવે છે. એરપોર્ટ આવન-જાવન કરતા મુસાફરોને ધ્યામનમાં રાખી સમયપત્રાક તથા બસની સુવિધાઓમાં યોગ્યશ વ્યિવસ્થાઆ કરવામાં આવી છે. તેમજ સદર રુટ પર સંચાલન થતી તમામ બસ સર્વિસમાં જતાં /આવતા હીરાસર એરપોર્ટ રોડ સ્ટેન્ડિલ સ્ટોછપ આપવામા આવેલ છે તેવી માહિતી એસટી વિભાગેઆપેલ છે.



એસટી વિભાગે જણાવેલ કે મુસાફરોને વધુ આધુનિક અને સુવિધાસભર સેવા ઉપલબ્ધહ કરાવવા માટે રાજકોટ-અમદાવાદ બંને તરફ નેશનલ હાઈવે પર સ્માફર્ટ બસ સ્ટેસશન વિકસાવવાની યોજના હાથ ધરવામાં આવી છે.તે પૈકી અમદાવાદ થી રાજકોટ તરફ હીરાસર ખાતેના સર્વે નબર ૪૭ પૈકી -૧-ની ૫૦૦૦ ચો. મી.જમીન એસ. ટી. બસને ૯૯ વર્ષના ભાડા પટ્ટે કલેક્ટરરશ્રી રાજકોટ દ્વારા તારીખ ૦૩/૦૧/૨૦૨૬ ના હુકમથી ફાળવવામાં આવી છે. જે જમીનમાં નવીન બસ સ્ટેભશન બનાવવાની કામગીરી ટેન્ડકર પ્રકિયા પૂર્ણ થયેલ છે અને ટૂંક સમયમાં આ સ્થહળે નવું આધુનિક એસટી બસ સ્ટે?શન ડેવલોપ કરવામાં આવશે, જેમાં મુસાફરો માટે વિવિધ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધહ કરાવવામાં આવશે. આ સાથે હિરાસર ઈન્ટ રનેશનલ એરપોર્ટ નજીક એસટી બસ માટે પીકઅપ સ્ટેટન્ડિ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હોવાનું એસટી વિભાગે સ્પેષ્ટ કર્યું છે.

સંસદ સભ્યસ રામભાઈ મોકરીયા દ્વારા જણાવાયું છે કે રાજકોટ શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી એરપોર્ટ સુધી મુસાફરોને સસ્તીભ, સુલભ અને વિશ્વસનીય જાહેર પરિવહન સેવા ઉપલબ્ધવ રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મુસાફરોની સંખ્યા અને જરૂરિયાતને ધ્યારનમાં રાખી ભવિષ્યબમાં બસોની સંખ્યાય તથા સુવિધાઓમાં વધારો કરવામાં આવે તે માટે પણ સરકાર સમક્ષ માંગણી કરવામાં આવી છે.આ સમગ્ર કામગીરીથી રાજકોટ શહેરના મુસાફરો, વેપારીઓ તથા વિદેશ પ્રવાસીઓ માટે એરપોર્ટ સુધી પહોંચવું વધુ સરળ અને સુવિધાજનક બનશે તેવો વિશ્વાસ વ્યંક્તવ કરવામાં આવ્યોિ છે. સંસદ સભ્યપ રામભાઈ મોકરીયા દ્વારા લેખિત રજૂઆતનો હકારાત્મસક પડઘો પડેલ છે.

# ‘સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત’- એક મહિના સુધી રાજકોટ પૂર્વમાં યોજાઈ રહેલી યોગ શિબિર

## યોગ શિબિરો દ્વારા રાજકોટમાં સ્વસ્થ જીવનશૈલીને અપાઈ રહેલી નવી દિશા



રાજકોટ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ‘સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત’ અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા પૂર્વ વિસ્તારમાં મેદસ્વિતામુક્ત કેમ્પ–૩નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ૧૦૦થી વધુ નાગરિકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧૮ ખાતે ડી-માર્ટ ગાર્ડન, શ્રદ્ધા પાર્ક; વોર્ડ નંબર ૧૭ ખાતે રામ પાર્ક ગાર્ડન અને સુભાષ નગર ગાર્ડન; તેમજ વોર્ડ નંબર ૧૬ ખાતે સરદાર પટેલ આરોગ્ય ભવન, દેવપરા જેવા વિવિધ સ્થળોએ આ યોગ કેમ્પો યોજાઈ રહ્યા છે. આ તમામ કેમ્પો એક મહિના સુધી સતત ચાલશે.

નાગરિકોમાં મેદસ્વિતા ઘટાડીને તંદુરસ્ત જીવન તરફ દોરી જવા એ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ત્યારે કેમ્પ દરમિયાન ભાગ લેનાર તમામ નાગરિકોનું હેલ્થ ચેકઅપ અને રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. સાથે જ યોગાસન, પ્રાણાયામ અને આહાર-વિહાર અંગે માર્ગદર્શન આપી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે લોકોને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે તેમ કેમ્પના કો-ઓર્ડિનેટર શ્રીમતી મીતાબેન તેરૈયા દ્વારા જણાવાયું છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે એ.આઈ. આધારિત સ્માર્ટ સુક્ષ્મ સિંચાઈ પર રાષ્ટ્રીય લઘુ શૈક્ષણિક કાર્યક્રમનો પ્રારંભ

## સ્માર્ટ માઈક્રો સિંચાઈ દ્વારા પાકના વિષય પર તાલીમાર્થીઓની તાલીમ શરૂ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ભારતીય કૃષિ સંશોધન પરિષદ પ્રાયોજિત રાષ્ટ્રીય સ્તરની ૨૧ દિવસીય વિન્ટર સ્કૂલ-લઘુ શૈક્ષણિક કાર્યક્રમનો પ્રારંભ થયો છે.

હાલ ઉપલબ્ધ ઓટોમેટિક સિંચાઈ પ્રણાલીઓ ખર્ચાળ હોવાથી નાના અને સીમાંત ખેડૂતો માટે તેને અપનાવવી મુશ્કેલ બની છે. આવી પરિસ્થિતિમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત સસ્તી, વ્યવહારુ અને વ્યાપકપણે અપનાવી શકાય તેવી સ્માર્ટ સુક્ષ્મ સિંચાઈ ટેકનોલોજી વિકસાવવાની જરૂરિયાત ઉભી થઈ છે.



આ સંદર્ભમાં “આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત સ્માર્ટ માઈક્રો સિંચાઈ દ્વારા પાણી અને ખાતરના ઉપયોગની કાર્યક્ષમતામાં વધારો” વિષય પર આયોજિત પ્રાયોજિત ૨૧ દિવસીય વિન્ટર સ્કૂલનું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ ખાતે પ્રારંભ થયો છે. સિંચાઈ અને ડ્રેનેજ ઈજનેરી વિભાગ દ્વારા આયોજિત આ તાલીમ કાર્યક્રમ તા. ૨૭ જાન્યુઆરીથી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન યોજાશે.

આ વિન્ટર સ્કૂલનો હેતુ વૈજ્ઞાનિકો, ઈજનેરો અને શિક્ષકોની ક્ષમતા તથા જ્ઞાનમાં વધારો કરવાનો છે. તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા વ્યાખ્યાનો, પ્રાયોગિક તાલીમ, સંબંધિત ફાર્મ તેમજ ઈન્ડસ્ટ્રિયલ વિઝિટનો સમાવેશ કરવામાં આવશે. સમગ્ર દેશના ૯ રાજ્યોમાંથી આવેલા કુલ ૨૬ તાલીમાર્થીઓને એ.આઈ. અને આઈ.ઓ.ટી. આધારિત સિંચાઈ શેડ્યુલિંગ, સેન્સર્સ, ઓટોમેશન, ડેટા એનાલિટિક્સ, રિમોટ સેન્સિંગ તથા ડિસિઝન સપોર્ટ સિસ્ટમ્સ વિષયક વિશેષ તાલીમ આપવામાં આવશે.

ઉદ્ઘાટન કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી કુલપતિ ડૉ. વી. પી. ચોવટિયાએ પાણીની અછત, હવામાન પરિવર્તન, ઊર્જા ખર્ચમાં વધારો અને ટકાઉ કૃષિ વિકાસ જેવા પડકારો સામે સ્માર્ટ અને ડિજિટલ સિંચાઈ ટેકનોલોજીની મહત્વપૂર્ણ ભૂમિકા ઉપર ભાર મૂક્યો હતો.

# પથ્થરમાંથી પ્રગટતી કળા : પથ્થરોમાંથી મનમોહક કલાત્મક કૃતિઓ બનાવી ‘હર ઘર સ્વદેશી’નો સંદેશ આપતા યુવા કારીગર

## સરકારનો સહયોગ અમને પીઠબળ પુરું પાડે છે,જેનાથી અમને વધુ કામ કરવાની પ્રેરણા મળે છે : કલાકાર શ્રી અમિતભાઈ

રાજકોટ

શું તમે ક્યારેય દરિયા કિનારે પડેલો કોઈ પથ્થર હાથમાં લઈને વિચાર્યું છે કે આમાંથી પણ કઈ નવીન બની શકે? સામાન્ય દેખાતો એ પથ્થર જ્યારે કલાકારના હાથમાં આવે છે, ત્યારે તે કળાનું રૂપ ધારણ કરી લે છે. અને જો આ કળાને યોગ્ય મંચ મળે તો, કલાકારની અંદર છુપાયેલી સર્જનશક્તિને નવી ઓળખ મળે છે. તેમજ દરિયા કિનારે કે નદીના પટથી શરૂ થયેલી આ કળાની યાત્રા ’સ્વદેશી ગૌરવ અને આત્મનિર્ભર ભારત’ની નવી ઓળખ બનીને ઘરઘર સુધી પહોંચી જાય છે.





રાજકોટના રેસકોર્ષ મેદાન ખાતે આયોજિત કુટિર હસ્તકલા હાટ-૨૦૨૬માં ’હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી’ થકી આત્મનિર્ભર ભારતના સૂત્રને સાકાર કરતા મહેસાણા, વડોદરા, કચ્છ, પાટણ સહિત રાજ્યભરમાંથી આવેલા કલાકારોએ પોતાની કારીગરી સાથે હાજરી આપી, અને સ્વદેશી કળાનો અનોખો રંગ જમાવ્યો. જેમાં નદીના પટમાંથી મળતા પથ્થરોને અનોખું રૂપ આપતા પેબલ સ્ટોન આર્ટિસ્ટ શ્રી અમિતભાઈ પારેખની કળા પણ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની.

છેલ્લા આઠ વર્ષથી દેશભરમાં વિવિધ સ્થળોએ પોતાની કલા પહોંચાડી રહેલા અમિતભાઈ પારેખે જણાવ્યું હતું કે, "સરકારશ્રી દ્વારા યોજાતા કુટિર અને હસ્તકલાના મેળાઓ અમારા જેવા કલાકારો માટે આશીર્વાદ સમાન છે. સ્ટોલ ખૂબ જ ઓછા કે નહિવત ભાવે મળતા હોવાથી ખર્ચ અને સમય બંનેનો બચાવ થાય છે, જેના કારણે વધુ સમય કારીગરી માટે આપી શકાય છે. અગાઉ અમે માત્ર ૬ ડિઝાઈન બનાવતા, આજે ૪૦થી વધુ પ્રકારની કલાકૃતિઓ તૈયાર કરીએ છીએ. સરકાર પૂરતો સહયોગ અમને પીઠબળ પુરું પાડે છે. જેનાથી અમને વધુ સારૂ કામ કરવાની પ્રેરણા મળે છે."આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી ઉત્પાદનોને ટેકો આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ’વોકલ ફોર લોકલ’ના વિચાર પર ભાર મૂક્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આ વિઝનને સાર્થક કરવા માટે નોંધપાત્ર પગલાં લઈ રહ્યું છે. આ પહેલના ભાગરૂપે, કુટિર ઉદ્યોગો અને હસ્તકલા ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતા વિવિધ આયોજનો કલાકારોને આત્મવિશ્વાસની સાથે સાથે નવા પ્રયોગો કરવાની પણ તક આપે છે.

આલેખન – હેમાલી ભટ્ટ

# જસદણ ખાતે રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

## યુવાનો ‘જોબ સીકર’ નહીં, ‘જોબ ગિવર’ બને તે દિશામાં રાજ્ય સરકાર પ્રયત્નશીલ- મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા

રાજકોટ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર તથા આઈ.ટી.આઈ. જસદણ, મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી – રાજકોટ અને કૌશલ્ય – ધ સ્કિલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સરકારી આર્ટ્સ ૬ કોમર્સ કોલેજ, જસદણ ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.



આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં નવુ ગુજરાત તૈયાર થઈ રહ્યું છે. જે અંતર્ગત ગુજરાતના યુવાનો નવી સ્કિલ શીખીને વૈશ્વિક કક્ષાએ સ્પર્ધા કરી રહ્યા છે. આજનો યુવાન જોબ સીકર્સ નહીં, પણ જોબ ગિવર બને તે દિશામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે.

યુવાનો ઉચ્ચ અભ્યાસ કરીને વહીવટી ક્ષેત્રોમાં પણ આગળ વધે તે માટેની સગવડ જસદણ વિંછીયા વિસ્તારોમાં કરવામાં આવી રહી છે. તેમજ મહત્તમ રોજગારી મળે તે માટે યુવાનોને તમામ ક્ષેત્રોનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. આવનારા નવા બજેટમાં શ્રમ-કૌશલ્ય અને રોજગાર વિભાગના અધિકારીઓ તમામ સ્કૂલ-કોલેજમાં કરિયર માર્ગદર્શન આપવા જશે તેવી જોગવાઈઓ પણ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ જીવનમાં એક ચોક્કસ ધ્યેય નક્કી કરીને તેને વળગી રહે તો સફળતા અચૂક મળે છે,તેમ મંત્રીશ્રી બાવળિયાએ જણાવ્યું હતું.

આ પ્રસંગે જસદણ પ્રાંત અધિકારી શ્રી ખાંભરા, કૌશલ્ય યુનિવર્સિટી ગાંધીનગર ના શ્રી એ.બી જોશી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના શ્રી વી.વી.જારીયા, શ્રી વી.સી.ચાવડા, જસદણ આઈ.ટી.આઈના પ્રિન્સિપાલ શ્રી હિનાબેન વિઠલાણી, વિછીયા આઈ.ટી.આઈના પ્રિન્સિપાલ શ્રી વાઘમશી, રોજગાર કચેરીના શ્રી રાજેશ ચૌહાણ અને શ્રી હાર્દિક મહેતા, ગવર્નમેન્ટ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી ભાવેશ ગાંગાણી, ગુજરાતીના પ્રોફેસર શ્રી નેહલ જાની શાળાના પ્રિન્સિપાલ શ્રી વીરજી હાંડા સહિત શાળા-કોલેજના શિક્ષકશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ ખાતે સ્પેશ્યલ એડવેન્ચર કોર્સનું આયોજન

## ૭ દિવસીય પર્વતારોહણની તાલીમ મેળવવાની તક

જૂનાગઢ,

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા સંચાલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા સ્પેશ્યલ એડવેન્ચર કોર્સનું આયોજન આગામી તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ થી તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન કરવામાં આવ્યું છે.

આ સ્પેશ્યલ એડવેન્ચર કોર્સમાં ૪૫ થી ૬૫ વર્ષની વય મર્યાદાવાળા રસ ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. કુલ ૭ દિવસીય આ તાલીમ દરમિયાન પર્વતારોહણ તથા સાહસિક પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. તાલીમ દરમિયાન સરકારશ્રી દ્વારા નક્કી થયેલ ભોજન દર તેમજ ફોરેસ્ટ ફી નિયમ અનુસાર ભરવાની રહેશે.

આ કોર્સ માટેનું નિયત અરજી ફોર્મ ફેસબુક પરથી ડાઉનલોડ કરી શકાશે. આ અરજી ફોર્મ ભરીને જરૂરી પુરાવાઓ સાથે તા. ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ – પિન કોડ ૩૬૨૦૦૨ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફત જ (કુરિયર દ્વારા નહીં) પહોંચે તે રીતે મોકલી આપવાનં રહેશે.વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર ૦૨૮૫-૨૬૨૭૨૨૮ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઓનલાઈન યોગ કાર્યક્રમનું આયોજન

રાજકોટ

વિશ્વ કેન્સર દિવસના અવસરે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાના હેતુસર ૪ ફેબ્રુઆરી ૨૦૨૬, બુધવારના રોજ સવારે ૭.૦૦ થી ૮.૦૦ વાગ્યા સુધી વિશેષ ઓનલાઈન યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.નાગરિકો આ કાર્યક્રમમાં જોડાવા માટે ઊઈ કોડ દ્વારા અથવા https://cancer-awareness-camp.vercel.app/?ref=VANDA1 પરથી રજિસ્ટ્રેશન કરાવી શકે છે. આ કાર્યક્રમમાં યોગ, પ્રાણાયામ, આયુર્વેદ તથા યોગ આધારિત જીવનશૈલી દ્વારા કેન્સર સામે કેવી રીતે લડી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમ YouTube Live ñ Gujarat State Yog Board માધ્યમથી પ્રસારિત કરવામાં આવશે, જેથી રાજ્યભરના નાગરિકો સરળતાથી જોડાઈ શકે. કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલજી વિશેષ માર્ગદર્શન આપશે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યના તમામ નાગરિકોને આ મહત્વપૂર્ણ ઓનલાઈન યોગ કાર્યક્રમમાં જોડાઈ સ્વસ્થ જીવન તરફ આગળ વધવા અપીલ કરવામાં આવી છે.

# વાપીમાં PRISM-PCI કોન્ક્લેવ યોજાઈ




અમદાવાદઃ વિતેલાં પાંચ દાયકા દરમિયાન, હૃદયની સંભાળ માં ખુબજ મોટું પરિવર્તન આવ્યું છે. ૧૯૭૭માં કરવામાં આવેલી પહેલી બલૂન એન્જીયોપ્લાસ્ટીથી લઈને આજના ઈમેજ-ગાઈડેડ પ્રિસિસન-ડ્રાઈવન ઈન્ટરવેન્શન સુધી, હાર્ટકેરની સફર, મેડિસીનનો વિકાસ દર્શાવે છે, જે દર્દીઓ માટે સુરક્ષિત, વધુ વ્યક્તિગત સારવાર તરફ સતત આગળ વધી રહી છે. ભારતમાં, આ પરિવર્તન વિશેષ મહત્વપૂર્ણ રહ્યું છે, કારણ કે દેશ વિશ્વના સૌથી વધુ હૃદય રોગના બોજ સાથે ઝઝૂમી રહ્યો છે અને સાથે-સાથે મેડીકલ ટેકનોલોજી ઈનોવેશન માટે ગ્લોબલ હબ તરીકે ઉભરી રહ્યો છે.

PRISM એટલે, કોમ્પલેક્સ PCI ના મેનેજમેન્ટ માટે ઈનોવેશન-ગાઈડેડ સ્ટ્રેટેજીનો ઉપયોગ કરીને પ્રિસિશ ન રિવાસ્ક્યુલરાઈઝેશન. આ કોન્સેપ્ટ, હૃદય સંભાળમાં એક નવી વાસ્તવિકતા દર્શાવે છે. આજના દર્દીઓ ઘણીવાર મલ્ટી-વેસલ ડિસીઝ (બહુ-વાહિની રોગ), હેવી કેલ્સિફિકેશન, હૃદયની નિષ્ફળતા સાથે આવે છે અથવા ભૂતકાળ કરતાં ઘણી નાની ઉંમરે ઈન્ટરવેન્શનની જરૂર પડે છે. આવી જટિલતાને મેનેજ કરવા માટે ફક્ત સ્કીલ કરતાં વધુની જરૂર પડે છે. તેના માટે ચોક્કસ ઈમેજિંગ, ફિઝિયોલોજીકલ એસેસમેન્ટ, એડવાન્સ ડિવાઈસ અને સુઆયોજિત હાઈબ્રિડ વ્યૂહરચનાઓની જરૂર પડે છે.

“ભારત ગ્લોબલ ઈનોવેશનના ગ્રાહકથી આગળ વધીને કન્ટ્રીબ્યૂટર બની ગયું છે. છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન, માત્ર સારવાર કરાયેલા દર્દીઓની સંખ્યામાં જ નહીં, પરંતુ ગુણવત્તા, જટિલતા અને સંભાળમાં પણ પ્રગતિ જોવા મળી છે, જેના કારણે દર્દીઓના પરિણામો માટે ટેકનોલોજીમાં પ્રગતિ વધુ વ્યાજબી બની છે. આ પ્રકારના ટેકનોલોજી ઈનોવેશનની વિશ્વભરમાં સરાહના કરવામાં આવી રહી છે.

# ધોરાજી તાલુકાના તોરણીયા ગામે પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ

## ખેડુતોએ પ્રાકૃતિક કૃષિથી થતા ફાયદાઓ વિશે વિસ્તૃત જાણકારી મેળવી

રાજકોટ,

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના તોરણીયા ગામે પ્રાકૃતિક કૃષિની સફળતાપૂર્વક તાલીમ યોજાઈ હતી. જેમાં ખેડૂત બંધુઓને રવિ પાકમાં પ્રાકૃતિક કૃષિની પદ્ધતિ અપનાવવાથી થતા ફાયદાઓ અંગે તાલીમ આપીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિના વિવિધ ઘટકો જેવા કે જીવામૃત/ઘન જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાપ્સા અને મિશ્ર પાક પદ્ધતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ આપનાવાથી જમીન અને પાકની ગુણવત્તા સુધારે છે, ખર્ચ ઘટે છે અને લોકોના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર થતી નથી. વધુમાં દેશી ગાયના મુત્ર અને છાણમાંથી તૈયાર થતા જીવામૃતના ઉપયોગથી પાકને જરૂરી પોષક તત્વો મળે છે અને જમીનનું સ્વાસ્થ્ય જળવાય છે. આ પદ્ધતિથી પકવેલા ફાળો શાકભાજી અને અનાજ વધુ ગુણકારી અને આરોગ્યપ્રદ હોય છે, જે પરિવારના સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.

# આંતરરાષ્ટ્રીય સંરક્ષણ કંપનીઓ અને દેશો સાથે વ્યૂહાત્મક સહયોગને સક્રિયપણે પ્રોત્સાહન આપવાની જરૂર

## સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપવાથી ગતિ મળી શકે

નવીદિલ્હી,

આગામી બજેટમાં, સરકાર દેશને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા માટે મજબૂત પહેલ કરી શકે છે. નિષ્ણાતો કહે છે કે ભારતમાં સંરક્ષણ ક્ષેત્રમાં વિદેશી સીધા રોકાણને ૨૦૦૧ માં મંજૂરી આપવામાં આવી હતી અને ૨૦૨૦ માં તેને વધુ ઉદાર બનાવવામાં આવ્યું હતું. સરકારે હવે આંતરરાષ્ટ્રીય સંરક્ષણ કંપનીઓ અને દેશો સાથે વ્યૂહાત્મક સહયોગને સક્રિયપણે પ્રોત્સાહન આપવાની જરૂર છે જેથી અત્યાધુનિક ટેકનોલોજીના ટ્રાન્સફર, સહ-વિકાસ અને નવીનતાને વેગ મળે. આ માટે, સંરક્ષણ ટેકનોલોજીમાં સંયુક્ત સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા અને ટેકનોલોજી ટ્રાન્સફર દ્વારા આવરી લેવામાં આવતા વિદેશી ઘટકોને સ્વદેશી સામગ્રી ગણતરીમાંથી આંશિક અથવા સંપૂર્ણપણે મુક્તિ આપવા જેવા વ્યવહારુ સુધારાઓ પર વિચાર કરવો જોઈએ.

ભારત સંરક્ષણ ખર્ચની દ્રષ્ટિએ વિશ્વના ટોચના પાંચ દેશોમાં સામેલ છે, પરંતુ તેનો કુલ સંરક્ષણ ખર્ચ હજુ પણ યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન અને રશિયા કરતા નોંધપાત્ર રીતે ઓછો છે. આમ છતાં, ભારતના સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે છેલ્લા દાયકામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ૨૦૧૪-૧૫માં સંરક્ષણ ઉત્પાદન ૦.૪૬ લાખ કરોડ (૫.૧ બિલિયન) હતું, જે ૨૦૨૪-૨૫માં ૧.૫૦ લાખ કરોડ (૧૬.૫ બિલિયન) સુધી પહોંચવાનો અંદાજ છે. આ સકારાત્મક વલણના આધારે, સરકારે ૨૦૨૯ સુધીમાં સંરક્ષણ ઉત્પાદન ૩ લાખ કરોડ (૩૩ બિલિયન) અને વાર્ષિક સંરક્ષણ નિકાસ ૦.૫ લાખ કરોડ (૫.૫ બિલિયન) ના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો નક્કી કર્યા છે, જે ભારતને વિશ્વસનીય વૈશ્વિક સંરક્ષણ સપ્લાયર તરીકે સ્થાપિત કરવા તરફની તેની પ્રગતિનો સ્પષ્ટ સંકેત આપે છે.

અહેવાલ મુજબ, સંરક્ષણ ક્ષેત્રના વિકાસનો ત્રીજો અને સૌથી મહત્વપૂર્ણ સ્તંભ મૂડી ખર્ચ (મૂડીખર્ચ) માં સતત વધારો છે. બજેટ ૨૦૨૫-૨૬ કુલ સંરક્ષણ બજેટમાં આશરે ૧૦% નો વધારો કરવાની કલ્પના કરે છે, પરંતુ આધુનિકીકરણ અને સ્વદેશીકરણ માટે જરૂરી મૂડીખર્ચમાં વધારો પ્રમાણમાં મર્યાદિત રહે છે - લગભગ ૫%. આ અસંતુલનને ઓળખીને, સંરક્ષણ સચિવે તાજેતરમાં સંકેત આપ્યો હતો કે બજેટ ૨૦૨૬-૨૭ માં સંરક્ષણ ખર્ચમાં આશરે ૨૦% વધારો કરવાની યોજનાઓ પર વિચારણા કરવામાં આવી રહી છે.

મૂડી ખર્ચની સાથે, સંરક્ષણ સંશોધન અને વિકાસમાં મજબૂત અને ટકાઉ રોકાણ પણ એટલું જ જરૂરી છે. ભારતે બજેટ ૨૦૨૫-૨૬ માં ૬.૮૧ લાખ કરોડ (૭૪.૮ બિલિયન) ના કુલ સંરક્ષણ બજેટમાંથી આરએન્ડડી માટે માત્ર ૨૬,૮૧૬ કરોડ (૨.૯ બિલિયન) ફાળવ્યા છે. તેની તુલનામાં, વૈશ્વિક ટેકનોલોજી નેતા, યુનાઈટેડ સ્ટેટ્સે ૨૦૨૫ માં સંશોધન, વિકાસ, પરીક્ષણ અને મૂલ્યાંકન માટે ૧૪૧.૨ બિલિયનનું જંગી ભંડોળ ફાળવ્યું છે

# હિન્દુ નવા વર્ષ માટે અયોધ્યાને શણગારવામાં આવશે,રાષ્ટ્રપતિ મુર્મુ કામદારોનું સન્માન કરશે

## ભારત અને વિદેશમાં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ પ્રાચીન રામાયણો પસંદ કરવા માટે રામ મંદિર ટ્રસ્ટ દ્વારા એક ખાસ સમિતિની રચના કરવામાં આવી

અયોધ્યા,

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં હિન્દુ નવા વર્ષ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા ૧૯ માર્ચે આવતા હિન્દુ નવા વર્ષ માટે અયોધ્યા પહોંચ્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે મીડિયા સાથે રામ મંદિર સંબંધિત અનેક મહત્વપૂર્ણ અપડેટ્સ શેર કર્યા.

નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૧૯ માર્ચે હિન્દુ નવા વર્ષ પર અયોધ્યાની મુલાકાત લેશે તે અંગે અનૌપચારિક કરાર થયો છે. આ ખાસ પ્રસંગે, રાષ્ટ્રપતિ રામ મંદિર સંકુલમાં બાંધકામ કાર્યમાં રોકાયેલા આશરે ૪૦૦ કામદારોનું સન્માન કરશે અને ભગવાન રામના દર્શન પણ કરશે. તેમણે ઉમેર્યું હતું કે રામ મંદિરના સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાને વધુ સમૃદ્ધ બનાવવા માટે, દિલ્હીની સેન્ટ્રલ કલ્ચરલ યુનિવર્સિટીએ લગભગ ૪૦૦ વર્ષ જૂની વાલ્મીકિ રામાયણ રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયને સોંપી હતી અને તે હવે રામ મંદિર સુધી પહોંચી ગઈ છે.

અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે કાંચી કામકોટી પીઠના શંકરાચાર્ય દ્વારા ચંપત રાયને સોંપવામાં આવેલ રામ યંત્ર સ્તોત્ર મંદિર સંકુલમાં લાવવામાં આવ્યું છે. આ બે પવિત્ર અવશેષો રામ મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવશે. તેમણે સમજાવ્યું કે ભારત અને વિદેશમાં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ પ્રાચીન રામાયણો પસંદ કરવા માટે રામ મંદિર ટ્રસ્ટ દ્વારા એક ખાસ સમિતિની રચના કરવામાં આવી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે દુર્લભ અને પ્રાચીન રામાયણો ધરાવતા લોકો તેમને સમિતિને સુપરત કરવા માટે ટૂંક સમયમાં જાહેર જાહેરાત જારી કરવામાં આવશે.

# સુપ્રીમ કોર્ટે શાળાઓમાં છોકરીઓ માટે મફત સેનિટરી પેડ ફરજિયાત કર્યા

## માસિક સ્રાવ સ્વાસ્થ્યનો અધિકાર જીવનના અધિકારનો ભાગ : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે માસિક ધર્મ સ્વાસ્થ્યનો અધિકાર બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જીવનના અધિકારનો એક ભાગ છે, કારણ કે તેણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (જ) ને નિર્દેશ આપ્યો છે કે તમામ સરકારી અને ખાનગી સહાયિત શાળાઓમાં વિદ્યાર્થીઓને મફત બાયો-ડિગ્રેડેબલ માસિક ધર્મ સેનિટરી પેડ્સ પૂરા પાડવામાં આવે. તેણે એ પણ નિર્દેશ આપ્યો કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ખાતરી કરવી જોઈએ કે બધી શાળાઓમાં સ્ત્રી અને પુરુષ વિદ્યાર્થીઓ માટે અલગ શૌચાલય ઉપલબ્ધ હોય.

જસ્ટિસ જેબી પારડીવાલા અને આર મહાદેવન સહિત બે ન્યાયાધીશોની બેન્ચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો, જેમાં એવો પણ ચુકાદો આપવામાં આવ્યો હતો કે બધી શાળાઓમાં અપંગ-મૈત્રીપૂર્ણ શૌચાલય ઉપલબ્ધ હોવા જોઈએ. જો ખાનગી શાળાઓ આ સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જાય તો તેમની માન્યતા રદ કરવામાં આવશે, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો, જ્યારે ચેતવણી પણ આપી હતી કે આવા કિસ્સાઓમાં સરકારો પણ જવાબદાર રહેશે.

"સુરક્ષિત, અસરકારક અને સસ્તું માસિક ધર્મ સ્વચ્છતા વ્યવસ્થાપન પગલાંની ઍક્સેસ છોકરીને જાતીય અને પ્રજનન સ્વાસ્થ્યના ઉચ્ચતમ ધોરણ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. સ્વસ્થ પ્રજનન જીવનનો અધિકાર શિક્ષણ અને જાતીય સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવવાના અધિકારને સ્વીકારે છે," બાર અને બેન્ચ દ્વારા અહેવાલ મુજબ.

"સમાનતાનો અધિકાર સમાન શરતો પર ભાગ લેવાના અધિકાર દ્વારા વ્યક્ત થાય છે. તે જ સમયે, તકની સમાનતા એ જરૂરી છે કે દરેકને લાભો મેળવવા માટે જરૂરી કુશળતા પ્રાપ્ત કરવાની વાજબી તક મળે," કોર્ટે નોંધ્યું.

ડિસેમ્બર ૨૦૨૪ માં જયા ઠાકુર દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે આ અવલોકનો કર્યા હતા. અરજીમાં, ઠાકુરે કેન્દ્ર સરકારની 'શાળામાં જતી છોકરીઓ માટે માસિક સ્રાવ સ્વચ્છતા નીતિ' ને તમામ શાળાઓમાં સમગ્ર ભારતમાં લાગુ કરવાની માંગ કરી હતી.

શુક્રવારે સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે જો કન્યાઓ માટે માસિક સ્રાવ સ્વચ્છતા વ્યવસ્થાપનના પગલાં ઉપલબ્ધ ન હોય, તો તે "છોકરીઓના ગૌરવ" ને નબળી પાડે છે. કોર્ટે નિર્દેશ કર્યો હતો કે ગોપનીયતા "ગૌરવ સાથે અવિભાજ્ય રીતે જોડાયેલી છે". શુક્રવારનો ચુકાદો, નોંધ્યું હતું કે, તે છોકરીઓ માટે છે જે શાળામાં મદદ માંગવામાં "અચકાય છે".

# આઈ.ટી. ની રેડ બાદ કોન્ફિડન્ટ ગ્રુપના ચેરમેન સીજે રોયની બેંગલુરુમાં પોતાને ગોળી મારીને આત્મહત્યા

બેન્ગલુરુ,

કર્ણાટકના બેંગલુરુમાં લેંગફોર્ડ રોડ પર સ્થિત તેમની ઓફિસમાં આવકવેરા અધિકારીઓ દ્વારા શોધખોળ બાદ કોન્ફિડન્ટ ગ્રુપના અધ્યક્ષ ડૉ. ચિરિયનકંદથ જોસેફ રોયનું શુક્રવારે આત્મહત્યા દ્વારા મૃત્યુ થયું. પ્રાથમિક માહિતી મુજબ, રોયે આઈટી અધિકારીઓની સામે પોતાની ચેમ્બરમાં પોતાની પિસ્તોલથી પોતાને ગોળી મારી લીધી.

ક્રાઈમ અધિકારીઓ અને એફએસએલ ટીમ હાલમાં ઓફિસની અંદર છે. અહેવાલ મુજબ, ડિસેમ્બરમાં કોન્ફિડન્ટ ગ્રુપની ઓફિસોમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

તેમને બેંગલુરુના એચએસઆર લેઆઉટ સેક્ટર ૩ માં નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમનું મોત નીપજ્યું હતું. પોલીસ હવે આ ઘટનાની વધુ તપાસ કરી રહી છે. દરમિયાન, આઈટી વિભાગે રોયની આત્મહત્યા અંગે હજુ સુધી કોઈ નિવેદન જારી કર્યું નથી. રોય કોન્ફિડન્ટ ગ્રુપના સ્થાપક અને અધ્યક્ષ હતા, જે એક રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમૂહ છે જેની સ્થાપના ૨૦૦૫ માં કરવામાં આવી હતી અને તેનું મુખ્ય મથક બેંગલુરુમાં છે. રિયલ એસ્ટેટ વ્યવસાય ઉપરાંત, કંપની હોસ્પિટાલિટી અને શૈક્ષણિક ક્ષેત્રોમાં પણ કાર્યરત છે.

કોન્ફિડન્ટ ગ્રુપની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી અનુસાર, રોય બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં ડોક્ટરેટ અને સ્વિટ્ઝર્લૅન્ડના ઝુરિચમાં જીમ્જી બિઝનેસ સ્કૂલમાંથી હતા. તેમના નેતૃત્વ હેઠળ, ગ્રુપે બાંધકામ ગુણવત્તા અને સમયસર પ્રોજેક્ટ ડિલિવરી માટે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પોતાનું નામ કમાવ્યું. તેમણે કોન્ફિડન્ટ ગ્રુપને અન્ય ક્ષેત્રોમાં તેના વ્યવસાયને વિસ્તૃત કરવામાં પણ મદદ કરી.

કંપની બેંગલુરુ, કોચી અને સંયુક્ત આરબ અમીરાત (છઈ) માં લગભગ ૨૦૦ પ્રોજેક્ટ્સમાં સામેલ હતી. "અમારા સ્થાપક સિદ્ધાંતો અમે જે પ્રતિબદ્ધ છીએ તે પહોંચાડવાના સ્વરૂપમાં સારી રીતે અમલમાં મૂકવામાં આવ્યા છે," રોયે કોન્ફિડન્ટ ગ્રુપની વેબસાઈટ પર ઉપલબ્ધ તેમના સંદેશમાં કહ્યું હતું.

કોન્ફિડન્ટ ગ્રુપ એક વૈવિધ્યસભર ભારતીય સમૂહ છે જે દક્ષિણ ભારતમાં, ખાસ કરીને બેંગલુરુ અને કેરળમાં રિયલ એસ્ટેટમાં તેની મજબૂત હાજરી માટે જાણીતું છે.

૨૦૦૫ માં સીજે રોય દ્વારા સ્થાપિત, ગ્રુપે ટાઉનશીપ, વિલા, એપાર્ટમેન્ટ્સ, મોલ્સ અને હોટલ સહિત મોટા પાયે રહેણાંક અને વ્યાપારી પ્રોજેક્ટ્સ વિકસાવ્યા છે. રિયલ એસ્ટેટ ઉપરાંત, તેના હિતો ગુણવત્તાયુક્ત બાંધકામ અને નવીન ડિઝાઈન પર ધ્યાન કેન્દ્રિત કરીને હોસ્પિટાલિટી, એવિએશન, મનોરંજન, શિક્ષણ અને આરોગ્ય સંભાળમાં ફેલાયેલા છે.

# બાંગ્લાદેશ ચૂંટણી પહેલા હિંસા માટે યુએસ દૂતાવાસે સુરક્ષા ચેતવણી જારી કરી

ઢાકા,

બાંગ્લાદેશમાં યુએસ એમ્બેસીએ શુક્રવારે બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીઓ અને રાષ્ટ્રીય લોકમત દરમિયાન સંભવિત "રાજકીય હિંસા" ની ચેતવણી જાહેર કરી હતી. 'ઉગ્રવાદી હુમલાઓ' ની શક્યતાને ટાંકીને, દૂતાવાસે નાગરિકોને પ્રદર્શનો ટાળવા અને સાવચેતી રાખવાની સલાહ આપી હતી.

બાંગ્લાદેશ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સંસદીય ચૂંટણીઓ અને રાષ્ટ્રીય લોકમત એકસાથે યોજશે.

યુએસએ સંભવિત ઉગ્રવાદી હુમલાઓની ચેતવણી આપી છે

તેણે કહ્યું હતું કે ચૂંટણી સમયગાળા દરમિયાન, "રાજકીય હિંસા અથવા ઉગ્રવાદી હુમલાઓ થઈ શકે છે, જે સંભવિત રીતે રેલીઓ, મતદાન મથકો અને ધાર્મિક સ્થળોને લક્ષ્ય બનાવી શકે છે."

સુરક્ષા ચેતવણી મુજબ, યુએસ નાગરિકોને પ્રદર્શનો ટાળવા અને મોટા મેળાવડા નજીક સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી હતી. "યાદ રાખો કે શાંતિપૂર્ણ રાખવાના હેતુથી કરવામાં આવતા પ્રદર્શનો અથવા રેલીઓ સંઘર્ષમાં ફેરવાઈ શકે છે અને હિંસામાં પરિણમી શકે છે," યુએસ એમ્બેસી વેબસાઈટ પર સુરક્ષા ચેતવણીમાં જણાવાયું છે.

તેણે એ પણ માહિતી આપી હતી કે બાંગ્લાદેશ સરકારે ૧૦ ફેબ્રુઆરીએ મોટરસાયકલ માટે પ્રતિબંધો અને ૧૧ અને ૧૨ ફેબ્રુઆરીએ તમામ પરિવહન માટે પ્રતિબંધો જાહેર કર્યા છે.

ઢાકામાં યુએસ એમ્બેસીએ ૧૧ અને ૧૨ ફેબ્રુઆરીએ સ્થળ પર મર્યાદિત સેવાઓ પણ જાહેર કરી છે, તેમ જણાવ્યું હતું.

# સર્બિયન પોલીસે પાંચ ટન ગાંજો અને એસોલ્ટ રાઈફલ્સ જપ્ત કર્યા

બેલગ્રેડ,

એક મહત્વના ઘટનાક્રમમાં સર્બિયન ગૃહપ્રધાન ઈવિકા ડેસિકે મોડી રાત્રે જણાવ્યું હતું કે, સર્બિયન પોલીસે મધ્ય સર્બિયાના એક ગામમાં એક નાની કૃષિ અને વેપાર કંપની પર દરોડા પાડ્યા બાદ પાંચ ટન ગાંજો જપ્ત કર્યો છે, જે દેશમાં અત્યાર સુધીનો સૌથી મોટો જથ્થો છે.

તેમણે બે લોકોની ધરપકડ કરી છે પરંતુ એક શંકાસ્પદ હજુ પણ ફરાર છે, એમ તેમણે જણાવ્યું હતું.

ડેસિકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ એક રેકોર્ડ પકડ છે," તેમણે ઉમેર્યું હતું કે પોલીસે ચાર એસોલ્ટ રાઈફલ્સ અને એક એન્ટી-ટેન્ક રોકેટ લોન્ચર પણ જપ્ત કર્યું છે.

સર્બિયામાં ગાંજોનું ઉત્પાદન ગેરકાયદેસર રહે છે, જોકે કાર્યકરો ઔષધીય ઉપયોગ માટે તેના કાયદેસરકરણને પ્રોત્સાહન આપી રહ્યા છે.

ડેસિકે કહ્યું કે તપાસથી ગાંજાના મૂળની ખાતરી થશે.

સર્બિયા, જે યુરોપિયન યુનિયનમાં જોડાવા માંગે છે, તેણે તાજેતરના વર્ષોમાં ડ્રગ હેરફેર અને ઉત્પાદન સામે પ્રયાસો ઝડપી બનાવ્યા છે. મોટાભાગની દવાઓ મધ્ય પૂર્વ અને લેટિન અમેરિકાથી સર્બિયા પહોંચે છે.

# ઝેલેન્સકીએ રશિયામાં પુતિન સાથેની મુલાકાતના ક્રેમલિનના પ્રસ્તાવને નકારી કાઢ્યો

કિવ,

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ શુક્રવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને કિવ આવવા માટે જાહેરમાં પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે જો રશિયા પણ આવું જ કરશે તો જ યુક્રેન તેના હુમલા બંધ કરશે.


કિવમાં પત્રકારો સાથે વાત કરતા, ઝેલેન્સકીએ કહ્યું કે યુક્રેન તણાવ ઓછો કરવા માટે નક્કર પગલાં લેવા તૈયાર છે. "જો રશિયા આપણા ઉર્જા માળખા, ઉત્પાદન સુવિધાઓ અથવા અન્ય કોઈપણ ઉર્જા સંપત્તિ પર હુમલો નહીં કરે, તો અમે તેમના પર હુમલો કરીશું નહીં," તેમણે કહ્યું. "અમે યુદ્ધનો અંત લાવવા માંગીએ છીએ અને અમે તણાવ ઘટાડવા માટે તૈયાર છીએ."

ઝેલેન્સકીની ટિપ્પણી ત્યારે આવી જ્યારે તેમણે પુનરોચ્ચાર કર્યો કે પુતિન સાથે વાટાઘાટો માટે મોસ્કોની મુસાફરી અશક્ય છે. જોકે, તેમણે કહ્યું કે તેઓ રશિયા સિવાય કોઈપણ દેશમાં શાંતિ વાટાઘાટો માટે પુતિન અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બંનેને મળવા તૈયાર છે. "હું તેમને કિવમાં આમંત્રણ આપી શકું છું, તેમને આવવા દો," ઝેલેન્સકીએ કહ્યું. "જો તેઓ હિંમત કરે તો, હું તેમને જાહેરમાં આમંત્રણ આપી રહ્યો છું."

તેમની ટિપ્પણીઓ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે રશિયા આ ક્ષેત્રમાં ભારે ઠંડીને કારણે એક અઠવાડિયાના યુદ્ધવિરામ માટે સંમત થયું છે. વ્હાઈટ હાઉસ ખાતે કેબિનેટની બેઠક પહેલા બોલતા, ટ્રમ્પે કહ્યું કે પુતિન ઠંડીના કારણે યુદ્ધવિરામ માટે સંમતિ આપી છે.

# ટ્રમ્પે કેનેડાને અમેરિકામાં વેચાતા વિમાનો પર ૫૦% ટેરિફ લગાવવાની ધમકી આપી

## અમેરિકન પ્રમુખની કેનેડાને ટેરીફ મામલે વધુ એક વાર ધમકી



વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાને અમેરિકામાં વેચાતા કોઈપણ વિમાન પર ૫૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી હતી, જે અમેરિકાના ઉત્તરીય પાડોશી સાથેના વેપાર યુદ્ધમાં તાજેતરનો ઉપાય છે કારણ કે વડા પ્રધાન માર્ક કાર્ની સાથે તેમનો ઝઘડો વધી રહ્યો છે.

ટ્રમ્પની ધમકીમાં કોઈ વિગતો આપવામાં આવી નથી

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલી ધમકીમાં તેમણે સપ્તાહના અંતે ધમકી આપી હતી કે જો કેનેડા ચીન સાથે આયોજિત વેપાર સોદો કરશે તો તેમાંથી આયાત થતા માલ પર ૧૦૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. પરંતુ ટ્રમ્પની ધમકીમાં તેઓ આયાત કર ક્યારે લાદશે તે અંગે કોઈ વિગતો આપવામાં આવી નથી, કારણ કે કેનેડા પહેલાથી જ એક કરાર કરી ચૂક્યું છે.ટ્રમ્પની તાજેતરની ધમકીમાં, રિપબ્લિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ જ્યોર્જિયા સ્થિત ગલ્ફસ્ટ્રીમ એરોસ્પેસના સવાનાહના જેટને પ્રમાણિત કરવાનો ઈનકાર કરવા બદલ કેનેડા સામે બદલો લઈ રહ્યા છે. ટ્રમ્પે કહ્યું કે અમેરિકા બદલામાં, તેના બોમ્બાર્ડિયર સહિત તમામ કેનેડિયન વિમાનોને પ્રમાણિત કરશે. "જો કોઈ પણ કારણોસર, આ પરિસ્થિતિ તાત્કાલિક સુધારવામાં નહીં આવે, તો હું કેનેડા પર યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં વેચાતા કોઈપણ અને તમામ વિમાનો પર ૫૦ ટકા ટેરિફ વસૂલ કરીશ," ટ્રમ્પે તેમની પોસ્ટમાં જણાવ્યું હતું.

બીજા વિકાસમાં, ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા જે ક્યુબાને તેલ વેચતા અથવા પૂરું પાડતા દેશોના કોઈપણ માલ પર ટેરિફ લાદશે, આ પગલું મેક્સિકો પર દબાણ લાવશે.

જોકે, મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે આ અઠવાડિયે કહ્યું હતું કે તેમની સરકારે ઓછામાં ઓછા અસ્થાયી રૂપે ક્યુબામાં તેલ શિપમેન્ટ બંધ કરી દીધું છે, પરંતુ કહ્યું હતું કે તે "સાર્વભૌમ નિર્ણય" છે જે યુનાઈટેડ સ્ટેટ્સના દબાણ હેઠળ લેવામાં આવ્યો નથી. ટ્રમ્પ ક્યુબા સરકારથી દૂર રહેવા માટે મેક્સિકોને દબાવી રહ્યા છે.

# કોંગ્રેસે બંદૂકો, ગોળીઓ, મૃત્યુ સિવાય આસામને શું આપ્યું: અમિત શાહ

## રાહુલ ગાંધીનો પૂર્વોત્તર પ્રત્યેનો દ્વેષ શું છે? ભાજપ પ્રદેશની સંસ્કૃતિનો કોઈ અનાદર સહન કરશે નહીં



ડિબ્રુગઢ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આસામના દિબ્રુગઢમાં એક જાહેર રેલી દરમિયાન કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા. રાજ્યની સંસ્કૃતિનું અપમાન કરવાનો આરોપ લગાવતા, ગૃહમંત્રીએ આસામમાં હિંસા અને અરાજકતા માટે તેમને જવાબદાર ઠેરવ્યા. ચૂંટણીલક્ષી રાજ્ય આસામમાં એક જાહેર સભાને સંબોધતા શાહે કહ્યું કે રાષ્ટ્રપતિના 'એટ હોમ' કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધી એકમાત્ર એવા વ્યક્તિ હતા જેમણે આસામી ગામોસા પહેર્યા નહોતા. "હું કોંગ્રેસ પાર્ટીને પૂછવા માંગુ છું: રાહુલ ગાંધીએ આસામી ગામોસા કેમ ન પહેર્યા? રાષ્ટ્રપતિ ભવનમાં હાજર દરેક વ્યક્તિ, જેમાં આંતરરાષ્ટ્રીય મહેમાનોનો પણ સમાવેશ થાય છે, તે પહેરતા હતા. રાહુલ ગાંધીનો પૂર્વોત્તર પ્રત્યેનો દ્વેષ શું છે? ભાજપ પ્રદેશની સંસ્કૃતિનો કોઈ અનાદર સહન કરશે નહીં."

આસામમાં અરાજકતા અને હિંસા ભડકાવવા બદલ વિપક્ષ પર વધુ હુમલો કરતા તેમણે કહ્યું, "હું રાહુલ ગાંધીને પૂછું છું કે કોંગ્રેસે બંદૂકો, ગોળીઓ, સંઘર્ષો અને મૃત્યુ સિવાય આસામને શું આપ્યું છે." ઘૂસણખોરી અને અતિક્રમણના મુદ્દાનો ઉલ્લેખ કરતા શાહે વિપક્ષ પર તેનો ઉપયોગ તેમની વોટ બેંક વધારવા માટે કરવાનો પણ આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસે ઘૂસણખોરીને તેના વોટ બેંક રાજકારણ માટે હથિયાર તરીકે ઉપયોગ કર્યો. તેમણે ઉમેર્યું કે ભાજપ સત્તામાં આવ્યા પછી આસામમાં કોઈ ઘૂસણખોરી થઈ નથી. જે લોકો ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા છે તેમને ઓળખીને પાછા મોકલવામાં આવશે.

ત્યારબાદ શાહે આસામમાં ભાજપ સરકાર દ્વારા પૂર્ણ કરાયેલા પ્રોજેક્ટ્સ પર પ્રકાશ પાડતા કહ્યું કે પછી તે રેલ્વે હોય, જળમાર્ગ હોય, એરપોર્ટ હોય કે ઉદ્યોગો સ્થાપવા હોય, ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આસામને દરેક ક્ષેત્રમાં પ્રાથમિકતા આપવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે થોડા દિવસો પહેલા, ૨૬-૨૭ જાન્યુઆરીના રોજ, ભારત સરકારે યુરોપિયન યુનિયનના ૨૭ દેશો સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# પ્રેમિકાને ઉપાડી જવા તેની માતા અને ભાઈનું અપહરણ, ૪ ઝબ્બે

## પ્રેમિકાના લગ્ન વાલીઓએ અમદાવાદ કરાવતાં પ્રેમી ઉશ્કેરાયો ,પોલીસે અપહૃત માતા-પિતાને મુક્ત કરાવી આરોપીઓને દબોચી લીધા



રાજકોટઃ પ્રેમિકાના તેના વાલીઓએ બીજે લગ્ન કરાવી દેતા તેનુ સરનામુ મેળવી તેનું અપહરણ કરવા માટે એક શખ્સે તેની માતા અને ભાઈનું અપહરણ કરી લેતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ભાડલા નજીકથી પોલીસે અપહૃત માતા અને પુત્રને મુક્ત કરાવી ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યા પ્રમાણે મૂળ બોટાદના ગઢડા તાલુકાના જનડા ગામનો બાબુ ઉર્ફે કૃણાલ માલાભાઈ મીઠાર (ઉ.વ. ૨૯) સાધુ વાસવાણી રોડ પર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહે છે અને દૂધનો ધંધો કરે છે. તેને પાડોશમાં રહેતી યુવતી સાથે પ્રેમસબંધ હોવાથી બે મહિના પહેલા તેને ભગાડી ગયો હતો. જોકે બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ જતા પરત આવી ગયો હતો. ત્યાર પછી તેની પ્રમિકાના પરિવારજનોએ દસ જ દિવસ પહેલા તેના અમદાવાદ લગ્ન કરાવી નાખ્યા હતા. જેને કારણે બાબુ ઉર્ફે કૃણાલ રોષે ભરાયો હતો. તેને એવો રોષ હતો કે પ્રેમિકાને તેના પરિવારજનોએ તેનાથી દુર કરી દીધી છે. આ સ્થિતિમાં પ્રેમિકાને પામવા માટે તેને ઉપાડી જવાનું નક્કી કર્યુ હતું. પરંતુ પ્રેમિકાનું તેની પાસે સરનામુ ન હતું. જેને કારણે સરનામુ મેળવવા માટે પ્રેમિકાની માતા કે પરિવારના કોઈ સભ્યનું અપહરણ કરી તેને અમદાવાદ લઈ જઈ ત્યાંથી પ્રેમિકાને પણ ઉપાડી લેવાની યોજના બનાવી હતી. આ માટે ચાર મિત્રોને તૈયાર કર્યા હતા. એટલું જ નહી અપહરણ માટે સેલ્ફ ડ્રાઈવમાં અર્ટીગા અને ઓરા કાર લીધી હતી. ગઈકાલે સાંજે ચાર મિત્રો સાથે પ્રેમિકાના પરિવારનાં સભ્યોનું અપહરણ કરવા નિકળ્યો હતો. પ્રેમિકાના પિતા મળી જતા તેનો પીછો કર્યો હતો. પરંતુ તેને ગંધ આવી જતા પત્ની અને પુત્રને સાધુ વાસવાણી રોડ પરના ગંગોત્રી પાર્ક પાસેની હોટલે બોલાવી લીધા હતા.

તે વખતે બાબુ ઉર્ફે કૃણાલ અને તેના મિત્રો કારમાં ત્યાં આટાફેરા કરતા રહ્યા હતા. આખરે પ્રેમિકાના પિતા પત્ની અને પુત્રને ઘરે રવાના કરી નોકરીએ જતા રહ્યા હતા. પાછળથી બાબુ ઉર્ફે કૃણાલ અને તેના મિત્રોએ ગંગોત્રી પાર્ક પાસેથી પ્રેમિકાની માતા અને તેના ૧૪ વર્ષના ભાઈનું અપહરણ કરી લીધુ હતું. એક જાગૃત નાગરીક મારફત જાણ થતા ગાંધીગ્રામ-૨ નાં પી.આઈ. એચ.એન.પટેલે પોલીસની ટીમોને કામે લગાડી હતી. પ્રેમિકાના માતાના મોબાઈલનાં લોકેશનનાં આધારે અને ભાડલા ઉપરાંત આટકોટ પોલીસની મદદથી આખરે પોલીસે બંને અપહૃતોને મુક્ત કરાવી ચાર આરોપીઓને ઝડપી લીધા હતા.

જેમાં બાબુ ઉર્ફે કૃણાલ, તેના મિત્રો ભરત જીવાભાઈ કલોત્રા (ઉ.વ. ૩૦, રહે. માનસરોવરના ઢાળે), અલ્પેશ રમેશભાઈ ઠાકોર (ઉ.વ. ૨૦, રહે. માટેલ, તા.વાંકાનેર) અને જયદીપ મહેશ લિંબાસીયા (ઉ.વ. ૨૪, રહે. ન્યુ સાગર સોસાયટી, ૪૦ ફૂટ રોડ)નો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યુ કે આરોપી બાબુ ઉર્ફે કૃણાલ પ્રેમિકાની માતા અને ભાઈને અમદાવાદ લઈ જવાનો હતો. જ્યાંથી પ્રેમિકાનું અપહરણ કરવાનો હતો. તેના વિરૂદ્ધ ગઢડા પોલીસ મથકમાં ૨૦૧૬ની સાલમાં અપહરણ અને પોક્સોનો ગુનો નોંધાઈ ચુક્યો છે. ઓરા કાર સાથે એક આરોપી ભાગી જતા તેની શોધખોળ જારી રાખવામાં આવી છે.

# ૨૯ કિલો ગાંજા સાથે બે ઝડપાયાઃરાજકોટ SOGએ ગોંડલમાંથી રૂ. ૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



ગોંડલઃ રાજકોટ ગ્રામ્ય પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એ ગોંડલ તાલુકા વિસ્તારમાંથી માદક પદાર્થ ગાંજાના મોટા જથ્થા સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહીમાં ગાંજો, વાહન અને રોકડ સહિત કુલ રૂ. ૨૧,૭૩,૯૧૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડની સૂચનાથી માદક પદાર્થોની હેરાફેરી રોકવા માટે જીઁની ટીમ કાર્યરત હતી. આ દરમિયાન પી.આઈ. એફ.એ. પારગી અને તેમની ટીમના પો.કોન્સ. નિર્મળસિંહ ચુડાસમાને ખાનગી બાતમી મળી હતી.

બાતમી મુજબ, મુંગાવાવડી ગામથી દાળીયા ગામ તરફ જતા જાહેર રસ્તા પર નશાનો જથ્થો પસાર થવાનો હતો. પોલીસે વોચ ગોઠવી એક બોલેરો પીકઅપ વાહનને અટકાવ્યું હતું. તલાશી લેતા તેમાંથી ૨૯ કિલો અને ૦૩ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત આશરે રૂ. ૨.૯૦ લાખ થાય છે. પોલીસે આ મામલે અશરફ ઉર્ફે અપ્પુ રાજુભાઈ પટ્ટણી અને શાહનવાજ રાજુભાઈ પટ્ટણી (બંને રહે. ભાયાવદર) ને ઝડપી પાડ્યા છે.આ ગુનામાં અન્ય ત્રણ શખ્સો સમીર દિલાવરભાઈ પટ્ટણી, અસફાક મનસુરભાઈ ખોખર અને ઓરિસ્સાના શુશાંતકુમાર લેનકાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. તેમને પકડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નિવૃતિ બાદ પણ લાંચ!: રૂ.૪૫,૦૦૦ની લાંચ સ્વીકારતા પ્યુન અને આસી. એકાઉન્ટ ઓફિસર ઝડપાયા

## એરિયર્સ બિલ મંજૂર કરવા રૂ.૫૦,૦૦૦ની લાંચ માંગી'તી



રાજકોટઃરાજકોટ શહેર એસીબી દ્વારા ટ્રેપ ગોઠવી પ્યુન અને આસિસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસરને રૂપિયા ૪૫,૦૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડી નિવૃત ઈન્કમટેક્ષ ઈન્સ્પેક્ટર સહિત ત્રણ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં એસીબી દ્વારા પટાવાળા અક્ષય વાગડિયા અને આસી.એકાઉન્ટ ઓફિસર રવિકુમાર જાંગીડની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ દ્વારા ફરિયાદી પાસે તેનું એરિયર્સ બિલ મંજૂર કરવા રૂપિયા ૫૦,૦૦૦ લાંચની માંગણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે નિવૃતિના બે વર્ષ બાદ પણ ભુજ ખાતે રહેતો શૈલેષ ચૌહાણ ઝોનલ એકાઉન્ટ ઓફિસનો વહીવટ કરતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ આપતા જણાવ્યું હતું કે, ચાર લાખ એરીયસ બીલ મંજુર કરવા આરોપી રવિ જાંગીડએ એરીયસ બીલ મંજુર કરવા બીલના ૨૦% લેખે ૮૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી જે રકઝકના અંતે ૫૦,૦૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમા ફરિયાદી પાસે આરોપી રવિએ અગાઉ એડવાન્સમા ૫૦૦૦ લીધા હતા અને બાકીના ૪૫૦૦૦ તા.૨૯.૦૧.૨૦૨૬ના રોજ આપવાનુ નક્કી થયું હતું. પરંતુ કોઈ કારણસર રૂપીયા લીધા નહી અને આરોપી શૈલેષ ચૌહાણએ ફોન પર વાતચીત કરી હવાલો આપતા આજરોજ આરોપી શૈલેષએ આરોપી અક્ષયને ફોન કરી ફરીયાદીનો સંપર્ક કરી લાંચની રકમ લેવાનો વાયદો કર્યો હતો.

ફરીયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી એસીબીમાં ફરિયાદ આપતા લાંચનું છટકુ ગોઠવી આરોપી રવિના કહેવાથી આરોપી શૈલેષએ ફરીયાદી સાથે વાતચીત કરી આરોપી અક્ષયએ બજરંગ ઈમિટેશન દુકાન પાસે ગિરનાર સિનેમા સામે લાંચની રકમ રૂ.૪૫,૦૦૦ ટ્રેપ દરમિયાન સ્વીકારી હતી. હાલ એસીબીએ બન્ને આરોપીને ઝડપી પાડી ભુજના નિવૃત અધિકારીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે આરોપી રવિકુમાર સુરેશકુમાર જાંગીડ (ઉ.વ.૩૮) મિનિસ્ટ્રી ઓફ ફાયનાન્સમાં આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફીસર તરીકે કામ કરી રહ્યો છે જયારે શેલેષ ચોહાણ નિવૃત્ત ઈન્કમટેક્ષ ઈન્સપેક્ટર છે અને અક્ષય શેલેષભાઇ વાગડીયા (ઉ.વ.૩૩) ઈન્કમટેક્ષ ઓફિસમાં પટાવાળા તરીકે ફરજ બજાવે છે.

# 'મારી બેન સામે કેમ જુએ છે?' કહી લૂંટનાર ત્રિપુટી ઝડપાઈ: અગાઉ પણ નકલી પોલીસ બની પૈસા પડાવ્યા હતા



રાજકોટઃરાજકોટ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત ૨૩ તારીખના રોજ નોંધાયેલ લૂંટના ગુનામાં પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી લૂંટમાં ગયેલ બે બાઈક અને મોબાઈલ સહિત કુલ ૧ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં પકડાયેલ આરોપીઓ અગાઉ પણ અલગ-અલગ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યા હોવાનું સામે આવ્યું છે.ઉલ્લેખનીય છે કે, ત્રણ પૈકી બે આરોપીઓ દ્વારા અગાઉ ડુપ્લીકેટ પોલીસ બની લૂંટ ચલાવવામાં આવી હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

રાજકોટ શહેર એસીપી બી જે ચૌધરીએ જણાવ્યું હતું કે, ગત ૨૩ જાન્યુઆરીના રોજ એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક લૂંટની ફરિયાદ નોંધાઈ હતી જેમાં ગણતરીની કલાકોમાં આ ગુનામાં સંડોવાયેલ ત્રણ આરોપી સમીર ચાનીયા (ઉ.વ.૨૪), સલીમ ઠેબા (ઉ.વ.૨૪) અને અજરૂદીન સફિયા (ઉ.વ.૨૩)ની એ ડિવિઝન પોલીસે ધરપકડ કરી તેની પાસેથી કુલ લૂંટમાં વપરાયેલ બાઈક સહીત મોબાઈલ મળી કુલ ૧.૦૫ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પકડાયેલ આરોપીઓ પૈકી સમીર ચાનીયા (ઉ.વ.૨૪) વિરુદ્ધ રાજકોટ શહેરમાં અલગ-અલગ ત્રણ ગુના, આરોપી સલીમ ઠેબા (ઉ.વ.૨૪) વિરુદ્ધ રાજકોટ-જામનગર મળી કુલ ૮ ગુના નોંધાઈ ચુક્યા છે તેમજ બે વખત પાસા હેઠળ પણ ધકેલાઈ ચુક્યો છે. બન્ને આરોપીઓ દ્વારા ગત વર્ષે રાજકોટ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ ડુપ્લીકેટ પોલીસ બની રૂપિયા પડાવ્યા હોવાની પણ ફરિયાદ નોંધાઈ ચુકી છે. આરોપીઓની મોડેસ ઓપરેન્ડી જ મુખ્ય એ છે કે, કોઈપણ રીતે ધાક ધમકી અને માર ફૂટ કરી ચોરી અને લૂંટના ગુનાને અંજામ આપવો.આરોપીઓ પૈકી સલીમ ઠેબાનો મિત્ર અજરૂદીન સાફિયા જામનગરથી રાજકોટ પોતાના બેનના ઘરે આવ્યો હતો. આ દરમિયાન બને આરોપીઓએ અજરૂદીનને સાથે લઈ આ લૂંટના ગુનાને અંજામ આપ્યો હોવાનું સામે આવતા પોલીસે ત્રયેણ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ફરિયાદી સંજયભાઈ પરમાર રાત્રી દરમિયાન એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઉભો હતો અને ફોનમાં તેના મિત્ર સાથે વાત કરતો હતો. આ દરમિયાન આરોપીઓ આવી સામે ઉભેલી મારી બહેન સામે કેમ જોવશ કહી ખોટી રીતે માર મારી લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો.

## એસઓજીએ સતત બીજા દિવસે સપાટો બોલાવ્યો

# ચોરવિરામાં કાર્બોસેલની ૨૦ ગેરકાયદે ખાણ ઝડપાઈ, ૫૦ મજૂરોનું રેસ્ક્યૂ



સાયલા : સાયલા પંથકમાં એસઓજીએ સતત બીજા દિવસે દરોડાની કામગીરી હાથ ધરી ચોરવિરામાં કાર્બોસેલની ૨૦ ગેરકાયદે ખાણ ઝડપી પાડી ૫૦ મજૂરોનું રેસ્ક્યૂ કર્યું હતું. પોલીસે ૧૫ ચરખી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઉલ્લેખનીય છેકે, છેલ્લા ચાર મહિનામાં ચોરવીરા, ઈશ્વરિયા ગામમાં ૧૦૨ કૂવાઓ ઝડપાતા સ્થાનિક તંત્રની કામગીરી સામે સવાલ ઉઠી રહ્યાં છે.સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પંથકમાં ગેરકાયદેસર ખનિજ ચોરીનો વ્યાપ વધતા એસઓજી (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ની ટીમે દરોડા પાડવાનું શરૂ કર્યું છે. સાયલાના ચોરવિરા વિસ્તારમાં સતત બીજા દિવસે એસ.ઓ.જી.ની ટીમે આકસ્મિક દરોડા પાડી ગેરકાયદેસર કાર્બોસેલનું ખોદકામ ઝડપી પાડ્યું છે.આ કામગીરી દરમિયાન ૨૦ જેટલી ગેરકાયદેસર ખાણો ઝડપી પાડવામાં આવી હતી. દરોડા દરમિયાન જોખમી રીતે કામ કરી રહેલા ૫૦ જેટલા મજૂરોને સુરક્ષિત રીતે બહાર કાઢી તેમનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી ૧૫ ચરખી મશીનો અને મોટા પ્રમાણમાં કાર્બોસેલનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે આગળની તપાસ ખાણ ખનિજ વિભાગને સોંપવામાં આવી છે.ચોરવિરા વિસ્તારમાં લાંબા સમયથી ખનિજ માફિયાઓ સક્રિય છે, ત્યારે એસ.ઓ.જી.ની આ કાર્યવાહીથી સ્થાનિક પોલીસ અને ખાણ ખનિજ વિભાગની ભૂમિકા શંકાના દાયરામાં આવી છે. વારંવાર કરોડો રૂપિયાનો કાર્બોસેલ જપ્ત થવા છતાં આ પ્રવૃત્તિ કેમ અટકતી નથી તે એક મોટો પ્રશ્ન છે. આ દરોડાથી ખનિજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ઉપલેટા પાલિકામાં હલ્લાબોલઃ ચીફ ઓફિસરના ટેબલ પર કચરો ઠાલવ્યો




ઉપલેટાઃઉપલેટા શહેરમાં સફાઈ વ્યવસ્થા અને ગંદકીના પ્રશ્ને રાજકારણ ગરમાયું છે. ઉપલેટા નગરપાલિકાની જનરલ બોર્ડની બેઠક મળે તે પહેલાં જ કોંગ્રેસના ચૂંટાયેલા સદસ્યોએ નાગરિકોની સમસ્યાને લઈ પાલિકા તંત્ર સામે મોરચો માંડ્યો હતો અને અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું હતું.શહેરમાં છેલ્લા એકાદ મહિનાથી ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી ખોરંભે પડી છે. કચરો એકત્ર કરતા વાહનો અનિયમિત આવતા હોવાને કારણે શહેરની શેરીઓ અને મહોલ્લાઓમાં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. સ્થાનિક નાગરિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા અંતે વિપક્ષે આક્રમક વલણ અપનાવ્યું હતું.ઉપલેટા શહેર કોંગ્રેસ પ્રમુખ લખમણભાઈ ભોપાળા અને અન્ય ચૂંટાયેલા સદસ્યો શહેરના વિવિધ વિસ્તારોમાંથી કચરાની થેલીઓ ભરીને સીધા નગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા.આ વિરોધ પ્રદર્શન ત્યારે ઉગ્ર બન્યું જ્યારે કોંગ્રેસના કાર્યકરો ચીફ ઓફિસરની ચેમ્બરમાં પ્રવેશ્યા હતા અને સાથે લાવેલો કચરો ચીફ ઓફિસરના ટેબલ પર ઠાલવી દીધો હતો.

આ દ્રશ્યો જોઈને કચેરીમાં સોપો પડી ગયો હતો.

લખમણભાઈ ભોપાળાએ જણાવ્યું હતું કે, "વાહનોની અનિયમિતતાને કારણે ગલીઓમાં ગંદકીના ગંજ ખડકાયા છે. આજે અમે જાતે કચરો એકઠો કરી ચીફ ઓફિસરને સુપરત કર્યો છે.ભૂગર્ભ ગટરનું કામ ચાલતું હોય?થોડો સમય લોકોને યાતના રહેશે?ચીફ ઓફિસરનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે હાલ ઉપલેટામાં ઘણા રસ્તા ઉપર ભૂગર્ભ ગટરનું કામ ચાલતું હોવાથી ડોર ટુ ડોર કચરો એકઠો કરવો થોડું મુશ્કેલ છે અને હાલ નગરપાલિકા પાસે માત્ર બે જ ટીપર વાનના ડ્રાઈવર છે, તેથી થોડી તકલીફ થઈ રહી છે પણ વહેલી તકે આનો ઉકેલ કરી ફરી પાછો ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવામાં આવશે.

# ખોડલધામ મંદિર આસપાસ સિંહના આંટાફેરા

## ખેડૂતો અને સ્થાનિકોમાં ભય, વન વિભાગને જાણ કરાઈ



જેતપુરઃજેતપુર તાલુકાના કાગવડ સ્થિત વિશ્વવિખ્યાત ખોડલધામ મંદિર આસપાસના વિસ્તારમાં સિંહના આંટાફેરા જોવા મળ્યા છે. આ ઘટનાને કારણે ખેડૂતો અને સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે, જેના પગલે વન વિભાગને જાણ કરવામાં આવી છે.રાત્રિના સમયે ખેતરો અને ખુલ્લા વિસ્તારોમાં સિંહ દેખાવાની ઘટનાઓ સામે આવી રહી છે, જેનાથી ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. ખોડલધામ મંદિર નજીકના ખુલ્લા વિડી જેવા વિસ્તારમાં સિંહની હાજરી નોંધાઈ છે.સિંહના આંટાફેરાના કારણે પશુપાલકો અને ખેડૂતોમાં ભય ફેલાયો છે. સ્થાનિક લોકોએ વન વિભાગને તાત્કાલિક પેટ્રોલિંગ વધારવા અને સિંહને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં ખસેડવાની માંગ કરી છે.આ ઉપરાંત, મંદિર દર્શન માટે આવતા ભાવિકો તથા વાહનચાલકોને પણ સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં સિંહની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.

# જુગારધામ પર પોલીસનો દરોડો

## ચાર શખ્સો રોકડ અને ગંજીપાના સાથે ઝડપાયા

કોટડાસાંગાણીઃકોટડાસાંગાણી તાલુકાના શાપર-વેરાવળમાં પોલીસે જુગારધામ પર દરોડો પાડી ચાર શખ્સોને ઝડપી પાડ્યા છે. અતુલ ઓટો પાસેના પટ વિસ્તારમાં જાહેર જગ્યાએ જુગાર રમાતો હોવાની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે જુગાર રમતા શખ્સો પાસેથી રૂ. ૧૦,૧૫૦ રોકડા અને ગંજીપાના જપ્ત કર્યા છે.ઝડપાયેલા શખ્સોમાં મહેન્દ્ર બાબુરામ લોધી, કૃષ્ણકુમાર દયાસંકર લોધી, સંદીપ કલુભાઈ કુસવાહા અને અવધેશરામ રામઅવતાર રામનો સમાવેશ થાય છે. પોલીસે આ ચારેયને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા.પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગાર પ્રતિબંધક કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જાહેર સ્થળોએ જુગાર રમવાથી સામાજિક અશાંતિ અને ગુનાહિત પ્રવૃત્તિઓ વધતી હોવાથી આવી કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે, તેમ પોલીસે જણાવ્યું હતું.શાપર-વેરાવળ પોલીસ દ્વારા સ્થાનિક વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ યુવાનોને ખોટી પ્રવૃત્તિઓથી દૂર રાખવા માટે આવા અસામાજિક તત્વો સામે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે.

# નશામાં ધૂત થાર ચાલકે ઉત્પાત મચાવ્યો,રસ્તા પર એક્શન ફિલ્મ જેવા દ્રશ્યો સર્જાયા

## ડ્રાઈવરને કાબૂમાં લેવા ઈન્સપેક્ટરે રિવોલ્વર કાઢી, રોષે ભરાયેલા લોકોએ 'મેથીપાક' ચખાડ્યો

રાજકોટઃરાજકોટના ઉપલેટા તાલુકાના ભાયાવદરમાં શુક્રવારે (૩૦ ફેબ્રુઆરી) સાંજે એક્શન ફિલ્મને ટક્કર મારે એવા દ્રશ્યો સર્જાયા હતા.બેફામ થાર ચાલકે નશાની હાલમાં રસ્તા પર રીતસરનો આતંક મચાવ્યો હતો. શેઠ વડાળા પંથકમાં ચારથી પાંચ વાહનનો અડફેટે લઈ ફરાર થયો હતો. જે બાદ ભાયાવદરના સરદાર ચોકમાં પણ તેનો પીછો કરતી પોલીસની વાનને ટક્કર મારી હતી. થાર ચાલકને કાબૂમાં લેવા માટે પોલીસ ઈન્સપેક્ટરે રિવોલ્વર કાઢી હોવાના વીડિયો પણ સામે આવ્યા છે.

ઘટનાની વિગતો અનુસાર, જામનગરના મહેન્દ્રસિંહ જાડેજા (થાર ચાલક) દારૂના નશામાં બે-ફીકરાઈથી અને માણસોની જીંદગી જોખમાય તે રીતે તેના હવાલાવાળી થાર (GJ-10-EC-7215) લઈને નીકળ્યો હતો. જેણે શેઠ વડાળા પંથકમાં દારૂના નશામાં ચારથી પાંચ વાહનોને અડફેટે લઈ અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો. જેને લઈ શેઠ વડાળા પોલીસની '૧૧૨' વાન તેનો પીછો કરી રહી હતી. આ અંગે માહિતી ભાયાવદર પોલીસને મળી હતી. જે બાદૈં વી.સી. પરમાર અને તેમની ટીમે અરણી રોડ અને સરદાર ચોક ખાતે નાકાબંધી કરી હતી.એટલું જ નહી PI વી.સી પરમાર સહિતના પોલીસ કર્મચારીઓ ભાયાવદર ગામે અરણી રોડની ગોળાઈ પર રસ્તો રોકી ઉભા હતા. ત્યારે અચાનક બેફામ રીતે આવી રહેલા થાર ચાલકને કાબૂમાં લેવા એટલે કે અટકાવવાનો પ્રયાસ કર્યો. જો કે થાર ચાલકે ઉભા રહેવાને બદલે થારને પુરઝડપે ભગાવી અને બે-ફીકરાઈથી હંકારી મૂકી હતી. એ સાથે જ પોલીસની વાને થાર ચાલકનો પીછો કરી તેને અટકાવવાનો પ્રયાસ કર્યો. થારનો પીછો કરતા સમયે સરદાર ચોક ખાતે પહોંચ્યા ત્યારે પોલીસની વાનને પણ આ બેફામ થાર ચાલકે ટક્કર મારી હતી.એ સમયે ત્યાં થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો. સાથે જ કોઈ એક્શન ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું હોવા એવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આ સાથે જ અન્ય પોલીસ કર્મચારી થાર રોકવા માટે ચાલકને ચેતવણી આપે છે. જો કે નશાની હાલતમાં થાર ચાલક હોવાથી થાર ભગાવવાનો પ્રયાસ કરે છે. ત્યારૈં વી.સી પરમારે થાર ચાલકને અટકાવવા માટે રિવોલ્વર કાઢી હોવાનું પણ વીડિયોમાં જોવા મળી રહ્યું છે.

